# પાક્કો ગુજરાત

RNI:- GUJGUJ/2016/67425

Date:- 16-09-2026 I VOL : 12 I Issue : 181 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક



**સુવિચાર**
જે વિચારશો, તે જ બનશો. તમારા કર્મો જ તમારો પરિચય છે.


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008



3

ડભોઈમાં 'ખાડારાજ': એસ.ટી. ડેપોથી તાલુકા સેવા સદનનો માર્ગ બિસ્માર

4

DUSU ચૂંટણી પહેલાં મોટો વિવાદ ABVPના પ્રમુખપદના ઉમેદવાર...

6

84 વર્ષની ઉંમરે અમિતાભ બચ્ચને અચાનક નિવૃત્તિ અંગે કરી સ્પષ્ટતા

7

ચીફ કોચ પછી સિલેક્ટરને હટાવવાની તૈયારીમાં પાકિસ્તાન


## અમેરિકાના દબાણમાં સરકારે UPI પર ફીસ વસૂલવાનો રસ્તો ખોલ્યો

# અમેરિકાના દબાણમા સરકારનું સરેન્ડર: રાહુલ

### કોંગ્રેસ નેતાઓએ દાવો કર્યો કે 2000 રૂપિયાથી વધુના મર્ચન્ટ પેમેન્ટ પર ચાર્જ લાગુ પડી શકે છે, ગ્રાહકના ખિસ્સા પર પડશે અસર



નવી દિલ્હી

દેશમાં ડિજિટલ પેમેન્ટનું મુખ્ય સાધન બની ચૂકેલા યુપીઆઈને લઈને રાજકીય વિવાદ શરૂ થઈ ગયો છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કેન્દ્ર સરકાર પર નિશાન સાધતા દાવો કર્યો છે કે સરકારે યુપીઆઈ પર ચાર્જ વસૂલવાનો રસ્તો ખોલી દીધો છે, જેનો આડકતરી રીતે બોજ સામાન્ય જનતા પર પડશે. સોશિયલ મીડિયા પર નિવેદન આપતા કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ દાવો કર્યો હતો કે 2000 રૂપિયાથી વધુના મર્ચન્ટ પેમેન્ટ પર ટ્રાન્ઝેક્શન ફી લાગુ થઈ શકે છે. જો કે આવા વ્યવહારોની સંખ્યા ઓછી છે, પરંતુ કુલ યુપીઆઈ ટ્રાન્ઝેક્શન વેલ્યુમાં તેનો હિસ્સો ઘણો મોટો છે. રાહુલ ગાંધીએ વધુમાં આક્ષેપ કર્યો હતો કે, અમેરિકન પેમેન્ટ કંપનીઓ ભારતની ઝીરો-એમડીઆર (zero-MDR) નીતિનો લાંબા સમયથી વિરોધ કરી રહી હતી અને હવે વર્તમાન સરકાર આ જ અમેરિકન દબાણ સામે ઝૂકી રહી છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પણ સરકાર પર પ્રહાર કરતા પૂછ્યું કે, 'શું એ સાચું છે કે 5000 રૂપિયાના વ્યવહાર પર 25 રૂપિયા અને 10,000 રૂપિયા પર 50 રૂપિયા સુધીની સંભવિત વસૂલાત થઈ શકે છે? જો વેપારીઓ પર વધારાનો આર્થિક બોજ પડશે, તો તેઓ આ ખર્ચ ચીજવસ્તુઓની કિંમતો વધારીને આખરે સામાન્ય ગ્રાહકો પાસેથી જ વસૂલ કરશે.'

---

#### શહઝાદ પૂનાવાલાનો મોટો ધડાકો

## કોઈ મારો વાળ પણ વાંકો નહીં કરી શકે, પીએમ મોદીનું પણ માગી લીધું રાજીનામું

નવી દિલ્હી

ભાજપમાંથી રાજીનામું આપ્યા પછી શહઝાદ પૂનાવાલાનો પાર્ટી પ્રત્યેના આક્રોશ હજુ શમ્યો નથી, ફરીથી પાર્ટીની સાથે પીએમ મોદી અને વિરોધ પક્ષના નેતા પર નિશાન તાકવામાં આવ્યું હતું. શહઝાદ પૂનાવાલાએ ભારતીય જનતા પાર્ટી (ભાજપ)માંથી રાજીનામુ આપી દીધા બાદ ફરી પાર્ટી પર નિશાન સાધ્યું હતું. રાજકારણમાં રાજીનામુ ખરેખર 'ના-રાજીનામું' હોય છે. હવે એક ખાસ મુલાકાતમાં શહઝાદ પૂનાવાલાએ દિલ ખોલીને વાત કરી છે. કોક્રોચ જનતા પાર્ટી અને પેપર લીક આંદોલનને લઈને પણ વાત કરી છે. આ સમયે ભાજપના વ્યવહાર અંગે પણ પ્રતિક્રિયા આપી હતી. હવે આ દરમિયાન તેણે વડા પ્રધાન મોદીને ખરાબ 'આપખુદ શાસક' કહીને રાજીનામુ આપી દેવાની વાત કરી હતી. એક ખાસ મુલાકાતમાં પત્રકારનો જવાબ આપતા શહઝાદ પૂનાવાલાએ કહ્યું હતું કે, મેં ભાજપ પાર્ટી છોડી દીધી છે. હું જે ઈચ્છું તે હું બોલી શકું. ભાજપ મારો કોઈ વાળ પણ વાંકો કરી શકે એમ નથી. છતાં હું કહું છું કે, ભાજપ અન્ય રાજકીય પાર્ટીઓ કરતા સૌથી શ્રેષ્ઠ છે.

## NDAના 3 સાથી પક્ષોએ UCCને સમર્થન આપ્યું: બિહારમાં JDUનો વિરોધ

પટના

NDA ના 3 સાથી પક્ષો તેલુગુ દેશમ પાર્ટી (TDP), શિંદે જૂથની શિવસેના અને હિન્દુસ્તાની આવામ મોરચા (HAM) એ UCC ના સમર્થનની વાત કરી છે. જ્યારે, JDUએ કહ્યું કે તે બિહારમાં UCC લાગુ થવા દેશે નહીં. ખરેખરમાં, ગૃહમંત્રી અમિત શાહે 13 સપ્ટેમ્બરે કહ્યું હતું કે 2029ની લોકસભા ચૂંટણી પહેલા BJP-NDA શાસિત 21 રાજ્યોમાં UCC લાગુ કરી દેવામાં આવશે. હાલમાં દેશમાં 22 રાજ્યોમાં NDAની સરકાર છે. આમાંથી ઉત્તરાખંડમાં જાન્યુઆરી 2025 થી UCC લાગુ છે.

## 2029 લોકસભા ચૂંટણીમાં વધશે પોલિંગ સ્ટેશન, 46% વધુ હશે મતદાન કેન્દ્ર, RTIમાં ખુલાસા

નવી દિલ્હી

RTI હેઠળ માંગવામાં આવેલી જાણકારીમા દેશમાં વોટિંગ મશીનોની સંખ્યા અને 2029મા સામાન્ય ચૂંટણી પહેલા નવા મશીનોની ખરીદીની યોજના સાથે જોડાયેલા સવાલ પૂછ્યા હતા. ચૂંટણી પંચના જવાબથી સંકેત મળે છે કે આગામી લોકસભાને જોતા દેશના મતદાનના માળખાનો વિસ્તાર કરવામા આવી રહ્યો છે. ચૂંટણી પંચ (આયોગ)ના જણાવ્યા અનુસાર, દેશભરમાં 2029ની સામાન્ય ચૂંટણી લગભગ 15.38 લાખ મતદાન મથકો (પોલિંગ સ્ટેશનો) પર યોજાઈ શકે છે. આ સંખ્યા 2024ની લોકસભા ચૂંટણીમાં ઉપયોગમાં લેવાયેલા 10.52 લાખ મતદાન મથકોની સરખામણીએ આશરે 46 ટકા વધુ છે. ચૂંટણી પંચ પાસે કેટલા EVM છે? RTI ના જવાબમાં ચૂંટણી પંચે જણાવ્યું કે તેની પાસે હાલમાં આશરે 30.48 લાખ બેલેટ યુનિટ (BU) અને 21.92 લાખ કંટ્રોલ યુનિટ (CU) ઉપલબ્ધ છે. આ આંકડાઓની સરખામણી જો 2019 ની લોકસભા ચૂંટણી સાથે કરવામાં આવે, તો તે સમયે ચૂંટણી પંચ પાસે આશરે 14.88 લાખ બેલેટ યુનિટ અને 11.30 લાખ કંટ્રોલ યુનિટ હતા. એટલે કે છેલ્લા કેટલાક વર્ષોમાં EVM ના હાલના સ્ટોકમાં નોંધપાત્ર વધારો થયો છે. 2029ની લોકસભા ચૂંટણી પહેલાં ચૂંટણી પંચ આશરે 3.57 લાખ બેલેટ યુનિટ અને 1.25 લાખ કંટ્રોલ યુનિટ ખરીદવાની યોજના બનાવી રહ્યું છે.

---

## "સરકાર તો કોઈ દિવસ ચારો આપતી જ નથી, ઊછીનો લાવીએ છીએ"

# કચ્છના નવાનગર ઘાસચારા માર્કેટથી ગુજરાતના ખેડૂતો અને માલધારીઓની ભયાનક વાસ્તવિકતા!

### પંજાબથી મોંઘા ભાવે ચારો મંગાવવા મજબૂર બન્યા રણપ્રદેશના ખેડૂત-માલધારીઓ; 'વાઈબ્રન્ટ' દાવાઓ વચ્ચે રણકાંઠાના પશુપાલકો દેવાના ડુંગર તળે ગરકાવ!

કચ્છ / અમદાવાદ, (પાક્કો ગુજરાત ન્યૂઝ)

'સરકાર તો કોઈ દિવસ ચારો આપતી જ નથી, વ્યાજે પૈસા લાવીને કે ઊછીનો લાવીને ઢોર સાચવીએ છીએ...' - કચ્છના નવાનગર ઘાસચારા માર્કેટમાં ઊભેલા એક કતરાયેલા માલધારીના આ વેધન બોલ માત્ર એક વ્યક્તિની વેદના નથી, પરંતુ સમગ્ર ગુજરાતના ખેડૂતો અને પશુપાલકોની દયનીય દુર્દશાની કાળજી ભરેલી વાસ્તવિકતા છે. 'મોડેલ સ્ટેટ' અને વિકાસના મોટા મોટા પોકળ દાવાઓ કરતી સરકારના રાજમાં આજે સરહદી જિલ્લા કચ્છનો પશુપાલક અને ખેડૂત પાયમાલીના આરે આવીને ઊભો રહી ગયો છે.

#### હજારો કિલોમીટર દૂર પંજાબથી ઘાસચારો લાવવા ખેડૂતો મજબૂર!

કચ્છના નવાનગર સ્થિત ઘાસચારા માર્કેટમાં આજે સ્થિતિ એવી વિકટ બની છે કે સ્થાનિક સ્તરે ઘાસચારાની કોઈ જ સરકારી વ્યવસ્થા કે ડેપો કાર્યરત નથી. પરિણામે, માલધારીઓ અને ખેડૂતોએ હજારો કિલોમીટર દૂર પંજાબથી મંત્રેલો અને મોંઘા ભાડા ચૂકવીને ઘાસચારો મંગાવવો પડી રહ્યો છે:

આસમાને પહોંચેલા ભાવ: પંજાબથી આવતા ચારાનો પરિવહન ખર્ચ એટલો બધો વધી જાય છે કે સામાન્ય ખેડૂત માટે પોતાના પશુઓને જીવડાડવા લોખંડના ચણા ચાવવા સમાન બની ગયા છે.

દેવાના ડુંગર તળે દબાતા માલધારીઓ: પોતાના અબોલ જીવોને ભૂખ્યા ન મારી શકતા ખેડૂતો વ્યાજે નાણાં લાવીને કે દેવું કરીને ચારો ખરીદવા મજબૂર બન્યા છે.

#### સરકારની ઘોર ઉપેક્ષા: ખેડૂતો અને પશુપાલકો અનાથ!

ગુજરાતનો ખેડૂત અને પશુપાલક જ્યારે કુદરતી આપત્તિઓ, દુષ્કાળ કે ભયાનક ઘાસચારાની અછત સામે ઝઝૂમી રહ્યો હોય છે, ત્યારે સરકાર તરફથી માત્ર કાગળ પરની યોજનાઓ અને જાહેરાતો સિવાય કંઈ જ મળતું નથી. કચ્છ જેવા રણપ્રદેશમાં જ્યાં પશુપાલન જ રોજીરોટીનો મુખ્ય આધાર છે, ત્યાં પણ સમયસર કે પૂરતા પ્રમાણમાં ઘાસ ડેપો શરૂ કરવામાં તંત્ર તદ્દન નિષ્ફળ નીવડ્યું છે.

#### ગુજરાતના ખેડૂતોની આજના સમયની વરવી વાસ્તવિકતા:

ખાતર-બિયારણના ભાવ વધારાથી કમર ભાંગી: એક તરફ ખેતીના સાધનો અને ખાતરના ભાવ આસમાને છે. પોષણક્ષમ ભાવનો અભાવ: પાકના યોગ્ય ભાવ મળતા નથી અને બીજી તરફ પશુપાલનમાં ઘાસચારા માટે વ્યાજે પૈસા લાવવાનો વારો આવ્યો છે. સરકારી સહાય માત્ર કાગળ પર: 'કિસાન સહાય' કે 'ઘાસચારા સહાય'ના મોટા મોટા બોર્ડો વચ્ચે વાસ્તવિકતા એ છે કે ખેડૂતના હાથ ખાલી જ રહે છે.

## ક્યારે જાગશે નફ્ફટ તંત્ર?

**"જે રાષ્ટ્રમાં અબોલ પશુઓ અને તેને સાચવનારો એવો ખેડૂત ભૂખે મરે, તે રાજ્યના વિકાસના મોડેલ પર ધિક્કાર છે." કાગળ પરની સબસિડીઓ અને વાયદાઓથી ખેડૂત કે પશુપાલકનું પેટ ભરાવાનું નથી. જો તાત્કાલિક ધોરણે કચ્છ સહિત સમગ્ર ગુજરાતના પશુપાલકો માટે વ્યાજબી ભાવે અને પૂરતા પ્રમાણમાં ઘાસચારાની સરકારી વ્યવસ્થા ઊભી કરવામાં નહીં આવે, તો આવનારા દિવસોમાં ખેડૂતો અને માલધારીઓ ગાંધીનગર ઘેરીને ઉગ્ર આંદોલનનું બ્યુગલ ફૂંકશે તે નક્કી છે.**

---

## એક નજર...

### ક્રિષ્ના શ્રોફે બ્લેક આઉટફીટમાં ટોન્ડ લેગ કર્યો ફ્લોન્ટ



ક્રિષ્ના શ્રોફે ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર પોતાની લેટેસ્ટ તસવીરો પોસ્ટ કરી છે, જેમાં તે ખૂબ જ હોટ લાગી રહી છે. સામે આવેલી તસવીરમાં તેણે બ્લેક કલરનો ફ્રન્ટ કટ ડ્રેસ પહેર્યો છે, જેમાં ક્રિષ્ના ગ્લેમરસ લાગી રહી છે. ખુલ્લા વાળમાં ક્રિષ્ના શ્રોફ ગોર્જિયસ લાગી રહી છે. તેની તસવીરો ખૂબ પસંદ કરવામાં આવી રહી છે. ક્રિષ્ના શ્રોફ ઈન્સ્ટાગ્રામ પર ખૂબ જ એક્ટિવ રહે છે.

## NEWS TRACK

### ન્યૂયોર્કમાં ભારતીય મૂળની યુવતી ટ્રેન નીચે કપાઈ ગઈ, અડધી રાત્રે તેના ફ્રેન્ડ સાથે ટ્રેક પર બેઠી હતી

અમેરિકાના ન્યૂયોર્કમાં એક અકસ્માતમાં ભારતીય મૂળની યુવતી અને તેના નેપાળી-અમેરિકન મિત્રનું મૃત્યુ થયું. બંનેની ઉંમર 24 વર્ષ હતી. તેઓ લોઅર મેનહટનના એક સબવે સ્ટેશન પર રેલવે ટ્રેક પર બેઠા હતા. આ દરમિયાન ત્યાંથી પસાર થઈ રહેલી ટ્રેને બંનેને કચડી નાખ્યા. સોશિયલ મીડિયા પર સામે આવેલા એક વીડિયોમાં બંને ટ્રેન આવવાના થોડા સેકન્ડ પહેલા ટ્રેક પર શાંતિથી બેઠેલા દેખાઈ રહ્યા છે. મીડિયા રિપોર્ટ અનુસાર, ટ્રેન ઓપરેટરે જણાવ્યું કે તેણે મહિલાને હસતી જોઈ હતી. તે મિત્રને પોતાની તરફ ખેંચી રહી હતી. આ ઘટના સ્પ્રિંગ સ્ટ્રીટ સબવે સ્ટેશનની છે. ન્યૂયોર્ક પોલીસ વિભાગ (NYPD) મુજબ, ન્યૂજર્સીના ડેટનની રહેવાસી મલાઈકા ચિત્રે અને સેરેવિલના રહેવાસી નવમ કૌલ રાત્રે લગભગ 3:15 વાગ્યે ટ્રેક પર હતા. આ દરમિયાન ટ્રેને બંનેને કચડી નાખ્યા હતા. આ દરમિયાન એક રાહદારીએ ઘટનાનો વીડિયો બનાવી લીધો. ટ્રેન ઓપરેટરે જણાવ્યું કે તેણે ઈમરજન્સી બ્રેક લગાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ ટ્રેનને સમયસર રોકી શકાઈ નહીં.

### સિરિયામાં ડીઝલ એક ઝાટકે 40% મોંઘું! જનતા રસ્તા પર ઉતરી, ટાયરો બાળી હાઈવે જામ

વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ વધવાની અસર હવે વિશ્વભરમાં પેટ્રોલિયમ પેદાશો પર જોવા મળી રહી છે. સીરિયામાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં અચાનક મોટો વધારો થતાં જનતાનો રોષ ફાટી નીકળ્યો છે. લોકોએ રસ્તા પર ઉતરીને ભારે વિરોધ પ્રદર્શન શરૂ કર્યા છે, રસ્તાઓ પર ટાયરો સળગાવ્યા છે, અને રાજધાની દમાસ્કસને ઔદ્યોગિક શહેર અલેપ્પો સાથે જોડતા મુખ્ય હાઈવે સહિતના રસ્તાઓ બ્લોક કરી દીધા છે. એક ઝાટકે ડીઝલના ભાવમાં 40% નો વધારો સીરિયા સરકારે શનિવારે ડીઝલની કિંમતમાં 40% નો વધારો કરીને 175 સીરિયાઈ પાઉન્ડ પ્રતિ લીટર કરી દીધી છે. આ કિંમત આશરે 1.32 ડોલર એટલે કે, ભારતીય ચલણ મુજબ આશરે 127 પ્રતિ લીટર થાય છે. દેશની લગભગ 90% વસ્તી ગરીબી રેખા નીચે જીવી રહી છે, ત્યારે આટલો મોટો ભાવવધારો ઝીંકવામાં આવ્યો છે. રશિયા-યુક્રેન અને અન્ય વૈશ્વિક પરિસ્થિતિઓ બાદ ભારતમાં પેટ્રોલ-ડીઝલના દરમાં અત્યાર સુધી માત્ર 8% જેટલો જ વધારો થયો છે.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## રાજસ્થાન સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપને મોટો ઝાટકો

# CM ભજનલાલ, વસુંધરા અને પ્રદેશ પ્રમુખના ગઢમાં જ ભાજપના સૂપડા સાફ!

### 2028ની વિધાનસભા ચૂંટણી પહેલાં જનતાનો મોટો ચમકારો; મુખ્યમંત્રીના હોમ ટાઉન ભરતપુર, ઝાલાવાડ અને પાલીમાં ભાજપને આકરો પરાજય, કોંગ્રેસનો જોરદાર કમબેક!

જયપુર/અમદાવાદ

રાજસ્થાનની સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પરિણામો જાહેર થતાં જ ભારતીય જનતા પાર્ટી (BJP)ના શીર્ષ નેતૃત્વ અને સત્તાના આકાઓને મોટો રાજકીય અરીસો દેખાઈ ગયો છે. રાજ્યમાં ભાજપની સરકાર હોવા છતાં સ્થાનિક સ્વરાજની આ ચૂંટણીઓમાં જનતાએ સત્તાધારી પક્ષને એવો આકરો પાઠ ભણાવ્યો છે કે ખુદ મુખ્યમંત્રીથી લઈને પ્રદેશ અધ્યક્ષ સુધીના તમામ દિગ્ગજોના પોતાના ગઢમાં જ ભાજપનો ધબડકો થયો છે. ૨૦૨૮ની વિધાનસભા ચૂંટણી પહેલાં જનતાએ સરકારની કામગીરી અને નીતિઓ સામે પોતાનો સ્પષ્ટ અને આકરો મિજાજ બતાવી દીધો છે.



આ ચૂંટણી પરિણામોમાં સૌથી ચોંકાવનારી બાબત એ રહી છે કે ભાજપના જે નેતાઓ સમગ્ર રાજ્યમાં પાર્ટીનો ચહેરો છે, તેઓ પોતાના જ વિસ્તારોમાં પાર્ટીને જીતાડી શક્યા નથી:

મુખ્યમંત્રી ભજનલાલ શર્મા (ભરતપુર): મુખ્યમંત્રીના પોતાના ગૃહ જિલ્લા ભરતપુરમાં જ ભાજપને અપેક્ષિત સફળતા મળી નથી અને ભારે નિરાશા સાંપડી છે.

પૂર્વ CM વસુંધરા રાજે (ઝાલાવાડ): વસુંધરા રાજેના વર્ચસ્વ વાળા ઝાલાવાડ ક્ષેત્રમાં પણ ભાજપનો પરાજય થયો છે. પ્રદેશ અધ્યક્ષ મદન રાઠોડ (પાલી): ભાજપ પ્રદેશ પ્રમુખના પોતાના હોમ ગ્રાઉન્ડ પાલીમાં પણ પાર્ટી કથળી ગઈ છે.

રાજસ્થાનના મોટા અને રાજકીય રીતે અતિ મહત્વપૂર્ણ શહેરોમાં ભાજપના ગણિત સાવ ઊંધા પડી ગયા છે: જોધપુર: જોધપુરમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે કાંટાની ટક્કર જોવા મળી છે, જ્યાં બંને પક્ષોને ૪૪-૪૪ બેઠકો મળી છે. સત્તામાં હોવા છતાં ભાજપ અહીં સ્પષ્ટ બહુમતી મેળવવામાં અસફળ રહ્યું છે.

બિકાનેર: બિકાનેરમાં તો કોંગ્રેસે ભાજપને બરાબરનું ભોંય ભેગું કર્યું છે. અહીં કોંગ્રેસે ૪૨ બેઠકો પર ભવ્ય વિજય મેળવ્યો છે, જ્યારે સત્તાધારી ભાજપ માત્ર ૨૭ બેઠકો પર જ સિમિત રહી ગયું છે.

સ્થાનિક સ્વરાજની ચૂંટણીના આ પરિણામો માત્ર સ્થાનિક જીત કે હાર નથી, પરંતુ રાજ્યની ભાજપ સરકાર માટે 'વેક-અપ કોલ' અને જનતાનો ચોખ્ખો ચુકાદો છે. સ્થાનિક સ્તરે વિકાસ કાર્યોની ધીમી ગતિ, પ્રશાસનિક નિષ્ફળતાઓ અને નેતાઓની જૂથબંધીને કારણે જનતામાં ભારે અસંતોષ છે તે આ પરિણામો પરથી સાબિત થઈ ગયું છે. જો ભાજપ હજુ પણ આ પરિણામોમાંથી પાઠ નહીં શીખે, તો ૨૦૨૮માં સત્તા ગુમાવવાનો વારો આવશે તેવા સંકેતો અત્યારથી જ મળી રહ્યા છે.

## ગોધરામાં ખનીજ માફિયાઓનો ખૌફનાક આતંક: કાયદાના રક્ષક મામલતદારની ટીમ પર જીવલેણ હુમલો

ગોધરા

પંચમહાલ જિલ્લાના મુખ્ય મથક ગોધરામાં બેફામ બનેલા ખનીજ માફિયાઓની હિંમત એટલી વધી ગઈ છે કે હવે તેઓ સરકારી અધિકારીઓ કે કાયદાના ડર વગર સરેઆમ હુમલા કરવા પર ઉતરી આવ્યા છે. ગોધરા તાલુકામાં ગેરકાયદેસર ખનન અને વહન સામે કાર્યવાહી કરવા ગયેલી મામલતદાર અને તેમની ટીમ પર ખનીજ માફિયાઓએ કાળમુખો હુમલો કરી સરકારી કામગીરીમાં ગંભીર અડચણ ઊભી કરી હતી. આ સનસનાટીભરી ઘટના બાદ એક્શનમાં આવેલી ગોધરા પોલીસે કડક કાર્યવાહી કરીને હુમલો કરનાર પાંચ આરોપીઓને દબોચી લીધા છે.

મળતી વિગતો મુજબ, ગોધરા વિસ્તારમાં ગેરકાયદેસર ખનીજ ચોરી થતી હોવાની માહિતીના આધારે મામલતદારની ટીમે રેડ પાડી હતી. સરકારી અધિકારીઓ પોતાની ફરજ બજાવીને ગેરકાયદે ખનન ઝડપી રહ્યા હતા ત્યારે જ માથાભારે ખનીજ માફિયાઓનું ટોળું સ્થળ પર ધસી આવ્યું હતું. આરોપીઓએ કાયદાનો કોઈ પણ ભય રાખ્યા વિના મામલતદારની ટીમ સાથે ઉગ્ર બબાલ કરી હતી અને ટીમ પર જીવલેણ હુમલો આચરી દીધો હતો. સરકારી વાહનો અને અધિકારીઓને ઘેરીને કામગીરી અટકાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

મામલતદારની ટીમ પર હુમલાની ઘટનાની જાણ થતાં જ પોલીસ બેડામાં ભારે દોડધામ મચી ગઈ હતી. પંચમહાલ પોલીસના ઉચ્ચ અધિકારીઓના આદેશથી પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે અને આસપાસના વિસ્તારોમાં દરોડા પાડીને ગુનામાં સંડોવાયેલા પાંચ માથાભારે આરોપીઓની ધરપકડ કરી લીધી છે.

## ખેડા SOGનો સપાટો: રદ થયેલી 500ના દરની 1835 ચલણી નોટો સાથે બે આરોપીઓ ઝબ્બે, એક વોન્ટેડ!

નડિયાદ

ખેડા જિલ્લા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG)ની ટીમે ગેરકાયદેસર અને રદ થયેલા ભારતીય ચલણની હેરફેર કે વેચાણ કરતા તત્વો સામે મોટી કાર્યવાહી કરી છે.

ભારત સરકાર દ્વારા વર્ષો પહેલાં ચાલુ ચલણમાંથી રદ કરવામાં આવેલી ૫૦૦ના દરની જૂની ચલણી નોટોના મોટો જથ્થા સાથે બે આરોપીઓને ખેડા SOGની ટીમે ઝડપી પાડ્યા છે. પોલીસે આરોપીઓ પાસેથી રદ થયેલી નોટો અને અન્ય સામાન મળીને કુલ ૫૦,૦૦૦/-નો મુદ્દામાલ કબજે કરી કાનૂની કાર્યવાહી હાથ ધરી છે. SOG ખેડાની ટીમને મળેલી ચોક્કસ બાતમીના આધારે નડિયાદ શહેરમાં દરોડો પાડીને દબોચી લેવાયેલા આરોપીઓ પાસેથી રદ થયેલી ૫૦૦ની કુલ ૧૮૩૫ નંગ ચલણી નોટો મળી આવી હતી. સરકાર દ્વારા આ નોટો બેન કરવામાં આવી હોવા છતાં આ શખ્સો કયા હેતુથી અને કોને પધરાવવા માટે આ નોટોનો જથ્થો રાખીને બેઠા હતા તે અંગે પોલીસે ઊંડાણપૂર્વકની પૂછપરછ શરૂ કરી છે. પકડાયેલા આરોપીઓ વિગત: ૧. રાહુલ ઉર્ફે રવી પીયુષભાઈ ભાટીયા (ઉં.વ.૨૭, રહે. બુટ શેરી, લખાવાડ, નડીયાદ) ૨. તપન ઉર્ફે તપલો દિનેશભાઈ ધામી (ઉં.વ.૨૭, રહે. કૃષ્ણકુંજ, મારૂતી શરણમ, સમોસાના ખાંચામાં, નડીયાદ). આ ગેરકાયદે નોટોના નેટવર્કમાં સામેલ ત્રીજો આરોપી રાહુલ રાઠોડ (રહે. તારાપુર) હાલ પોલીસ પકડથી દૂર ભાગતો ફરી રહ્યો છે.

## ભક્તોના આક્રોશ વચ્ચે દર્શન બંધ કરાયા!

# વરાછામાં મહાપાપ: જગદીશ મહાદેવ મંદિરમાં ગટરનું ગંદુ પાણી શિવલિંગ સુધી પહોંચ્યું

સુરત

ડાયમંડ સિટી સુરતના વરાછા વિસ્તારમાંથી ધાર્મિક આસ્થા અને પાલિકા તંત્રની બેદરકારીને શરમમાં મૂકતી એક અત્યંત શરમજનક અને આક્રોશજનક ઘટના સામે આવી છે. વરાછામાં આવેલા ઐતિહાસિક અને શ્રદ્ધાના કેન્દ્ર સમાન જગદીશ મહાદેવ મંદિરમાં ગટરનું ગંદુ અને દુર્ગંધયુક્ત પાણી ઘૂસી જતાં શિવલિંગ સુધી પહોંચી ગયું હતું. પવિત્ર શિવલિંગ સુધી ગટરનું પાણી ફરી વળતાં મંદિરના પૂજારી અને ટ્રસ્ટીઓ દ્વારા તાત્કાલિક અસરથી ભક્તો માટે દર્શન સંપૂર્ણપણે બંધ કરી દેવાની ફરજ પડી છે. આ ઘટના વાયુવેગે પ્રસરતાં સ્થાનિક હિન્દુ સંગઠનો અને ભક્તોમાં પ્રચંડ આક્રોશ ફાટી નીકળ્યો છે.



સ્થાનિક રહેવાસીઓ અને ભક્તોના જણાવ્યા મુજબ, વરાછા વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી ડ્રેનેજ લાઈનો ઉભરાવાની ગંભીર સમસ્યા ચાલી રહી હતી. આ અંગે સુરત મહાનગરપાલિકાના વરાછા ઝોનમાં વારંવાર રજૂઆતો અને ફરિયાદો કરવા છતાં નિદ્રાધીન તંત્રના પેટનું પાણી હલ્યું નહોતું. તંત્રની આ જ નફ્ફટાઈ અને ઘોર બેદરકારીના કારણે ગટરની મુખ્ય લાઈન બેક મારતાં ગંદુ પાણી રોડ પરથી સીધું મંદિરના ગર્ભગૃહ સુધી પહોંચી ગયું હતું. મંદિરમાં સવાર-સાંજ હજારો ભક્તો પૂજા-અર્ચના અને મહાદેવના અભિષેક માટે આવતા હોય છે. પરંતુ આજે સવારે જ્યારે ભક્તો દર્શનાર્થે પહોંચ્યા ત્યારે મંદિરનું ગર્ભગૃહ ગટરના ગંદા પાણીથી ભરેલું હતું અને સ્વયંભૂ શિવલિંગ ગંદકીમાં ગરકાવ થયેલું જોવા મળ્યું હતું. મંદિરના પવિત્ર વાતાવરણમાં દુર્ગંધ ફેલાઈ જતાં વહીવટકર્તાઓએ નાછૂટકે મુખ્ય દરવાજો બંધ કરી દર્શન સ્થગિત કરી દીધા હતા. પોતાના ઈષ્ટદેવના સ્થાનકની આ દુરવસ્થા જોઈને અનેક શ્રદ્ધાળુઓની આંખોમાં આંસુ આવી ગયા હતા.

## સેક્ટર 27માં વિદ્યાર્થીઓ રોડ પર ઉતર્યા

# ગાંધીનગરમાં IIT કેમ્પસમાં અસામાજિક તત્વોનો આતંક

ગાંધીનગર

રાજ્યની રાજધાની ગાંધીનગરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તેમજ શૈક્ષણિક સંસ્થાઓની સુરક્ષા સામે ગંભીર સવાલો ઊભા કરતી એક અત્યંત ચોંકાવનારી અને સનસનાટીભરી ઘટના સામે આવી છે. ગાંધીનગરના સેક્ટર 27 ખાતે આવેલી IIT કોલેજના કેમ્પસમાં ગત મોડી રાત્રે અસામાજિક તત્વોએ ઘૂસીને ભારે ઉત્પાત અને આતંક મચાવ્યો હોવાના સમાચાર વહેતા થતાં જ ચકચાર મચી ગઈ છે. આ ઘટનાના વિરોધમાં અને પોતાની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સોમવાર સવારથી જ સેંકડો વિદ્યાર્થીઓ કોલેજ પરિસરમાં ધરણા પર બેસી ગયા છે.

મળતી વિગતો મુજબ, ગઈકાલે મોડી રાત્રે કેટલાક માથાભારે અને અસામાજિક તત્વોએ સેક્ટર 27 સ્થિત IIT હોસ્ટેલ પરિસરમાં ગેરકાયદેસર પ્રવેશ કર્યો હતો. હોસ્ટેલના શાંત વાતાવરણમાં આ તત્વોએ વિદ્યાર્થીઓ સાથે ગાળાગાળી કરીને દાદાગીરી આચરી હતી અને ભયનો માહોલ ઊભો કર્યો હતો. રાજ્યની અતિ ઉચ્ચ કક્ષાની અને વિશિષ્ટ શૈક્ષણિક સંસ્થાની હોસ્ટેલમાં અજાણ્યા તત્વો આ રીતે ઘૂસીને આતંક મચાવે તે ઘટનાએ સુરક્ષા એજન્સીઓ અને સિક્યોરિટી તંત્રના ધજાગરા ઉડાડી દીધા છે.

## ખાખી પર કાળમુખો હુમલો : નવસારીમાં પોલીસકર્મી પર તલવાર અને ડંડા વડે જીવલેણ હુમલો

નવસારી

નવસારી શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને ખુલ્લો પડકાર ફેંકતી એક અત્યંત સનસનાટીભરી અને હૃદયકંપાવનારી ઘટના સામે આવી છે. કાયદાના રક્ષક ગણાતા પોલીસકર્મી પર જ અસામાજિક તત્વોએ સરેઆમ રસ્તા પર જીવલેણ હુમલો કરી દીધો છે. ૧૫ દિવસ પહેલાં એક નિર્દોષ યુવકનો જીવ બચાવવાની કિંમત આ પોલીસકર્મીએ પોતાના લોહીથી ચૂકવવી પડી છે. હુમલાખોરોએ અદાવત રાખીને પોલીસકર્મીને રસ્તામાં આંતરી તલવાર અને ડંડા વડે ઘાતક હુમલો કરી ગંભીર રીતે ઈજાગ્રસ્ત કર્યા છે. મળતી વિગતો મુજબ, પીડિત પોલીસકર્મીએ આશરે ૧૫ દિવસ પહેલાં કેટલાક માથાભારે હુમલાખોરોના પંજામાંથી એક યુવકને છોડાવીને તેનો જીવ બચાવ્યો હતો. આ જ બાબતનો ખાર રાખીને આરોપીઓ પોલીસકર્મી સાથે વેર વાળી રહ્યા હતા. કાયદાનું પાલન કરાવનાર અને નિર્દોષની મદદ કરનાર પોલીસકર્મી સામે હુમલાખોરોએ અંદરથી અદાવત ઉછેરી હતી અને તકની રાહ જોઈ રહ્યા હતા.

પોલીસકર્મી જ્યારે રસ્તા પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે પૂર્વઆયોજિત કાવતરાના ભાગરૂપે હુમલાખોરોએ તેમનો રસ્તો રોકી લીધો હતો.

## આ રહ્યો નંગ, ઉતારો વિડીયો!'

# ગાંધીના ગુજરાતમાં દારૂબંધીના લીરેલીરા ઉડાડતો ચોંકાવનારો વાયરલ વિડીયો!

અમદાવાદ

રાજ્યમાં કાગળ પર ચાલતી દારૂબંધી અને ગૃહ વિભાગના 'ઝીરો ટોલરન્સ'ના મોટા મોટા દાવાઓ વચ્ચે દારૂબંધીના લીરેલીરા ઉડાડતો એક અત્યંત ચોંકાવનારો અને શરમજનક વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં ચકચાર મચી ગઈ છે. અવારનવાર કરોડો રૂપિયાનો વિદેશી દારૂ પકડાવાની ઘટનાઓ વચ્ચે હવે મહિલાઓ અને યુવતીઓ પણ ખુલ્લેઆમ દારૂની હેરાફેરી અને વેચાણમાં ઉતરી પડી હોય તેવા વરવા દ્રશ્યો સામે આવ્યા છે. વાયરલ વિડીયોમાં એક યુવતી કોઈ પણ જાતના ડર વગર પોતાના ટુ-વ્હીલરમાંથી દારૂની બોટલ કાઢીને સામે કેમેરા ધરી રહેલા લોકોને કહેતી સંભળાય છે કે, 'આ રહ્યો નંગ, ઉતારો વિડીયો!'

વાયરલ થયેલી વિડીયો ક્લિપમાં યુવતી જે રીતે બિન્ધાસ્ત અને બેફિકર અંદાજમાં પોતાની ટુ-વ્હીલરની ડીકીમાંથી દારૂની બોટલ કાઢીને પ્રદર્શન કરી રહી છે, તે જોઈને સામાન્ય નાગરિકો પણ



આશ્ચર્યચકિત થઈ ગયા છે. વિડીયોમાં યુવતીના ચહેરા પર ના તો કાયદાનો કોઈ ખોફ દેખાય છે ના તો પોલીસ કાર્યવાહીનો ડર. 'આ રહ્યો નંગ, ઉતારો વિડીયો' કહીને તેણે જાણે આખા પોલીસ તંત્ર અને રાજ્યના દારૂબંધીના કાયદાને ખુલ્લો પડકાર ફેંકી દીધો છે. આ વાયરલ વિડીયો બાદ રાજ્યની દારૂબંધી નીતિ સામે ફરી એકવાર અનેક ગંભીર સવાલો ઊભા થયા છે: બુટલેગરોમાં કાયદાનો ડર ક્યાં?: સ્થાનિક પોલીસ અને હપ્તાખોરીના લીધે બુટલેગરો અને દારૂની હેરાફેરી કરનારા તત્વો આટલા બેફામ બન્યા છે? ખાખીની શાખ પર સવાલ: જ્યારે સરેઆમ રસ્તા પર યુવતીઓ આ રીતે દારૂની બોટલો કાઢીને વિડીયો શૂટ કરાવવાની હિંમત કરતી હોય, ત્યારે સ્થાનિક પોલીસનું સર્વેલન્સ શું કરી રહ્યું છે? જો કે, સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહેલો આ વિડીયો ગુજરાતના કયા ચોક્કસ શહેર કે જિલ્લાનો છે અને ક્યારનો છે તે હજુ સુધી સત્તાવાર રીતે જાણી શકાયું નથી.

## અંબાજી ભાદરવી પૂનમ મહામેળો 2026

# નારી શક્તિના હસ્તે 40 લાખ મોહનથાળ પેકેટના નિર્માણનો મંગળારંભ!

### 35 લાખથી વધુ માઈભક્તોના આગમનની ભવ્ય સંભાવના વચ્ચે વહીવટી તંત્ર સજ્જ; સ્વચ્છતા, શુદ્ધતા અને ગૌરવ સાથે પ્રસાદ નિર્માણ કાર્ય પૂરજોશમાં!

અંબાજી

પ્રસિદ્ધ યાત્રાધામ અને પવિત્ર શક્તિપીઠ અંબાજી ખાતે આગામી ૨૦ થી ૨૬ સપ્ટેમ્બર દરમિયાન યોજાનારા આસ્થાના મહાકુંભ સમાન 'ભાદરવી પૂનમ મહામેળા-૨૦૨૬' માટે વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. આ વર્ષે મેળો નિર્વિઘ્ને અને દિવ્ય રીતે સંપન્ન થાય તે માટે બનાસકાંઠા જિલ્લા કલેક્ટર અને શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન મિહિર પટેલના માર્ગદર્શન હેઠળ મા અંબાના અતિ પ્રિય એવા મોહનથાળ પ્રસાદ નિર્માણનો મંગળારંભ કરવામાં આવ્યો છે.

આ વખતના મહામેળાની સૌથી વિશેષ અને પ્રશંસનીય બાબત એ રહી કે પ્રસાદ નિર્માણ કાર્યનો પ્રારંભ 'નારી શક્તિ'ના હસ્તે કરાવવામાં આવ્યો છે. સફાઈ યોદ્ધા પિન્કીબેન સોલંકી સહિત અન્ય મહિલા સફાઈ કર્મચારીઓ અને મહિલા અધિકારીઓને આ પવિત્ર મંગળ કાર્યમાં જોડીને તેમનું ગૌરવ વધારવામાં આવ્યું છે. આ તકે મહિલા સફાઈ યોદ્ધાઓએ અત્યંત હર્ષ અને આનંદ વ્યક્ત કરતાં સમગ્ર મેળા દરમિયાન



પૂર્ણ નિષ્ઠા, શુદ્ધતા અને સ્વચ્છતા સાથે મા અંબાના ભક્તોની સેવા કરવાની મક્કમ પ્રતિબદ્ધતા દર્શાવી હતી. ગુજરાત ઉપરાંત દેશ-વિદેશમાંથી ૩૫ લાખથી વધુ પદયાત્રીઓ અને શ્રદ્ધાળુઓ અંબાજી દર્શનાર્થે ઉમટી પડે તેવી શક્યતા છે. ભક્તોને પ્રસાદની કોઈ અછત ન સર્જાય તે માટે વહીવટી તંત્રે વિશાળ લક્ષ્યાંક નિર્ધારિત કર્યો છે: કુલ લક્ષ્યાંક: અંદાજે ૪૦ લાખ મોહનથાળ પ્રસાદના પેકેટ. કુલ ઘાણ: સમગ્ર મેળા દરમિયાન આશરે ૧૦૦૦ ઘાણ તૈયાર કરાશે. એક ઘાણ સામગ્રી: ૧૦૦ કિલો ખાંડ, ૨૦૦ કિલો બેસન (ચણાનો લોટ), ૭૬.૫ કિલોથી વધુ શુદ્ધ દેશી ઘી અને ૨૦૦ ગ્રામ ઈલાયચી.

## ખેતરના ટોટા કાપ્યાની શંકાએ મહિલાના ઘરમાં ઘૂસી હુમલો

નર્મદા

તિલકવાડા તાલુકાના ઝાઝપુરા ગામે ખેતરના ટોટા કાપી નાખ્યાની શંકા રાખી 55 વર્ષીય મહિલા સાથે ગાળાગાળી કરી તેના ઘરમાં ઘૂસી હુમલો કર્યાનો બનાવ સામે આવ્યો છે. મહિલાના બ્લાઉઝ અને વાળ પકડી બહાર ખેંચી લાવી માર મારવામાં આવ્યો હોવાની તેમજ અશ્લીલ ચેનચાળા અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ થતાં તિલકવાડા પોલીસે છ વ્યક્તિ સામે ગુનો નોંધ્યો છે.

ફરિયાદ મુજબ, આરોપીઓ ખેતરના ટોટા કાપી નાખવા અંગે મહિલાને શંકાની નજરે જોતા હતા અને છેલ્લા કેટલાક દિવસથી ગાળો બોલતા હતા. બનાવના દિવસે એક મહિલા આરોપી ફરિયાદીના ઘરના આંગણામાં આવી ગાળો બોલતાં ફરિયાદીએ ગાળો બોલવાની ના પાડી હતી. ત્યારબાદ અન્ય આરોપીઓને બોલાવી તમામે એકસંપ કરી ઘરમાં પ્રવેશ કર્યો હતો.

ફરિયાદમાં આક્ષેપ છે કે એક આરોપીએ મહિલાનું બ્લાઉઝ પકડી લીધું, બીજાએ વાળ પકડી તેને ઘરની બહાર ખેંચી લાવી હતી, જ્યારે અન્ય આરોપીએ બંને હાથ પકડી રાખ્યા હતા. ત્યારબાદ મહિલાને લાત મારવામાં આવી.

## UPI વ્યવહારો પર ફી મુદ્દે કોંગ્રેસના કેન્દ્ર સરકાર પર પ્રહારો: 'કેશલેસ ભારતથી લૂંટ સુધીની સફર'

### ₹2,000થી વધુના ચુકવણા પર ચાર્જ વસૂલવાની ચર્ચા સામે વિપક્ષનો હોબાળો; ગેરવસૂલી અને ઉદ્યોગપતિઓને ફાયદો કરાવવાના કોંગ્રેસે લગાવ્યા ગંભીર આક્ષેપો.

અમદાવાદ

કેન્દ્ર સરકાર દ્વારા રૂ. 2,000થી વધુના યુપીઆઈ (UPI) વ્યવહારો પર સંભવિત ફી અને મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR)ની જોગવાઈને લઈને દેશભરમાં રાજકીય ગરમાવો આવી ગયો છે. કોંગ્રેસ પાર્ટીએ આ મુદ્દે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર આકરા પ્રહારો કરતા ભાજપ સરકારને આડે હાથ લીધી છે. કોંગ્રેસે દાવો કર્યો છે કે, સામાન્ય નાગરિકો અને ગ્રાહકો પાસેથી પૈસા પડાવવા માટે સરકારે આ નવી યોજના તૈયાર કરી છે.

કોંગ્રેસની પોસ્ટ મુજબ, સરકાર દ્વારા 2,000થી વધુના દરેક UPI પેમેન્ટ પર 0.3% થી 0.5% સુધીનો ચાર્જ વસૂલવાની તૈયારીઓ ચાલી રહી છે. આનો સીધો હિસાબ આપતા વિપક્ષે જણાવ્યું છે કે, જો કોઈ નાગરિક 5,000ની ખરીદી કરે છે તો તેણે 25 અને 10,000ની ખરીદી પર 50 સુધીનો વધારાનો ચાર્જ ચૂકવવો પડી શકે છે. પહેલા જે ડિજિટલ વ્યવહારો તદ્દન મફત હતા, તેના પર હવે સરકારે સીધો કે આડકતરો ટેક્સ ઝીંકવાની શરૂઆત કરી દીધી હોવાનો આરોપ લગાવવામાં આવ્યો છે.

કોંગ્રેસે કેન્દ્ર સરકારની નીતિઓ સામે સવાલો ઊભા કરતા કહ્યું કે, શરૂઆતમાં સરકારે 'કેશલેસ ઈન્ડિયા'નું ગુલાબી સપનું બતાવ્યું અને દેશની જનતાને ડિજિટલ પેમેન્ટ અને UPI તરફ વાળ્યા. પરંતુ હવે જ્યારે આખી જનતા UPI પર નિર્ભર થઈ ગઈ છે, ત્યારે વસૂલાત અને લૂંટનો આ ખેલ શરૂ કરવામાં આવ્યો છે. વિપક્ષનો ગંભીર આક્ષેપ છે કે આ સરકાર સામાન્ય પ્રજાની નથી પરંતુ ગણ્યા-ગાંઠ્યા ઉદ્યોગપતિઓ અને કોર્પોરેટ્સની છે, અને સરકાર તેમના લાભ માટે કામ કરી રહી છે.

આ સમગ્ર મામલે હવે પ્રજાના મનમાં પણ અનેક તીખા સવાલો ઊભા થઈ રહ્યા છે.

શું પોતાની મહેનતના પૈસા ટ્રાન્સફર કરવા કે ખરીદી કરવા માટે પણ જનતાએ દર વખતે 30 થી 50 નો વધારાનો ટેક્સ આપવો પડશે?

### સરકારી બાબુઓની આંખ સામે જ જનતા ત્રાહિમામ!

# ડભોઈમાં 'ખાડારાજ': S.T. ડેપોથી તાલુકા સેવા સદનનો માર્ગ બિસ્માર

## સરકારી કચેરીઓ નજીક હોવા છતાં તંત્ર ઘોર બેદરકાર, અકસ્માત અને વાહનોના નુકસાનથી સ્થાનિકોમાં ઉગ્ર રોષ

ડભોઈ

ડભોઈ નગરપાલિકા વિસ્તારમાં આવેલા મુખ્ય અને અતિ વ્યસ્ત એવા એસ.ટી. ડેપોથી લઈને ડભોઈ તાલુકા સેવા સદન સુધીના મુખ્ય માર્ગની ત અત્યંત બિસ્માર અને દયનીય બની ગઈ છે. આ સમગ્ર માર્ગ પર ઠેર-ઠેર મસમોટા ખાડાઓનું સામ્રાજ્ય સ્થપાયું છે, જેના કારણે માર્ગ પરથી પસાર થવું એ વાહનચાલકો માટે મોતને મુઠ્ઠીમાં લઈને ચાલવા સમાન બની ગયું છે. આટલી ગંભીર સ્થિતિ હોવા છતાં નગરપાલિકા તંત્ર દ્વારા ખાડા પૂરવાની સામાન્ય કામગીરી પણ હાથ ધરવામાં ન આવતા નગરજનોમાં ભારે આક્રોશ ભભૂકી ઉઠ્યો છે.



સૌથી ચોંકાવનારી અને શરમજનક બાબત તો એ છે કે આ બિસ્માર માર્ગની આસપાસ જ ડભોઈ તાલુકા સેવા સદન, નગરપાલિકા અને માર્ગ અને મકાન વિભાગ (R&B) જેવી મહત્વપૂર્ણ સરકારી કચેરીઓ આવેલી છે. રોજેરોજ ઉચ્ચ અધિકારીઓ, સરકારી બાબુઓ અને નેતાઓ આ જ માર્ગ પરથી મોંઘીદાટ ગાડીઓમાં પસાર થાય છે. તેમ છતાં તેમની આંખ સામે રહેલા આ જીવલેણ ખાડાઓ કેમ નજરે ચડતા નથી? શું અધિકારીઓ કોઈ મોટી જાનહાનિની રાહ જોઈ રહ્યા છે? તેવા અણીયારા સવાલો સ્થાનિક જનતા પૂછી રહી છે.

માર્ગ પર પડેલા ઊંડા ખાડાઓને કારણે ટુ-વ્હીલર, ઓટોરિક્ષા અને ફોર-વ્હીલર ચાલકો ત્રાહિમામ પોકારી ગયા છે. ખાડાઓના કારણે વાહનો વારંવાર પંચર થવા, સોકર તૂટી જવા અને અન્ય સ્પેરપાર્ટ્સમાં ભારે નુકસાન થવાની ફરિયાદો રોજેરોજ સામે આવી રહી છે. પ્રજાના પરસેવાના કમાયેલા નાણાં વાહનોના મેન્ટેનન્સ પાછળ વેડફાઈ રહ્યા છે.

ખાડાઓથી બચવા માટે વાહનચાલકો અચાનક બ્રેક મારે છે અથવા ગાડી વળાંક લે છે, જેના કારણે રોજિંદા ધોરણે નાના-મોટા અકસ્માતો સર્જાઈ રહ્યા છે. ખાસ કરીને રાત્રિના સમયે પૂરતા અજવાળાના અભાવે વાહનચાલકો અને રાહદારીઓ આ ઊંડા ખાડાઓમાં ખાબકી રહ્યા છે. આ ઉપરાંત, તાલુકા સેવા સદન ખાતે રોજબરોજ વિવિધ કામગીરી અર્થે આવતા અરજદારો, વૃદ્ધો, દિવ્યાંગો અને ખાસ કરીને સગર્ભા મહિલાઓને આ ઝાટકાભર્યા રસ્તા પરથી પસાર થતી વખતે અસહ્ય પીડા અને હાલાકી ભોગવવી પડી રહી છે.

હાલ તો ડભોઈના જાગૃત નગરજનો એક જ સવાલ પૂછી રહ્યા છે કે કુંભકર્ણની નિંદ્રામાં પોઢેલું પાલિકા તંત્ર ક્યારે જાગશે? આ રસ્તાનું સમારકામ ક્યારે થશે અને જનતાને આ યાતનામાંથી મુક્તિ ક્યારે મળશે? સ્થાનિક રહીશો અને વાહનચાલકોની ઉગ્ર માગણી છે કે કોઈ મોટો ગંભીર અકસ્માત સર્જાય કે કોઈનો જીવ જાય તે પહેલાં તંત્ર તાત્કાલિક ધોરણે આ માર્ગ પર યુદ્ધના ધોરણે ડામર પેચવર્ક અથવા તો મજબૂત રસ્તાનું સમારકામ પૂર્ણ કરે, અન્યથા આગામી દિવસોમાં સ્થાનિકો દ્વારા વિરોધ પ્રદર્શન કરવાની ફરજ પડશે.

## ખાખી વર્દી પાછળનું દર્દ : ગાંધીનગરમાં મહિલા પોલીસ કોન્સ્ટેબલે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી!

ગાંધીનગર

પાટનગર ગાંધીનગરના શાંત ગણાતા સેક્ટર-3D વિસ્તારમાંથી એક અત્યંત ચોંકાવનારી અને કાળજું કંપાવી દે તેવી ઘટના સામે આવી છે. અમદાવાદના શાહીબાગ પોલીસ હેડક્વાર્ટર્સ ખાતે ફરજ બજાવતા ૨૮ વર્ષીય મહિલા પોલીસ કોન્સ્ટેબલ જ્હાનવીબેન ડાભીએ પોતાના નિવાસસ્થાને પંખે લટકીને જીવનલીલા ટૂંકાવી લીધી છે. સોશિયલ મીડિયા પર સક્રિય અને હજારો ફોલોઅર્સ ધરાવતા એક યુવાન અને ઉર્જાવંત મહિલા કર્મચારીના આ રીતે અચાનક આપઘાત કરી લેવાના પગલે સમગ્ર ગુજરાત પોલીસ બેડામાં ભારે અરેરાટી અને શોકની કાલિમા છવાઈ ગઈ છે. મળતી વિગતો મુજબ, સેક્ટર-3D ખાતે આવેલા મકાનનો દરવાજો લાંબા સમયથી બંધ હતો. દરમિયાન, મકાનમાંથી તીવ્ર દુર્ગંધ આવવાનું શરૂ થતાં આસપાસના સ્થાનિક રહીશોને શંકા ગઈ હતી. આડોશી-પાડોશીએ તુરંત જ આ અંગે સેક્ટર-૭ પોલીસ સ્ટેશનને જાણ કરી હતી. બનાવની ગંભીરતાને ધ્યાને લઈને સેક્ટર-૭ પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસ ટીમે સ્થાનિકોની હાજરીમાં બંધ મકાનનો દરવાજો તોડીને અંદર પ્રવેશ કર્યો ત્યારે સામે રહેલું દ્રશ્ય જોઈને સૌ કોઈ સ્તબ્ધ થઈ ગયા હતા. મહિલા કોન્સ્ટેબલ જ્હાનવીબેન ડાભીનો મૃતદેહ પંખા સાથે લટકતી હાલતમાં મળી આવ્યો હતો. મૃતદેહ ડીકંપોઝ (ડીકે) થવાની હાલતમાં હોવાથી આપઘાત બે-ત્રણ દિવસ પહેલાં કર્યો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## મહેશ વસાવાએ આદિવાસી હકો અને અલગ ભીલ પ્રદેશની માંગ કરી : બંધારણની 5મી અનુસૂચિ અંતર્ગત જળ, જંગલ, જમીન પર ગ્રામસભાના અધિકાર પર ભાર મૂક્યો

ભરૂચ, રંગુની જાકીર

પૂર્વ ધારાસભ્ય અને આદિવાસી નેતા મહેશ છોટુભાઈ વસાવાએ આદિવાસી સમાજના હકો અને અલગ 'ભીલ પ્રદેશ'ની માંગ કરી છે. તેમણે ભારતીય બંધારણની પાંચમી અનુસૂચિ અંતર્ગત આદિવાસીઓને મળેલા ખાસ અધિકારો પર ભાર મૂક્યો હતો.

મહેશ વસાવાએ જણાવ્યું કે, પરંપરાગત ગ્રામસભાઓ દ્વારા આદિવાસી વિસ્તારોમાં જળ, જંગલ અને જમીન પર પૂરો અધિકાર છે. કોઈ ખાનગી વ્યક્તિ કે સરકારી તંત્ર પણ ગ્રામસભાની મંજૂરી કે ઠરાવ વગર જમીનો મેળવી શકતું નથી.

તેમણે આદિવાસી સમાજને શિક્ષણમાં આગળ આવવા અને પોતાના હકો માટે જાગૃત રહેવા અપીલ કરી. વસાવાએ આરોપ મૂક્યો કે આદિવાસીઓની ખનીજ સંપત્તિ લૂંટવા માટે તેમને શિક્ષણથી વંચિત રાખવાના પ્રયાસો કરાઈ રહ્યા છે.

આ માટે, બંધ કરાયેલી શાળાઓ ફરી શરૂ કરવા, પૂરતા શિક્ષકોની નિમણૂક કરવાની અને યુવાનોને રોજગારી આપવાની માંગ કરવામાં આવી છે. વર્ષ 2009માં છોટુભાઈ વસાવા અને અન્ય અગ્રણીઓએ 'ભીલસ્તાન વિકાસ મોર્ચા'ની સ્થાપના કરી હતી, જેના દ્વારા ભીલ પ્રદેશની માંગ કરવામાં આવી હતી.

આઝાદી પહેલાં ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાન એકબીજા સાથે જોડાયેલા હતા. આદિવાસીઓની ભાષા, સંસ્કૃતિ, પ્રકૃતિ અને દેવી-દેવતાઓ સમાન છે. આ તમામ બાબતોના આધારે અલગ 'ભીલ પ્રદેશ' મળવો જોઈએ તેવી જોરદાર માંગ ફરીથી કરવામાં આવી છે.


### માલધારી પરિવાર પર આભ તૂટી પડ્યું!

## આકાશી આફતનો કહેર: સાંતલપુરમાં વીજળી પડતાં 35 ઘેટાંના નીપજ્યા મોત

પાટણ

પાટણ જિલ્લાના સરહદી એવા સાંતલપુર પંથકમાં કુદરતી આફતે ભારે તાંડવ મચાવ્યો છે. કમાઈને પેટ ભરતા ગરીબ અને અબોલ પશુપાલકો પર આકાશી વીજળી કાળ બનીને તૂટી પડી છે. સાંતલપુર તાલુકાના વૌવા ગામે વીજળી પડવાની સીમ-વિસ્તારમાં અત્યંત કાળજું કંપાવી દે તેવી ઘટના સામે આવી છે. જેમાં ઘટનાસ્થળે જ ૩૫ જેટલા જીવંત અને અબોલ ઘેટાંના કરૂણ મોત નીપજ્યા છે. આ હૃદયદ્રાવક બનાવને પગલે સમગ્ર પંથક સહિત પશુપાલક સમાજમાં અરેરાટી સાથે ભારે શોકની કાલિમા છવાઈ ગઈ છે.

મળતી વિગતો મુજબ, સાંતલપુરના વૌવા ગામના સીમ વિસ્તારમાં માલધારી પોતાના પશુઓ અને ઘેટાં-બકરાં ચરાવી રહ્યા હતા. તે જ સમયે વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો અને ગર્જના સાથે કાન ફાડી નાખે તેવા ભયાનક અવાજ સાથે કુદરતી વીજળી સીધી જ ઘેટાંના ટોળા પર આવી પડી હતી. વીજળીનો આંચકો એટલો ભયાનક અને ઘાતક હતો કે આકાશી કાળ ત્રાટકતાની સાથે જ ૩૫ જેટલા ઘેટાં ક્ષણવારમાં તરફડીને ઘટનાસ્થળે જ ઢળી પડ્યા હતા.



આ કરૂણ ઘટનામાં માલધારી પશુપાલકની આજીવિકાનું એકમાત્ર સાધન સંપૂર્ણપણે નષ્ટ થઈ ગયું છે.

એકસાથે ૩૫ જેટલા ઘેટાંના મોત થતાં પશુપાલક પરિવાર પર આભ તૂટી પડ્યું છે અને પરિવાર કંગાળ બની ગયો છે. પોતાના અબોલ જીવોને પોતાની આંખ સામે તડપી-તડપીને મરતા જોઈને માલધારી પરિવારના સભ્યો ચોધાર આંસુએ રડી પડ્યા હતા. આ બનાવથી પશુપાલકના ઘરમાં માતમ છવાઈ ગયો છે.

કુદરતી હોનારતનો ભોગ બનેલા આ ગરીબ માલધારી પરિવારને સહારે આવવા માટે ગ્રામજનો અને પશુપાલક મંડળો દ્વારા માંગણી ઉઠી છે. સ્થાનિકોએ મહેસૂલ તંત્ર અને પંચાયત વિભાગ પાસે માગ કરી છે કે: સરકારી સર્વે: તંત્રના ઉચ્ચ અધિકારીઓ અને પશુ ચિકિત્સકોની ટીમ તાત્કાલિક ધોરણે વૌવા ગામે પહોંચી ઘટનાનું પંચનામું કરે.

## ભરૂચ આરટીઓએ 8 માસમાં 131 ડ્રાઈવિંગ લાઇસન્સ સસ્પેન્ડ કરાયાં : જીવલેણ અકસ્માતના 55 અને નશામાં વાહન હંકારવાના 9 કિસ્સા

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ જિલ્લામાં માર્ગ અકસ્માતોનું પ્રમાણ ઘટાડવા તેમજ ટ્રાફિક નિયમોનું કડક અમલીકરણ કરાવવા ભરૂચ આરટીઓ તંત્ર સંપૂર્ણ એક્શન મોડમાં આવ્યું છે.

માર્ગ પર વાહનચાલકોમાં કાયદાની જવાબદારી મજબૂત બને તે હેતુથી ભરૂચ આરટીઓ દ્વારા 1 જાન્યુઆરીથી 31 ઓગસ્ટ સુધીના 8 મહિનાના સમયગાળામાં સપાટો બોલાવી કુલ 131 વાહનચાલકોના ડ્રાઈવિંગ લાયઈસન્સ સસ્પેન્ડ કરવાની આકરી કાર્યવાહી હાથ ધરી છે.

નશામાં વાહન ચલાવવું અન્ય નિર્દોષ લોકોના જીવને જોખમમાં મૂકતું ગંભીર કૃત્ય છે. તેથી તંત્ર દ્વારા આવા કિસ્સામાં ''ઝીરો ટોલરન્સ'' નીતિ અપનાવાઈ છે.

ડ્રંક એન્ડ ડ્રાઈવના 9 કિસ્સા અને જીવલેણ અકસ્માત સર્જનાર 55 કિસ્સા મળીને ભરૂચ આરટીઓ દ્વારા સીધી રીતે 64 લાયસન્સ સસ્પેન્ડ કરાયા છે. માર્ગ સલામતી સાથે કોઈ જ સમાધાન નહિ કરવાના સંકલ્પ સાથે તંત્ર દ્વારા અન્ય વિસ્તારના ચાલકો સામે પણ સકંજો કસ્યો છે.

ટ્રાફિક નિયમોના ભંગ બદલ કડક સજાની જોગવાઈ છે. નશામાં વાહન ચલાવવા પર 3 થી 6 મહિના સુધી લાયસન્સ સસ્પેન્ડ થઈ શકે છે. વારંવારના ગુનામાં તે કાયમી રદ થઈ શકે છે.

ઓવર સ્પીડિંગ, ભયજનક રીતે ડ્રાઈવિંગ કરવું, સિગ્નલ તોડવું, ચાલુ વાહને મોબાઈલનો ઉપયોગ કરવો.

આ માટે ઓછામાં ઓછા 3 મહિના માટે લાયસન્સ સસ્પેન્ડ કરવાની જોગવાઈ છે.

વધુમાં, કોઈ ગંભીર કે જીવલેણ અકસ્માત સર્જાય તેવા કિસ્સામાં 6 મહિનાથી લઈને કાયમી ધોરણે ડ્રાઈવિંગ લાયસન્સ રદ થઈ શકે છે.

### ઘર બહાર પાર્ક કરેલી રિક્ષાના કાચ તોડી મારમારી કરી

## કાલે શું કહેતી હતી, વધારે ચરબી ચડી ગઈ છે': વડોદરામાં અસામાજિક તત્વોનો ભયાનક આતંક

વડોદરા

વડોદરા શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને પડકાર ફેંકતા અસામાજિક તત્વો સામે પોલીસે આકરો સપાટો બોલાવ્યો છે. જૂની અદાવત કે સામાન્ય બાબતમાં તકરાર રાખીને રસ્તા પર ગુંડાટોળકી જેવું વર્તન કરનારા તત્વોનો ખોફ દૂર કરવા માટે પોલીસે ત્રણ શખ્સોની ધરપકડ કરી કાયદાનું ભાન કરાવ્યું છે. ઘર બહાર પાર્ક કરેલી ઓટોરિક્ષાના કાચ ડંડા વડે ફોડી નાખીને 'કાલે શું કહેતી હતી, વધારે ચરબી ચડી ગઈ છે' તેમ કહી મહિલા અને પરિવાર સાથે મારમારી કરનાર ત્રણેય આરોપીઓને વડોદરા પોલીસે જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે.

બનાવની વિગતો મુજબ, વડોદરાના સ્થાનિક વિસ્તારમાં રહીશ પરિવાર પોતાના ઘરમાં હતો ત્યારે રાત્રિના સમયે માથાભારે અસામાજિક તત્વો ડંડા અને લાકડીઓ સાથે આવી પહોંચ્યા હતા. આરોપીઓએ ઘર બહાર પાર્ક કરીને મૂકેલી ઓટોરિક્ષા પર ડંડા વડે ધડાધડ ઘા મારીને તેના કાચ તોડી નાખ્યા હતા અને રિક્ષાને ભારે નુકસાન પહોંચાડ્યું હતું.

તોડફોડનો અવાજ સાંભળીને પરિવાર બહાર આવતાં જ આરોપીઓએ ઉશ્કેરાઈને મહિલા પ્રત્યે ઝઘડો કર્યો હતો અને 'કાલે શું કહેતી હતી, વધારે ચરબી ચડી ગઈ છે' કહીને ગાળો ભાંડી મારમારી આચરી હતી.

આ ભયાનક ઘટના બાદ પીડિત પરિવારે હિંમત દાખવીને તાત્કાલિક પોલીસ મથકનો સંપર્ક સાધ્યો હતો. પોલીસે ઘટનાની ગંભીરતા જોઈને ગુનો નોંધી આરોપીઓ સામે કાર્યવાહી હાથ ધરી હતી.

વડોદરા પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને આ ઘટનામાં સંડોવાયેલા ત્રણેય આરોપીઓની ધરપકડ કરી લીધી છે. પોલીસે ગુનામાં વપરાયેલા હથિયારો/ડંડા કબજે કરીને આરોપીઓ સામે આગળની કાનૂની કાર્યવાહી શરૂ કરી છે.

વડોદરા શહેર પોલીસે આ મામલે સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે શહેરમાં શાંતિ દોહળવાનો કે નાગરિકો પર આતંક મચાવવાનો પ્રયાસ કરનાર કોઈપણ અસામાજિક તત્વને બક્ષવામાં આવશે નહીં.

પોલીસની આ ત્વરિત કાર્યવાહીથી સ્થાનિક રહીશોએ રાહતનો શ્વાસ લીધો છે.

## અંકલેશ્વરના ગડખોલ-અંદાડા માર્ગ પર RCC રોડનું સમારકામ શરૂ: આસપાસના વિસ્તારોના લોકોને રાહત

ભરૂચ, રંગુની જાકીર

અંકલેશ્વરના ગડખોલ-અંદાડા માર્ગ પર આરસીસી રોડ બનાવવાનું કામ શરૂ થઈ ગયું છે. આ માર્ગના સમારકામ માટે 68 લાખ રૂપિયા મંજૂર કરાયા હતા. આ કામગીરી શરૂ થતા સ્થાનિકો અને વાહનચાલકોને મોટી રાહત મળી છે. વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા ન હોવાથી આ માર્ગ પર પાણી ભરાઈ જતા હતા. તેના કારણે રસ્તો ખરાબ થઈ ગયો હતો. વાહનચાલકોને અવરજવરમાં ઘણી મુશ્કેલી પડતી હતી અને અનેક વાહનો ગટરમાં ખાબક્યા હતા. આ સમસ્યા અંગે સ્થાનિક લોકોએ રાજ્ય મંત્રી ઈશ્વરસિંહ પટેલ અને ભરૂચના ધારાસભ્ય રમેશ મિસ્ત્રીને રજૂઆત કરી હતી. તેમની રજૂઆત બાદ તાત્કાલિક રૂ. 68 લાખની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી હતી.

આજથી માર્ગ મકાન વિભાગ દ્વારા સીસી રોડ બનાવવાનું કામ શરૂ કરાયું છે. આ માર્ગના સમારકામથી ગડખોલ ગામ અને આસપાસના વિસ્તારોના લોકોને અવરજવરમાં મોટી રાહત મળશે. તેનાથી વાહનવ્યવહાર વધુ સરળ બનશે.

### દીવા પ્રગટાવવાની રાજનીતિ બંધ કરો, પ્રજાના પેટનો અગ્નિ ઠારો!'

## PMના જન્મદિવસ ઉજવણીના ઉત્સાહ વચ્ચે ભાજપ અધ્યક્ષ સામે જનતાનો ભારે આક્રોશ!!

અમદાવાદ

આગામી 17 સપ્ટેમ્બરે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસની ઉજવણી માટે ભારતીય જનતા પાર્ટી દ્વારા રાજ્યવ્યાપી તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. આ પ્રસંગે ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ જગદીશ પંચાલે ભાષણ આપતા જણાવ્યું હતું કે, "વૈશ્વિક નેતા મોદીજીના જનસેવા અને રાષ્ટ્રસેવામાં 25 વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યાં છે. તેમની યાત્રા સંકલ્પથી સિદ્ધિની યાત્રા છે. 17 સપ્ટેમ્બરે સાંજે આપણે સૌ આશીર્વાદનો દીપ પ્રગટાવીએ." પરંતુ બીજી તરફ, શાસક પક્ષના આ જશ્ન વચ્ચે ગુજરાતની સામાન્ય જનતા અને ખેડૂતોમાં ભારે આક્રોશનો જ્વાળામુખી ફાટી નીકળ્યો છે. જનતા સીધો સવાલ પૂછી રહી છે કે, 'ક્યાં સુધી આવી ઈવેન્ટબાજીથી લોકોને ગેરમાર્ગે દોરશો?'



ગુજરાતના ખૂણે-ખૂણેથી હવે અવાજ ઉઠી રહ્યો છે કે ભાજપ અધ્યક્ષ અને નેતાઓ કેવળ ઉત્સવો અને ઈવેન્ટો યોજવામાં મશગૂલ છે, જ્યારે સામાન્ય નાગરિકો રોજિંદી સમસ્યાઓથી ત્રાહિમામ પોકારી ગયા છે. પ્રજાના ટેક્સના પૈસાથી ચાલતા શાસનમાં હવે જનતા પ્રશ્ન કરી રહી છે કે માત્ર દીવા પ્રગટાવવાથી કે ઉજવણીઓ કરવાથી દેશ અને રાજ્ય કેમ ચાલશે? મોંઘવારી, બેરોજગારી અને બિસ્માર તંત્રથી પીડાતી જનતાનો અવાજ સાંભળવાનો ભાજપના નેતાઓ પાસે સમય કેમ નથી? આજે રાજ્યનો ખેડૂત ખાતર, બિયારણ અને પાકના યોગ્ય ભાવ મેળવવા માટે રોજેરોજ સંઘર્ષ કરી રહ્યો છે. સિંચાઈના પાણી અને વીજળી માટે ખેડૂતોને આંદોલન કરવા પડે છે. બીજી તરફ, મધ્યમ વર્ગના પરિવાર માટે કમરતોડ મોંઘવારીમાં ઘર ચલાવવું મુશ્કેલ બની ગયું છે. ચોમાસામાં રાજ્યભરના રસ્તાઓ ધોવાઈ ગયા છે, પાણી ભરાવાની અને ખાડારાજની સમસ્યાઓ છે, છતાં શાસકો પ્રજાના પાયાના પ્રશ્નો ઉકેલવાને બદલે માત્ર અને માત્ર નિવેદનબાજી અને ઉજવણીઓમાં વ્યસ્ત દેખાઈ રહ્યા છે.

### PI અને PSI કક્ષાના અધિકારીઓની પણ સાર્વત્રિક જિલ્લા ફેરબદલીની પૂરેપૂરી શક્યતા

## ગુજરાત પોલીસ બેડામાં મોટા ધડાકાના એંધાણ: ટૂંક સમયમાં 50થી વધુ IPS અધિકારીઓની બદલી-બઢતીના આદેશ શક્ય!

ગાંધીનગર

ગુજરાત પોલીસ તંત્રમાં આગામી દિવસોમાં મોટો અને વ્યાપક ફેરફાર જોવા મળી શકે છે. રાજ્યના ગૃહ વિભાગ દ્વારા પોલીસ બેડામાં આમૂલ પરિવર્તન લાવવા માટેની મજબૂત તૈયારીઓ કરી લેવામાં આવી હોવાના અહેવાલો સાંપડી રહ્યા છે. વિશ્વસનીય સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ, રાજ્યમાં ટૂંક સમયમાં જ 50થી વધુ ઉચ્ચ IPS અધિકારીઓની બદલી અને બઢતી (પ્રમોશન)ના ઓર્ડર છૂટે તેવી પૂરેપૂરી શક્યતા છે. આ સમાચાર વહેતા થતાં જ સમગ્ર રાજ્યના પોલીસ તંત્ર અને સરકારી વર્તુળોમાં ભારે ધમાસાણ અને ચર્ચાનો દોર શરૂ થઈ ગયો છે.

ગૃહ વિભાગના ઉચ્ચ વર્તુળોમાં ચાલી રહેલી ગતિવિધિઓ મુજબ, ઘણા સમયથી એક જ જગ્યાએ કે મહત્વના હોદ્દાઓ પર સિંહાસન જમાવીને બેઠેલા તેમજ પ્રમોશનને પાત્ર બનેલા IPS અધિકારીઓની યાદી આખરી ઓપ લઈ ચૂકી છે. કેટલાક જિલ્લાના એસપી (SP) અને રેન્જ આઈજી (Range IG) સ્તરના અધિકારીઓની બદલીઓની સાથે સાથે કમિશ્નરેટ વિસ્તારના ઉચ્ચ હોદ્દેદારોની પણ આંતરિક હેરફેર થવાની શક્યતા છે. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને વધુ મજબૂત બનાવવાની દિશામાં આ નિર્ણય લેવામાં આવી રહ્યો હોવાનું માનવામાં આવે છે.

માત્ર IPS કક્ષાએ જ નહીં, પરંતુ પ્રજા સાથે સીધો સંપર્ક ધરાવતા પોલીસ ઈન્સ્પેક્ટર (PI) અને પોલીસ સબ ઈન્સ્પેક્ટર (PSI) સ્તરના નાના-મોટા તમામ અધિકારીઓમાં પણ મોટો ઉલટફેર થવાની પૂરેપૂરી શક્યતા છે. લાંબા સમયથી એક જ જિલ્લામાં કે એક જ ઝોનમાં સક્રિય હોય તેવા PI અને PSIની વ્યાપક પ્રમાણમાં 'જિલ્લા ફેર બદલી' કરવામાં આવશે તેવા એંધાણ મળી રહ્યા છે. આ નીતિગત નિર્ણયને કારણે નીચલા સ્તરના પોલીસ કર્મચારીઓ અને અધિકારીઓમાં પણ ફફડાટ વ્યાપી ગયો છે.

### બેરિકેડિંગના બહાના હેઠળ પાપ છુપાવવાનો ખેલ!

## નડિયાદની 'વેનિસ નદી'માં આધેડ ખાબક્યા: 48 કલાક બાદ વિડીયો વાયરલ થતાં તંત્ર જાગ્યું

નડિયાદ

નડિયાદ શહેરના મધ્યમાંથી પસાર થતો અને લોકોમાં 'વેનિસ નદી'ના કટાક્ષમય નામે ઓળખાતો ખુલ્લો કાંસ ફરી એકવાર વિવાદના વંટોળમાં સપડાયો છે. ચોમાસામાં ભયાનક દુર્ગંધ અને ગંદકીથી ધમધમતા આ કાંસમાં શનિવારે રાત્રે એક આધેડ અચાનક ખાબક્યા હતા. આશ્ચર્યજનક બાબત એ છે કે આ ગંભીર ઘટના બની હોવા છતાં બે દિવસ સુધી તંત્ર કે સ્થાનિકોને કાંઈ પડી નહોતી. સોમવારે સાંજે આ ઘટનાનો વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં સમગ્ર શહેરમાં સનસનાટી મચી ગઈ છે અને પાલિકા તંત્રની ઘોર બેદરકારી ફરી એકવાર ઉઘાડી પડી છે.

ઘટના સામે આવ્યા બાદ જ્યારે સ્થાનિક પત્રકારોએ મ્યુનિસિપલ કમિશનરને ઘેર્યા અને પ્રશ્નોનો મારો ચલાવ્યો, ત્યારે તેમણે હવે આ કાંસ પર 'બેરિકેટિંગ' કરાવવાની વાતો કરી હતી. પરંતુ અહી મોટો અને અણીયારો સવાલ એ ઊભો થાય છે કે અત્યાર સુધી કાંસની આજુબાજુ ઊભા કરેલા પતરા અને લોખંડના એંગ્લો શું બેરિકેટ નહોતા? જો પતરા અને એંગ્લો હોવા છતાં નાગરિકો કાંસમાં ખાબકી રહ્યા હોય, તો આ કામગીરી માત્ર કાગળ પર અને ભ્રષ્ટાચાર આચરવા માટે જ કરવામાં આવી હતી? જે રીતે આધેડ રાત્રિના સમયે કાંસમાં ખાબક્યા, તેને લઈને શહેરમાં જાતજાતની ચર્ચાઓએ જોર પકડ્યું છે: શું રાત્રિના અંધારામાં કાંસ દેખાયો નહીં?: યોગ્ય સ્ટ્રીટ લાઈટ અને સુરક્ષાના અભાવે અંધારામાં રસ્તો ન દેખાતા આ અકસ્માત સર્જાયો? શું આધેડ નશાની હાલતમાં હતા?: જો આધેડ નશામાં હોય તો પણ શું ખુલ્લો કાંસ મોતનું છટકું બનીને નગરજનો માટે ખુલ્લો રાખવો યોગ્ય છે? આ ઘટના માટે ખરેખર જવાબદાર કોણ?: રસ્તા પર જ ઉપસ્થિત આ ખુલ્લા કાળમુખા કાંસની કાયમી કામગીરી ન કરનાર પાલિકા તંત્ર કે બેદરકાર અધિકારીઓ? નડિયાદની મધ્યમાં આવેલો આ કાંસ વર્ષોથી પ્રજા માટે મોટી આફત સમાન બન્યો છે.


## તંત્રી લેખ...

# એક સાંધો ત્યાં 333 તૂટે': ઉત્તર ગુજરાતથી લઈને પ્રદેશ સંગઠન સુધી કોંગ્રેસમાં જૂથબંધીનો મોટો વિસ્ફોટ!

ગુજરાતમાં વિપક્ષ તરીકે પોતાની ભૂમિકા ભજવવામાં નિષ્ફળ નીવડી રહેલી કોંગ્રેસમાં આંતરિક કલહ અને વર્ચસ્વની લડાઈ હવે પરાકાષ્ઠાએ પહોંચી ગઈ છે. પક્ષમાં સતત પીછેહઠ અને ચૂંટણીઓમાં ધબડકા થવા છતાં નેતાઓ સુધરવાનું નામ લેતા નથી. એક તરફ પ્રજા મોંઘવારી અને સ્થાનિક પ્રશ્નોથી ત્રસ્ત છે, ત્યારે બીજી તરફ વિપક્ષ તરીકે પ્રચંડ આંદોલન ઊભું કરવાને બદલે કોંગ્રેસી નેતાઓ અંદરોઅંદર એકબીજાના ટાંટિયા ખેંચવામાં અને હોદ્દાઓની ખેંચતાણમાં વ્યસ્ત બની ગયા છે.

### બનાસકાંઠાના એકમાત્ર ગઢમાં પણ સત્તાકાંક્ષી આંતરવિગ્રહ!

સૌથી મોટો અને શરમજનક વિવાદ એવા વિસ્તારમાં સામે આવ્યો છે જ્યાં કોંગ્રેસ પાસે જનાધાર બચ્યો છે. બનાસકાંઠા જિલ્લામાં કોંગ્રેસે મોટી જીત મેળવી હતી, પરંતુ ત્યાં પણ જિલ્લા અને પ્રદેશ નેતૃત્વ વચ્ચે ખુલ્લી જંગ ખેલાઈ રહી છે. પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા દ્વારા જિલ્લા પ્રમુખ ગુલાબસિંહ રાજપૂતની સંગઠનની યાદીને રદ્દ કરી દેવાતા વિવાદ ભડકે બળ્યો છે. પક્ષના જ ધારાસભ્યો અને સ્થાનિક આગેવાનોએ સોશિયલ મીડિયા પર પ્રદેશ નેતૃત્વ સામે તીખા પ્રહારો કરતાં લખ્યું છે કે, 'તમારી લડાઈ અમારી સામે નહીં, પણ ભાજપ સરકાર સામે હોવી જોઈએ'. આ ઘટનાએ સાબિત કરી દીધું છે કે કોંગ્રેસ માટે ભાજપ કરતાં પોતાના જ નેતાઓ મોટા દુશ્મન બની ગયા છે.



### પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા સામે આક્ષેપોની ઝડી, પ્રભારી સુરજેવાલા ઘેરાયા!

હાલમાં જ ગુજરાતના નવા પ્રદેશ પ્રભારી તરીકે રણદીપ સુરજેવાલાએ કમાન સંભાળી છે. પરંતુ તેમની પ્રથમ બેઠકો અને ગુજરાત પ્રવાસ દરમિયાન જ પક્ષનો આંતરિક અસંતોષ સપાટી પર આવી ગયો છે. પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાની એકહથ્થુ નીતિ, મનસ્વી નિર્ણયો અને સિનિયર નેતાઓને દરકિનાર કરવાની કાર્યોશૈલી સામે અસંતુષ્ટ જૂથે પ્રભારી રણદીપ સુરજેવાલા સમક્ષ રજૂઆતોનો અંબાર ખડકી દીધો છે. હાઈકમાન્ડ સમક્ષ જ પ્રમુખ સામે ખુલ્લેઆમ વિરોધ નોંધાતાં કોંગ્રેસનું મોવડીમંડળ પણ ધર્મસંકટમાં મુકાઈ ગયું છે.

### કાર્ડિનલ ભૂલો: સંગઠન સાચવવાના બદલે પત્તા કાપવાની રમત

પક્ષમાં સ્થિતિ એવી બની છે કે:

એક સાંધો ત્યાં ૩૩૩ તૂટે: એક જિલ્લાનો વિવાદ ઉકેલવા જાય ત્યાં ચાર જિલ્લામાં જૂથબંધીના ભડાકા થાય છે.

કાર્યકરોમાં ભારે હતાશા: ભાજપ સામે લડવા માંગતા પાયાના કાર્યકરો નેતાઓની આ અહંકારની લડાઈ જોઈને પક્ષ છોડી રહ્યા છે કે નિષ્ક્રિય થઈ રહ્યા છે.

આંતરિક ટાંટિયા ખેંચ: ચૂંટણી સમયે ભાજપને હરાવવાને બદલે પોતાના જ પક્ષના ઉમેદવારને કઈ રીતે હરાવવો તેની ગોઠવણ કરવામાં આવે છે.

### છેલ્લી ચેતવણી: જો હજુ નહીં જાગો, તો ઈતિહાસ પણ માફ નહીં કરે!

ગુજરાતમાં કોંગ્રેસ પાસે હવે બહુ થોડો સમય અને મર્યાદિત જનાધાર બચ્યો છે. જો પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા અને પ્રભારી રણદીપ સુરજેવાલા જૂથબંધીને ડામવામાં નિષ્ફળ જશે, તો ૨૦૨૭ની આગામી ચૂંટણીઓમાં કોંગ્રેસનો સૂર્યાસ્ત નિશ્ચિત છે. પક્ષના નેતાઓએ હવે પોતાના કમરા-રાજકારણ અને અહંકાર છોડીને શેરીઓમાં ઉતરવું પડશે, નહિતર ભવિષ્યમાં પોતાની જ ભૂલો પર અશ્રુ સારવા સિવાય કોંગ્રેસ પાસે બીજો કોઈ માર્ગ નહીં રહે!

**- ગ્રુપ એડિટર પવન માકન**

## DUSU ચૂંટણી પહેલાં મોટો વિવાદ

# ABVPના પ્રમુખપદના ઉમેદવાર લક્ષ્યરાજ સિંહનો વાયરલ વિડીયો, રાજકારણ ગરમાયું!

### 'ભાજપનું વાસ્તવિક નારી વંદન?': વિપક્ષી નેતાઓ અને સમાજવાદી પાર્ટીના આકરા પ્રહારો; દિલ્હી યુનિવર્સિટી ચૂંટણીના માહોલમાં વાયરલ વિડીયોથી વિપક્ષે ભાજપ-ABVPને ઘેર્યા.

નવી દિલ્હી / અમદાવાદ, (પાક્કો ગુજરાત ન્યૂઝ)

દિલ્હી યુનિવર્સિટી વિદ્યાર્થી સંઘ (DUSU) ની ચૂંટણીઓનો માહોલ જામ્યો છે ત્યારે ભાજપની વિદ્યાર્થી પાંખ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP)ના પ્રમુખપદના ઉમેદવાર લક્ષ્યરાજ સિંહ એક વાયરલ વિડીયોને કારણે ભારે વિવાદના વંટોળમાં સપડાયા છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા આ વિડીયોમાં લક્ષ્યરાજ સિંહ એક મહિલા સાથે ડાન્સ કરતા જોવા મળી રહ્યા છે, જેને લઈને વિપક્ષી પક્ષો અને સોશિયલ મીડિયા યુઝર્સ દ્વારા ભાજપ અને ABVP પર આકરા પ્રહારો શરૂ કરવામાં આવ્યા છે.



### 'ભાજપનું વાસ્તવિક નારી વંદન?' – વિપક્ષનો સણસણતો કટાક્ષ

વિડીયો વાયરલ થતાં જ સમાજવાદી પાર્ટી અને અન્ય વિપક્ષી સંગઠનો દ્વારા ભાજપના 'નારી શક્તિ વંદન'ના નારા સામે સવાલો ઊભા કરવામાં આવ્યા છે. વિપક્ષી નેતાઓએ આ વિડીયો શેર કરીને કટાક્ષ કર્યો છે કે, 'આ છે ભાજપનું વાસ્તવિક નારી વંદન!' ભાજપ જે સંસ્કાર, નૈતિકતા અને નારી સન્માનની મોટી મોટી વાતો કરે છે, તેની જ વિદ્યાર્થી પાંખના પ્રમુખપદના ઉમેદવારનું આવું વર્તન તેમની વાસ્તવિક માનસિકતા છતી કરે છે તેવા ગંભીર આક્ષેપો લગાવવામાં આવી રહ્યા છે.

### DUSU ચૂંટણીના ગરમાયેલા માહોલમાં નવો વિસ્ફોટ

દિલ્હી યુનિવર્સિટીની ચૂંટણી હંમેશાથી દેશના રાજકારણની નર્સરી ગણાય છે. ABVPએ લક્ષ્યરાજ સિંહને પ્રમુખપદના પ્રબળ દાવેદાર તરીકે મેદાનમાં ઉતાર્યા છે. પરંતુ ચૂંટણીના જ સમયે આ પ્રકારનો વિડીયો વાયરલ થતાં ABVPની છબી પર મોટા સવાલો ઉભા થયા છે. NSUI અને સમાજવાદી છાત્ર સભા (SCS) જેવા વિદ્યાર્થી સંગઠનોએ આ મુદ્દાને વટાવીને પ્રચાર યુદ્ધ તેજ કરી દીધું છે.

### ABVP અને લક્ષ્યરાજ સિંહ સામે સવાલોનો મારો

સોશિયલ મીડિયા પર આ મુદ્દો જોરપકડતાં નાગરિકો અને વિદ્યાર્થીઓ પણ અલગ-અલગ પ્રતિક્રિયાઓ આપી રહ્યા છે:

વિપક્ષનો આક્રોશ: શું દેશની સૌથી મોટી યુનિવર્સિટીનું નેતૃત્વ કરનારા ઉમેદવારનું આ જ ગૌરવ અને મર્યાદા છે?

સંગઠન પર દબાણ: શું ABVP પોતાના ઉમેદવારના આ વર્તન પર સ્પષ્ટતા આપશે કે પછી વિવાદ વચ્ચે પણ સમર્થન ચાલુ રાખશે?

DUSU ચૂંટણીના આંગણે ખેલાયેલા આ વિડીયો વિવાદે ભાજપ અને ABVP માટે મોટા ધર્મસંકટની સ્થિતિ નિર્માણ કરી દીધી છે. આવનારા દિવસોમાં આ વિવાદ ચૂંટણી પરિણામો પર કેવો પ્રભાવ પાડે છે તે જોવું રહ્યું.

# સ્વામિનારાયણ સંપ્રદાય કેમ પહોંચ્યો હતો સુપ્રીમ કોર્ટ? જ્યારે સંપ્રદાયે કહ્યું હતું: 'અમે હિન્દુ નથી!'

### બંધારણીય હક્ક અને શ્રદ્ધાળુઓના અધિકાર વચ્ચેનો વિવાદ: 1966નો એ ઐતિહાસિક ચુકાદો, જેમાં સર્વોચ્ચ અદાલતે 'હિન્દુ ધર્મ'ની વ્યાખ્યા સ્પષ્ટ કરી હતી!

અમદાવાદ, (પાક્કો ગુજરાત ન્યૂઝ):

સ્વામિનારાયણ સંપ્રદાય અને તેના કરોડો અનુયાયીઓ આજે વિશ્વભરમાં સનાતન હિન્દુ ધર્મનો પ્રચાર-પ્રસારી કરી રહ્યા છે. પરંતુ ભારતીય ન્યાયપાલિકાના ઈતિહાસમાં એક એવો અનોખો અને ચોંકાવનારો કિસ્સો નોંધાયેલો છે, જ્યારે સ્વામિનારાયણ સંપ્રદાયના સત્સંગીઓ અને પ્રતિનિધિઓએ દેશની સર્વોચ્ચ અદાલત (સુપ્રીમ કોર્ટ) સુધી પહોંચીને એવો દાવો કર્યો હતો કે 'અમે હિન્દુ ધર્મમાં આવતા નથી, પરંતુ અમારો એક અલગ અસ્તિત્વ ધરાવતો સંપ્રદાય છે!' આ વાત સાંભળીને આજે કોઈને પણ આશ્ચર્ય થાય, પરંતુ આ કાનૂની લડાઈ પાછળ એક મોટું બંધારણીય અને સામાજિક કારણ જવાબદાર હતું.

શા માટે સંપ્રદાયે કોર્ટમાં કર્યો હતો આ દાવો?

આ વિવાદની શરૂઆત ૧૯૪૮માં મુંબઈ રાજ્ય સરકાર દ્વારા બનાવવામાં આવેલા 'હરિજન ટેમ્પલ એન્ટ્રી એક્ટ' (Harijan Temple Entry Act) થી થઈ હતી. આ કાયદા હેઠળ હિન્દુ ધર્મના તમામ મંદિરોમાં દલિતો/હરિજનોના પ્રવેશને કાયદાકીય મંજૂરી આપવામાં આવી હતી.

એ સમયે સંપ્રદાયના કેટલાક વહીવટકર્તાઓ અને સત્સંગીઓએ આ કાયદા સામે વાંધો ઉઠાવ્યો હતો. તેમણે મુંબઈ હાઈકોર્ટ અને ત્યારબાદ સુપ્રીમ કોર્ટમાં એવી કાનૂની દલીલ રજૂ કરી હતી કે:



અલગ ઓળખનો દાવો: સ્વામિનારાયણ સંપ્રદાય એ માત્ર હિન્દુ ધર્મની એક શાખા નથી, પરંતુ એક સ્વતંત્ર ધર્મ/સંપ્રદાય છે.

મંદિરોના સંચાલનનો અધિકાર: જો તેઓ હિન્દુ ધર્મથી અલગ અને લઘુમતી ઓળખ ધરાવતા હોય, તો ભારતીય બંધારણના અનુચ્છેદ ૨૬ (Article 26) હેઠળ તેમને પોતાના ધાર્મિક સ્થળો અને મંદિરોના નિયમો જાતે નક્કી કરવાનો અધિકાર મળે.

પરંપરા સાચવવાની દલીલ: આ દલીલ પાછળનો મુખ્ય હેતુ સંપ્રદાયના પોતાના મંદિર સંચાલનના નિયમો અને પરંપરાઓને કાનૂની રક્ષણ આપવાનો હતો.

૧૯૬૬નો સુપ્રીમ કોર્ટનો 'લેન્ડમાર્ક' ચુકાદો

આ કેસ 'શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી વિરૂદ્ધ મુલદાસ ભુદરદાસ વૈશ્ય' (Sastri Yagnapurushadhasji v. Muldas Bhudardas Vaishya - 1966) તરીકે ઈતિહાસમાં નોંધાયો. તાત્કાલિક ચીફ જસ્ટિસ પી. બી. ગજેન્દ્રગડકરની પાંચ જજોની બંધારણીય બેંચે આ અતિ મહત્વપૂર્ણ કેસની સુનાવણી કરી હતી.

સુપ્રીમ કોર્ટે સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રતિનિધિઓની એ દલીલને સ્પષ્ટપણે ફગાવી દીધી હતી અને ઐતિહાસિક ચુકાદો આપતાં કહ્યું હતું કે:

૧. સ્વામિનારાયણ સંપ્રદાય હિન્દુ ધર્મનો જ અવિભાજ્ય અંગ છે: સંપ્રદાયના સ્થાપક ભગવાન સ્વામિનારાયણે વેદ, ઉપનિષદ અને ભગવદ્ ગીતાના સિદ્ધાંતોનો જ પ્રચાર કર્યો છે.

૨. હિન્દુ ધર્મની વ્યાપક વ્યાખ્યા: હિન્દુ ધર્મ કોઈ એક પયગંબર કે એક જ પુસ્તક આધારિત સંકુચિત ધર્મ નથી, પણ તે એક ઉદાર જીવનશૈલી અને અનેક વિચારધારાઓનો સમન્વય છે.

૩. મંદિર પ્રવેશનો અધિકાર: કારણ કે સ્વામિનારાયણ સંપ્રદાય હિન્દુ ધર્મનો જ ભાગ છે, તેથી કાયદા મુજબ હિન્દુ સમાજના તમામ વર્ગોને મંદિરમાં પ્રવેશનો સમાન અધિકાર રહેશે.

ઈતિહાસ અને વર્તમાન

આ કેસ ભારત દેશના કાનૂની ઈતિહાસમાં એટલા માટે યાદ રાખવામાં આવે છે કારણ કે સુપ્રીમ કોર્ટે 'હિન્દુ ધર્મ' અને 'સનાતન પરંપરા'ની બંધારણીય અને દાર્શનિક વ્યાખ્યા નક્કી કરવા માટે આ ચુકાદાનો આધાર લીધો હતો.

આજે દાયકાઓ પછી, આ કાનૂની લડાઈ ભૂતકાળ બની ચૂકી છે અને સ્વામિનારાયણ સંપ્રદાય સમગ્ર વિશ્વમાં હિન્દુ ધર્મ અને ભારતીય સંસ્કૃતિના ધ્વજવાહક તરીકે અગ્રેસર રહીને અદ્ભુત સેવાકાર્યો કરી રહ્યો છે.

# સેવાની નગરી ભાવનગરમાં સંસ્થાઓ પર અહંકારનું ગ્રહણ: ટ્રસ્ટીઓના કલહથી ભાંગી પડી પવિત્ર પરંપરા!

### ટ્રસ્ટીઓ માલિક નહીં પણ સેવક છે: અહંકારના લીધે થિયોસોફિકલ લોજ અને બળવંત ભુવન જેવી સંસ્થાઓ ખંડેર બની; ભાવનગર વૃદ્ધાશ્રમનો વિવાદ કોર્ટ અને ચેરીટી કમિશનર સુધી પહોંચતાં દાતાઓમાં ભારે નિરાશા.

ભાવનગર, (પાક્કો ગુજરાત ન્યૂઝ)

સંસ્કાર અને સેવાકીય પ્રવૃત્તિઓ માટે સમગ્ર ગુજરાતમાં પ્રખ્યાત ભાવનગર શહેર આજે એક ગંભીર આંતરિક સંકટ સામે ઝઝૂમી રહ્યું છે. સમગ્ર રાજ્યમાં ચાલતી સેવાકીય કામગીરી કરતાં પણ અનેક ગણી ઉત્કૃષ્ટ સેવા ભાવનગરની ધરતી પર થતી આવી છે. પરંતુ, તાજેતરમાં કેટલીક નામાંકિત સંસ્થાઓના ટ્રસ્ટીઓ વચ્ચે ઊભા થયેલા અહંકાર અને સત્તાના મોહને કારણે આ પવિત્ર પરંપરાને મોટો દાગ લાગી રહ્યો છે. સંસ્થા ચલાવવા માટે માત્ર પૈસો કે ધન પર્યાપ્ત નથી હોતું, તેની સાથે તન અને મનથી સમર્પિત થનારા સેવાભાવીઓની જરૂર હોય છે, જેનો આજે આ સંસ્થાઓમાં સરેઆમ અભાવ જોવા મળી રહ્યો છે.

ટ્રસ્ટીઓ માલિક બનવા જતાં સંસ્થાઓ ખંડેર બની ગઈ!

સંસ્થાઓના વહીવટકર્તાઓએ એ વાત સ્પષ્ટપણે યાદ રાખવાની જરૂર છે કે તેઓ સંસ્થાના માત્ર 'ટ્રસ્ટી' (રક્ષક) છે, માલિક નહીં! ટ્રસ્ટીઓ વચ્ચેના આંતરિક મનમોહ, અહંકાર અને વર્ચસ્વની લડાઈને કારણે ભાવનગરમાં ભૂતકાળમાં પણ અનેક ઐતિહાસિક અને લોકઉપયોગી સંસ્થાઓ ધૂળધાણી થઈ ગઈ હોવાના જ્વલંત દાખલા મોજૂદ છે:

ખંડેર બનેલી ધરોહરો: થિયોસોફિકલ લોજ, બળવંત ભુવન, અને વડવા તલાવડીમાં આવેલો આનંદ વિહાર અખાડો તંત્ર અને ટ્રસ્ટીઓની આપસ-આપસની લડાઈમાં આજે નામશેષ થવાના આરે છે.

સમાજની મિલકતોની દુર્દશા: વિવાદોના કારણે અનેક જ્ઞાતિ મંડળો, સમાજની વાડીઓ અને છાત્રાલયોનું સંચાલન ખોરવાઈ ગયું છે.

આગામી ખતરો: જો વર્તમાન પરિસ્થિતિ નહીં સુધરે તો શહેરની અન્ય અડધો ડઝન (૬ જેટલી) પ્રમુખ સંસ્થાઓ પણ નજીકના ભવિષ્યમાં કાગળ પર જ સીમિત રહી જશે.

ભાવનગર વૃદ્ધાશ્રમનો વિવાદ અદાલત અને ચેરીટી કમિશનરના ચોકે!

હાલમાં જ શહેરની અતિ સંવેદનશીલ અને આદરણીય એવી 'ભાવનગર વૃદ્ધાશ્રમ' સંસ્થાના ટ્રસ્ટીઓ વચ્ચેનો આંતરિક વિગ્રહ ચરમસીમાએ પહોંચ્યો છે. ટ્રસ્ટીઓનો આ વિવાદ હવે શેરીઓમાંથી નીકળીને અદાલતના આંગણે અને ચેરીટી કમિશનરની ઓફિસ સુધી પહોંચી ચૂક્યો છે. ભૂતકાળમાં પણ આ સંસ્થાના વહીવટકર્તાઓએ આવી ભૂલો કરીને બેકફૂટ પર જવું પડ્યું હતું અને પારોઠના પગલાં ભરવા પડ્યા હતા.

જો ભૂતકાળની ભૂલોમાંથી સબક લઈને ટ્રસ્ટીઓ તાત્કાલિક સુમેળ નહીં સાધે, તો તેની સીધી અસર સંસ્થાને મળતા દાન પર પડશે. આંતરિક કલહથી કંટાળીને દાતાઓ દાન આપતા ખચકાશે, જેનો સીધો ભોગ વૃદ્ધાશ્રમમાં આશરો લઈ રહેલા નિરાધાર વૃદ્ધો બનશે.

અહંકાર છોડો અને સેવા સુનિશ્ચિત કરો!

ભાવનગરની જાગૃત જનતા અને સેવાભાવીઓની એક જ માગ છે કે વિવાદમાં સપડાયેલી સંસ્થાઓના ટ્રસ્ટીઓ પોતાના અંગત અહંકાર અને મનભેદ બાજુ પર મૂકીને એક ટેબલ પર બેસે. સંસ્થાઓને કોર્ટ-કચેરીના આંટાફેરામાંથી બહાર કાઢીને ફરીથી સેવાનો ધમધમાટ શરૂ કરવામાં આવે, અન્યથા ભાવનગરની પવિત્ર સેવાકીય ઓળખ ભૂંસાઈ જતાં વાર નહીં લાગે!

# શ્રી ગણેશ ચતુર્થીનું મહત્ત્વ - સનાતન સંસ્થા

1. શ્રી ગણેશ ચતુર્થીનું મહત્ત્વ - વિનાશકારક, તમપ્રધાન યમલહેરો પૃથ્વી પર અષાઢ પૂર્ણિમાથી કારતક પૂર્ણિમા આ ૧૨૦ દિવસોમાં વધારે પ્રમાણમાં આવે છે. આ સમયમાં તેમની તીવ્રતા વધારે હોય છે. તે તીવ્રતાના સમયમાં, એટલે ભાદરવો સુદ પક્ષ ચોથથી અનંત ચૌદશ સુધી, ગણેશલહેરો પૃથ્વી પર વધારે પ્રમાણમાં આવતી હોવાથી યમલહેરોની તીવ્રતા ન્યૂન થવામાં સહાયતા થાય છે. ગણપતિનાં સ્પંદનો અને પૃથ્વીના ચતુર્થી તિથિનાં સ્પંદનો એકસરખા હોવાથી તે એકબીજાને અનુકૂળ હોય છે; એટલે જ તે તિથિએ ગણપતિનાં સ્પંદનો વધારે પ્રમાણમાં પૃથ્વી પર આવી શકે છે. પ્રત્યેક માસની ચતુર્થીના દિવસે ગણેશતત્ત્વ હંમેશની તુલનામાં પૃથ્વી પર ૧૦૦ ગણું કાર્યરત હોય છે. આ તિથિએ કરેલી શ્રી ગણેશની ઉપાસનાથી ગણેશતત્ત્વનો વધારે લાભ થાય છે. ચતુર્થી એટલે જાગૃતિ, સ્વપ્ન અને સુષુપ્તિના પેલેપારની તુરીયાવસ્થા. તે જ સાધકનું સાધ્ય હોય છે. 'અગ્નિપુરાણ' નામક ગ્રંથમાં ભોગ અને મોક્ષની પ્રાપ્તિ માટે ચતુર્થીનું વ્રત કરવા માટે કહ્યું છે. શ્રી ગણેશોત્સવના દિવસોમાં ગણેશતત્વ સામાન્ય કરતા પૃથ્વી પર ૧૦૦૦ ગણો વધારે કાર્યરત રહે છે. આ સમયગાળામાં ગણેશતત્વનો વધુથી વધુ લાભ લેવા માટે ||ૐ ગં ગણપતયે નમઃ|| આ મંત્ર જેટલું શક્ય હોય તેટલું કરી શકીએ છીએ.

2. ગણેશ ચતુર્થી કુટુંબમાં કોણે કરવી ? - શ્રી ગણેશ ચોથને દિવસે આચરવામાં આવનારું વ્રત 'સિદ્ધિવિનાયક વ્રત' આ નામથી ઓળખાય છે. વાસ્તવમાં આ વ્રત બધાં કુટુંબોમાં થવું આવશ્યક છે. જો બધા ભાઈ સાથે રહેતા હોય એટલે જ તેમનો દ્રવ્યકોશ (ખજાનો) અને પાકનિષ્પત્તિ (ચૂલો) સાથે હોય, તો બધા મળીને એકજ મૂર્તિ પૂજે તો પણ ચાલે; પણ જે સમયે દ્રવ્યકોશ અને પાકનિષ્પત્તિ(રસોડું) કોઈપણ કારણસર વિભક્ત હોય, તો તેઓએ પોતપોતાનાં ઘરે સ્વતંત્ર ગણેશમૂર્તિ પૂજવી. કુળાચાર પ્રમાણે અથવા પૂર્વાપાર ચાલતી આવેલી પદ્ધતિ પ્રમાણે એકજ ગણપતિની સ્થાપના કરવાની પરંપરા જો સાચવવી હોય, તો જે ભાઈમાં ગણપતિ વિશે વધારે ભક્તિભાવ હોય, તેના જ ઘરે ગણપતિની સ્થાપના કરવી યોગ્ય છે.

3. શ્રી ગણેશ ચતુર્થીના દિવસે પૂજવાની મૂર્તિ કેવી હોવી જોઈએ?

આજકાલ ધર્મશાસ્ત્રનો વિચાર કર્યા સિવાય પોતપોતાની પસંદગી અને કલ્પનાસૌંદર્ય પર ભાર મૂકીને વિવિધ આકારોમાં અને રૂપોમાં (ઉદા. ગરૂડ પર આરૂઢ ગણેશ, શ્રીકૃષ્ણના પહેરાવમાં ગણેશ તેમજ નર્તન કરનારા ગણેશ) શ્રી ગણેશની મૂર્તિઓ પૂજવામાં આવે છે.

# બિના સિગારેટ પીધે પણ ફેફસાં ખાખ!: ભારતમાં પેસિવ સ્મોકિંગથી થતા મોતમાં 50%નો ભયાનક ઉછાળો, 'ધ લેન્સેટ'ના રિપોર્ટથી હાહાકાર!

અમદાવાદ, (પાક્કો ગુજરાત ન્યૂઝ):

જો તમે સિગારેટ, બીડી કે તંબાકુને હાથ પણ નથી લગાડતા અને એમ માનતા હોવ કે તમારા ફેફસાં સુરક્ષિત છે, તો આ અહેવાલ તમારા પગ તળેથી જમીન ખસકાવી દેશે. આંતરરાષ્ટ્રીય સ્તરે અતિ પ્રતિષ્ઠિત મેડિકલ જર્નલ 'ધ લેન્સેટ પબ્લિક હેલ્થ' (The Lancet Public Health) માં પ્રકાશિત થયેલા એક તાજેતરના અભ્યાસે ભારતમાં આરોગ્ય ક્ષેત્રે રેડ એલાર્મ વગાડી દીધું છે. અભ્યાસ મુજબ, ભારતમાં ૧૯૯૦થી ૨૦૨૩ વચ્ચે પરોક્ષ ધૂમ્રપાન એટલે કે 'પેસિવ સ્મોકિંગ' (Second-hand Smoking) ના કારણે થતા મૃત્યુઆંકમાં કાળમુખો ૫૦%નો જંગી વધારો નોંધાયો છે!

વાર્ષિક ૩.૨૫ લાખથી વધુ લોકોનો ગૂંગળાઈને બલિદાન!

રિપોર્ટના ચોંકાવનારા આંકડા દર્શાવે છે કે ગયા વર્ષે ભારતમાં પેસિવ સ્મોકિંગના કારણે મૃત્યુ પામનારા નિર્દોષ લોકોનો આંકડો ૩,૨૫,૬૦૦ સુધી પહોંચી ગયો હતો. એટલે કે જે લોકોએ જિંદગીમાં ક્યારેય પોતે ધૂમ્રપાન નથી કર્યું, તેઓ માત્ર પોતાની આસપાસના ધૂમ્રપાન કરનારા લોકોના ઝેરી ધૂમાડાની ચપેટમાં આવવાથી અકાળે મોતને ભેટ્યા છે.

વિશ્વમાં બીજા નંબરે ભારત: ૪૪.૪ કરોડ નાગરિકો ઝેર પીવા મજબૂર

અભ્યાસ અનુસાર, આસપાસના ધૂમાડાના સંપર્કમાં આવવાના મામલે ભારત સમગ્ર વિશ્વમાં બીજા ક્રમે આવી ગયું છે. દેશના આશરે ૪૪.૪ કરોડ લોકો દરરોજ પરોક્ષ ધૂમ્રપાનના ભયાનક સંપર્કમાં આવી રહ્યા છે: વસતી વધારાનો ખતરો: જોકે ટકાવારીની દ્રષ્ટિએ સંપર્કમાં આવતા લોકોનું પ્રમાણ ૪૩.૨% થી ઘટીને ૩૦.૬% થયું છે, પરંતુ દેશની વધતી વસતીના કારણે સંપર્કમાં આવનારા લોકોની કુલ સંખ્યામાં ૧૮.૪%નો મોટો વધારો થયો છે. જાહેર સ્થળો અને ઘરનું જોખમ: બસ સ્ટેન્ડ, રેસ્ટોરન્ટ, જાહેર રસ્તાઓ અને ખુદ પોતાના ઘરમાં પણ અન્ય સભ્યોના ધૂમ્રપાનના કારણે મહિલાઓ અને બાળકો સૌથી વધુ ભોગ બની રહ્યા છે.

# થોડું સમજાવવું હોય તો સંક્ષિપ્તમાં કહો, અને ઘણુંબધું સમજાવવું હોય તો મૌન રહો

માણસના જીવનમાં શબ્દોનું ખૂબ મોટું મહત્વ છે. એક નાનો શબ્દ કોઈના ચહેરા પર સ્મિત લાવી શકે છે, તો એ જ શબ્દ ક્યારેક કોઈના હૃદયને ઊંડી પીડા પણ આપી શકે છે. તેથી જ દરેક વાત કહેવી જરૂરી નથી અને દરેક વાતને લાંબી સમજાવટની પણ જરૂર હોતી નથી. કેટલીક વાતો એવી હોય છે કે જેને સમજાવવા માટે માત્ર બે શબ્દો પૂરતા હોય છે. પરંતુ જ્યારે કોઈ વાતને વારંવાર સમજાવવાની, સાબિત કરવાની કે પોતાના મનની વાત બીજાના મનમાં ઉતારવાની જરૂર પડે, ત્યારે ઘણી વખત મૌન સૌથી અસરકારક જવાબ બની જાય છે.

શબ્દો ઓછા હોય તો પણ લાગણી સમજાય છે,

મૌન ઊંડું હોય તો પણ વાત સમજાય છે;<br>
દરેક સંબંધને શબ્દોની જરૂર નથી હોતી,<br>
ક્યારેક આંખો જ આખી વાત કહી જાય છે.

આપણે ઘણી વાર એવા લોકો વચ્ચે રહીએ છીએ, જેઓ દરેક વાતનો ખુલાસો માગે છે. આપણે શું કર્યું, શા માટે કર્યું, કોના માટે કર્યું–દરેક બાબતનો જવાબ આપવાની અપેક્ષા રાખવામાં આવે છે. પરંતુ જીવનના દરેક નિર્ણયનો હિસાબ દરેક વ્યક્તિને આપવો જરૂરી નથી. કેટલીક બાબતો વ્યક્તિના અંતરંગ જીવન સાથે જોડાયેલી હોય છે, જેને સમજવા માટે સામેની વ્યક્તિ પાસે સંવેદના હોવી જરૂરી છે. સમજદાર વ્યક્તિ ઓછું બોલે છે, કારણ કે તેને ખબર હોય છે કે દરેક વાતનો જવાબ શબ્દોથી આપવો જરૂરી નથી. જ્યારે સામેની વ્યક્તિ સમજવા તૈયાર જ ન હોય, ત્યારે હજારો શબ્દો પણ નિષ્ફળ જાય છે. એ સમયે મૌન કોઈ નબળાઈ નથી, પરંતુ પોતાની માનસિક શાંતિ જાળવવાની એક સુંદર રીત છે.

મૌનનો અર્થ સંબંધો તોડી નાખવો કે કોઈની અવગણના કરવી નથી. મૌનનો સાચો અર્થ છે–જ્યાં શબ્દોનો કોઈ અર્થ ન રહે ત્યાં પોતાની ઊર્જા બચાવી લેવી. કારણ કે દરેક ચર્ચા જીતવી જરૂરી નથી અને દરેક ગેરસમજ દૂર કરવી પણ આપણા હાથમાં નથી.

જીવન આપણને ધીમે ધીમે શીખવે છે કે જે વ્યક્તિ આપણને સાચે સમજવા માગે છે, તેને વધારે સમજાવવાની જરૂર પડતી નથી; અને જે સમજવા માગતી નથી, તેને ગમે તેટલું સમજાવીએ તો પણ તે સમજશે નહીં.

આથી, થોડું સમજાવવું હોય તો સંક્ષિપ્તમાં કહો. તમારી વાત સાચી હોય તો સમય તેને સાબિત કરશે. અને જો ઘણુંબધું સમજાવવું પડે, તો થોડું મૌન ધારણ કરો. કદાચ તમારા શબ્દો કરતાં તમારું મૌન વધુ ઊંડી અસર કરશે.

અંતે જીવનની સુંદરતા એમાં જ છે કે ક્યાં બોલવું અને ક્યાં મૌન રહેવું–આ બંને વચ્ચેનો તફાવત આપણે શીખી જઈએ. કારણ કે યોગ્ય સમયે બોલાયેલો શબ્દ સંબંધ બચાવી શકે છે અને યોગ્ય સમયે રાખેલું મૌન આપણું મન બચાવી શકે છે.

**રૂપેશ સોલંકી, ભચાઉ,કચ્છ**




### પાળીયાદ પોલીસ ની મોટી કાર્યવાહી

# દારૂ-બિયર ભરેલો આઈસર ટ્રક અને બોલેરો પીકઅપ ઝડપી પાડ્યા

## રૂ.35.53 લાખનો દારૂ-બિયરનો જથ્થો, 13,920 નૂડલ્સ કપ સહિત રૂ.63.19 લાખનો મુદ્દામાલ કબ્જે,આરોપીઓ ફરાર



બોટાદ, વિપુલ લુહાર

બોટાદ જિલ્લાના પાળીયાદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગેરકાયદેસર દારૂની હેરાફેરી સામે પોલીસે મોટી કાર્યવાહી હાથ ધરી છે. પાળીયાદ પોલીસની ટીમે ગઢડીયા ગામની સીમમાં આવેલા જોગી ડુંગર વિસ્તારમાં દરોડો પાડી દારૂનો મોટો જથ્થો ભરેલો આઈસર ટ્રક તથા બોલેરો પીકઅપ વાહન ઝડપી પાડતાં બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે. પોલીસની કાર્યવાહી દરમિયાન આરોપીઓ સ્થળ પરથી ફરાર થઈ જતા તેમને ઝડપી પાડવા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. બોટાદ જિલ્લા પોલીસ વડા ધર્મેન્દ્ર શર્મા દ્વારા સમગ્ર જિલ્લામાંથી દારૂની બદી નાબૂદ કરવાની કડક સુચના આપવામાં આવેલ હોય જે સૂચનાને લઈને પાળીયાદ પોલીસ સ્ટેશનના PI એન.પી. રાઠોડ અને PSI જી.જે. ગોહિલની આગેવાની હેઠળ પોલીસ સ્ટાફ દ્વારા ગઢડીયા ગામની સીમમાં આવેલા જોગી ડુંગર વિસ્તારમાં બાતમીના આધારે દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પોલીસ ટીમે સ્થળ પર તપાસ હાથ ધરતા એક આઈસર ટ્રક તથા બોલેરો પીકઅપ વાહન શંકાસ્પદ હાલતમાં મળી આવ્યા હતા. પોલીસે બંને વાહનોની ઝીણવટભરી તપાસ કરતા આઈસર ટ્રકમાંથી અલગ-અલગ બ્રાન્ડની શીલબંધ નાની-મોટી દારૂની કુલ 9,581 બોટલ તેમજ 2,753 બીયરના ટીન મળી આવ્યા હતા. આમ કુલ 12,334 નંગ દારૂ-બિયરનો જથ્થો, જેની અંદાજિત કિંમત રૂ.35,53,882 હોવાનું સામે આવ્યું હતું. આ ઉપરાંત આઈસર ટ્રકમાંથી મેગી કપ નૂડલ્સના 13,920 નંગ કપ, જેની કિંમત આશરે રૂ.7,65,600 હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે દારૂ-બિયર તથા અન્ય મુદ્દામાલ સાથે વાહનો પણ કબજે લઈ સમગ્ર મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.પોલીસે કબજે કરેલા મુદ્દામાલમાં આઈસર ટ્રકની કિંમત રૂ.15,00,000 અને બોલેરો પીકઅપની કિંમત રૂ.5,00,000 મળી કુલ વાહનોની કિંમત રૂ.20 લાખ થાય છે. દારૂ-બિયર, નૂડલ્સ કપ અને બંને વાહનો સહિત પોલીસે કુલ રૂ.63,19,482નો મુદ્દામાલ કબજે કર્યો છે.

આ સમગ્ર સફળ કામગીરીમાં પાળીયાદ પોલીસ સ્ટેશનના PI એન.પી. રાઠોડ, PSI જી.જે. ગોહિલ તેમજ પોલીસ સ્ટાફના બુધેશભાઈ જોગવા, ગોવિંદભાઈ ગલચર, વિપુલભાઈ ચૌધરી, જયેશભાઈ ચૌહાણ, અજીતભાઈ ભોજક, ગોવિંદભાઈ ચૌહાણ સહિતના પોલીસ કર્મચારીઓએ મહત્વની ભૂમિકા ભજવી હતી.પોલીસ કાર્યવાહી દરમિયાન આરોપીઓ ફરાર થઈ જતા તેમને ઝડપી પાડવા માટે પાળીયાદ પોલીસે વિવિધ દિશામાં તપાસ શરૂ કરી છે.વધુ તપાસ પાળીયાદ પોલીસ સ્ટેશનના PI એન.પી. રાઠોડ ચલાવી રહ્યા છે.પાળીયાદ પોલીસની આ કાર્યવાહીથી ગેરકાયદેસર દારૂની હેરાફેરી કરતા તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

# ઈશ્વરસિંહ પટેલ સતત 11મી વખત પંડવાઈ સુગરના ચેરમેન બન્યાં

## સહકાર પેનલનો દબદબો, તમામ 16 બેઠકો પર મેળવ્યો વિજય; અનિલ પટેલ વાઇસ ચેરમેન

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ જિલ્લાના હાંસોટ ખાતે આવેલી પંડવાઈ સુગર ફેક્ટરીના ચેરમેન તરીકે રાજ્યના જળસંપત્તિ મંત્રી ઈશ્વરસિંહ પટેલની સતત 11મી વખત વરણી કરવામાં આવી છે. જ્યારે વાઇસ ચેરમેન તરીકે અનિલ પટેલની બિનહરીફ વરણી થઈ છે. સુગર ફેક્ટરીની ચૂંટણીમાં ઈશ્વરસિંહ પટેલની સહકાર પેનલે તમામ 16 બેઠકો પર વિજય મેળવ્યા બાદ હોદ્દેદારોની ચૂંટણી યોજાઈ હતી.



પંડવાઈ સુગર ફેક્ટરીની ચૂંટણીમાં સહકાર પેનલનો દબદબો જોવા મળ્યો હતો. પેનલે તમામ 16 બેઠકો પર વિજય મેળવી સત્તા જાળવી રાખી હતી. ત્યારબાદ પ્રાંત અધિકારી રવિરાજ જાડેજાની અધ્યક્ષતામાં ચેરમેન અને વાઇસ ચેરમેનની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં ઈશ્વરસિંહ પટેલની સતત 11મી વખત ચેરમેન તરીકે પસંદગી કરવામાં આવી હતી.

ચેરમેન પદે ઈશ્વરસિંહ પટેલની વરણી સાથે અનિલ પટેલને વાઇસ ચેરમેન બનાવવામાં આવ્યા છે. અનિલ પટેલની વાઇસ ચેરમેન તરીકે બિનહરીફ વરણી થઈ હતી. હોદ્દેદારોની પસંદગી બાદ નવનિયુક્ત ચેરમેન, વાઈસ ચેરમેન અને ડિરેક્ટરોને શુભેચ્છકો દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

ચેરમેન તરીકે વરણી થયા બાદ ઈશ્વરસિંહ પટેલ અને સુગર ફેક્ટરીના ડિરેક્ટરોએ પાંડુકેશ્વર મહાદેવ મંદિરે પહોંચીને પૂજન-અર્ચન કર્યું હતું. આ પ્રસંગે શુભેચ્છકો અને સમર્થકોએ નવનિયુક્ત હોદ્દેદારોને શુભેચ્છાઓ પાઠવી હતી.

ચેરમેન તરીકેની વરણી બાદ ઈશ્વરસિંહ પટેલે આગામી સમયની કામગીરી અંગે જણાવ્યું હતું કે ખેડૂતોને સારા ભાવ આપવા પર ભાર મૂકવામાં આવશે. આ ઉપરાંત ચોખા અને મકાઈમાંથી ઈથેનોલ પ્લાન્ટ કાર્યરત કરવાનું લક્ષ્યાંક છે. સુગર ફેક્ટરીના વિકાસની સાથે ખેડૂતોના હિતને કેન્દ્રમાં રાખીને આગામી સમયમાં વિવિધ કામગીરી હાથ ધરવામાં આવશે.

## ચાણોદ -ડભોઈ માર્ગ પર ગામડી-ડભોઈ વચ્ચે નવનિર્માણ પામે રોડ પર સફેદ પટ્ટા પાડવા રેડીયમ લગાવા માગ

ચાણોદ, મુકેશ ખત્રી

તીર્થધામ ધામ ચાણોદ કરનારી સહિત શીનોર સેગવા સાધલી રાજપીપળા રાજપાળદી સહિત પંથક ના લોકો ડભોઈ વડોદરા જિલ્લામાં અવરજવર પોતાના નાના મોટા વાહનો લઈને અવરજવરથી રહેતી હોય છે યાત્રીકો ની અવર જવર તેમજ રેતી કપચી ના ડંપરો ટ્રાન્સપોર્ટ વાહન થી માર્ગ ધમધમતો હોય છે એસટી બસો ની અવરજવર રહેતી હોય છે ત્યારે હાલમાં નવો બનેલ ડામર રોડ ફોરલેન ના સાઠોડ પાસે ગામડી-ડભોઈ રેલ્વે બ્રીજ વચ્ચે રોડ તૈયાર થઈ ગયેલ હોઈ રોડ પરથી વાહનો ની સતત અવર જવર છે વ્યસ્ત રોડ પર તંત્ર દ્વારા હજૂ સુધી સફેદ પટ્ટા પાડવા મા આવ્યા નથી તેથી રાત્રિના વરસાદ વચ્ચે તેમજ સામેથી આવતા વાહનોને ની લાઈનટ ના પ્રકાશ માં રોડ દેખાતો ન હોય તેમ સફેદ લાઈટ ના વાહનોની લાઈટ માં તો પરીસ્થીતી વધારે નીકટ બની જતી હોય છે સામે થી દેખાતું નથી.જેથી રાત્રિના અકસ્માત ની સંભાવના વધી જાય છે.

રોડ પર સત્વરે સફેદ પટ્ટા રેડીયો લગા લોક માંગ જોવા મળી છે.

તેમજ સાઠોદ થી ચાણોદ વચ્ચે રોડ પર પડેલ ખાડા પૂરવૂ ડામર કામ કરવાં માંગ ઉઠી છે.કેટલીક જગ્યાએ વાળા થી રોડ બેસી જતા વાહનો ઠપકાથી છે સત્વરે રોડ તેમજ વાળા નું લેવલ સમતળ કરવું જરૂરી છે.

### હરતા-ફરતા પશુ દવાખાનાની કામગીરીમાં ખોટા દસ્તાવેજો

# પોરબંદર પશુપાલન વિભાગમાં રૂ.32.42 લાખની સરકારી ગ્રાન્ટની ઉચાપતનો આક્ષેપ

ગોસા(ઘેડ), વિરમભાઈ કે. આગઠ

પોરબંદર જિલ્લા પંચાયત હસ્તકની પશુપાલન શાખામાં વર્ષ ૨૦૧૫થી ૨૦૧૯ દરમિયાન હરતા-ફરતા પશુ દવાખાનાની યોજનાના અમલીકરણમાં નાણાકીય ગેરરીતિ અને સરકારી નાણાની ઉચાપત થયાનો ગંભીર આક્ષેપ કરતી ફરિયાદ કમલાબાગ પોલીસમાં કરવામાં આવી છે.જેના આધારે કમલાબાગ પોલીસ સ્ટેશનમાં આઈ પી સી અધિનિયમ ની કલમ ૪૦૯, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૧૪ મુજબ એફ.આર. આઈ. નં. ૧૧૨૧૮૦૦૯૨૬૦ ૫૮૬/૨૦૨૬ થી નોંધવામાં આવી છે. મદદનીશ પશુપાલન નિયામક ડો. ભરતભાઈ વિરમભાઈ મંડેરા દ્વારા પશુપાલન નિયામક, ગાંધીનગરના લેખિત હુકમના આધારે કરવામાં આવેલી કમલાબાગ પોલીસ ફરિયાદમાં પોરબંદર જિલ્લા પંચાયતના તત્કાલીન નાયબ પશુપાલન નિયામક ડો. કે. બી. રાવલ તથા કોન્ટ્રાક્ટર મેરામણભાઈ ધના ઉલવા સામે કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. મદદનીશ પશુપાલન નિયામક ડો. ભરતભાઈ વિરમભાઈ મંડેરા દ્વારા ફરિયાદમાં જણાવ્યા મુજબ, ગુજરાત સરકારની દસ ગામ દીઠ એક મોબાઈલ પશુ દવાખાનાની યોજના હેઠળ પશુચિકિત્સા સેવા માટે ડોક્ટર, એટેન્ડન્ટ કમ પટાવાળા તથા ફરતા દવાખાના માટે વાહનની વ્યવસ્થા કરવાની હતી. પોરબંદર જિલ્લામાં પાલખડા, ઓડદર, દેવડા, ચૌટા અને મંડેર સહિતના પાંચ સ્થળોને મુખ્ય મથક બનાવી હરતા-ફરતા પશુ દવાખાનાની કામગીરી દર્શાવવામાં આવી હતી. ફરિયાદમાં આક્ષેપ મુજબ, આ દવાખાના ઓ માટે વાહનોનો વાસ્તવિક ઉપયોગ તથા એટેન્ડન્ટ કમ પટાવાળાની નિમણૂક કર્યા વિના ખોટી લોગબુક, બીલો, વાઉચરો અને પ્રમાણપત્રો તૈયાર કરવામાં આવ્યા હતા. તેમજ કોન્ટ્રાક્ટર સાથે મેળાપીપણું કરી સરકારી ગ્રાન્ટમાંથી વિવિધ ખર્ચની રકમ ઉપાડવામાં આવી હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે. ફરિયાદ અનુસાર વર્ષ ૨૦૧૫થી ૨૦૧૯ દરમિયાન હરતા-ફરતા પશુ દવાખાનાના વાહન ખર્ચ પેટે રૂ.૨૩,૫૪,૯૭૭ તથા એટેન્ડન્ટ કમ પટાવાળાના ખર્ચ પેટે રૂ.૮,૮૮,૦૦૦ મળી કુલ રૂ.૩૨,૪૨,૯૭૭ની સરકારી રકમની ઉચાપત કરવામાં આવી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે, વિભાગીય તપાસ દરમિયાન નાણાકીય ગેરરીતિ તથા ખોટા દસ્તાવેજો અંગેની હકીકતો સામે આવી હતી. ડો. કે.બી. રાવલ હાલ ફરજ મોકૂફ હાલ કેમ્પ સુરેન્દ્રનગર હોવાનું પણ ફરિયાદમાં જણાવાયું છે. આ સમગ્ર મામલે ખોટા દસ્તાવેજો તૈયાર કરી તેનો સાચા તરીકે ઉપયોગ કરવા, સરકારી યોજનાની ગ્રાન્ટમાં ગેરરીતિ કરવા તથા સરકારી નાણાંની ઉચાપત કરવા બદલ ડો. કે.બી. રાવલ, કોન્ટ્રાક્ટર મેરામણભાઈ ધના ઉલવા તેમજ તપાસમાં સામે આવે તેવા અન્ય જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ સાથે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

# જેતપુરપાવીમાં બાયપાસના સર્વે સામે ગ્રામજનોનો આક્રોશ

## ખેડૂતો-વેપારીઓની મિલકતો અને કબ્રસ્તાનની જમીન રૂટમાં આવતી હોવાનો આક્ષેપ; સર્વે તાત્કાલિક બંધ કરવાની માંગ

જેતપુરપાવી, ઇમરાન મિર્ઝા

જેતપુરપાવી ખાતે નવા બાયપાસના નિર્માણને લઈને નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા હાથ ધરવામાં આવી રહેલા સર્વે સામે ગ્રામજનોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. બાયપાસના પ્રસ્તાવિત રૂટમાં ખેડૂતોની જમીન, વેપારીઓની મિલકતો તેમજ મુસ્લિમ સમાજના કબ્રસ્તાનની જમીન આવતી હોવાનો સ્થાનિકોએ આક્ષેપ કરતાં સમગ્ર મામલો વિવાદમાં આવ્યો છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ, વિકાસના નામે સ્થાનિકોની જમીન અને મિલકતોને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કોઈપણ સંજોગોમાં સ્વીકાર્ય નથી. ખેડૂતોની રોજીરોટી, વેપારીઓના ધંધા અને ધાર્મિક સ્થળની જમીનને અસર થાય તેવો રૂટ મંજૂર કરવામાં આવે તો સ્થાનિકોમાં અસંતોષ વધુ ઉગ્ર બની શકે છે. આ



મુદ્દે ગ્રામજનોએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, અસરગ્રસ્ત લોકોની સંમતિ અને યોગ્ય રજૂઆતોને ધ્યાનમાં લીધા વિના સર્વેની કામગીરી આગળ વધારવી અન્યાય સમાન છે. સ્થાનિકોની માંગ છે કે, બાયપાસના રૂટ અંગે પારદર્શક રીતે માહિતી જાહેર કરવામાં આવે અને તમામ અસરગ્રસ્ત લોકો સાથે ચર્ચા કર્યા બાદ જ કોઈ નિર્ણય લેવામાં આવે. ગ્રામજનોએ સર્વેની કામગીરી તાત્કાલિક અટકાવી બાયપાસના પ્રસ્તાવિત રૂટની ફરીથી સમીક્ષા કરવાની માંગ કરી છે. સાથે જ, ખેડૂતો, વેપારીઓ અને કબ્રસ્તાનની જમીનને નુકસાન ન થાય તે માટે વૈકલ્પિક રૂટ અંગે વિચારણા કરવાની પણ રજૂઆત કરવામાં આવી છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, જો તેમની માંગણીઓ અંગે તાત્કાલિક યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે તો આગામી દિવસોમાં વધુ ઉગ્ર વિરોધ કરવામાં આવશે.

### શૌચાલય-મુતરડીની દુર્ગંધથી દુકાનદારો પરેશાન

# સાધલી સ્ક્વેરમાં ગંદકી વચ્ચે દારૂની ખાલી બોટલો અને નશાયુક્ત સિગારેટના ઠુંઠા!!!

સાધલી, હસમુખ પટેલ

શિનોર તાલુકાના ઉતરાજ રોડ તરફ આવેલા સાધલી સ્ક્વેર શોપિંગ સેન્ટરમાં દુકાનદારો શૌચાલય, મુતરડી તથા કેમ્પસમાં ભારે ગંદકી થી ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે. સાધલી મુકામે જગ્યાઓ એન.એ. કરાવીને આડેધડ શોપિંગ સેન્ટરો ઉભા કરી દેવામાં આવે છે, અને લોકો પૂરી સુવિધાઓ જોયા સિવાય દુકાનો ભાડેથી અને વેચાણ લઈ લે છે. અને ત્યારબાદ કટી ગંદકી લાઈટોની અપૂરતી વ્યવસ્થા અને





આડેધડ ઊગી નીકળેલ ઘાસચારો, સાથોસાથ શૌચાલય તથા મુતરડી માં પાન પડીકી ખાઈને પિચકારીઓ મારીને કરાતી ગંદકી અને ઈંગ્લિશ દારૂના ખાલી ક્વાટરીયા અને બોટલો નાખીને અગવડતા ઊભી થાય છે, છતાં પણ દુકાનદારો ગમે તે કારણસર મૌન રહે છે. આ શોપિંગ સેન્ટર સાધલી આઉટ પોસ્ટ જે સંસ્થામાં આવેલ છે, તે સંસ્થા ની સામે જ આવેલ છે. છતાં પણ આ શોપિંગ સેન્ટરમાં નશા યુક્ત ચીજ વસ્તુઓનું વેચાણ થતું હોવાની બહુ ઉઠેલ છે, આ શોપિંગ સેન્ટરમાં હોસ્પિટલો પણ આવેલ છે અને દર્દીઓ પણ દવાખાનામાં આવે છે, તેવા સમયે શોપિંગ સેન્ટરના દુકાનદારો અને માલિકો શૌચાલય તથા મુતરડીની દુર્ગંધ મારતી ગંદકી અને ઝેરી સરી સર્પ નું રહેઠાણ ન થાય તે માટે ઉભી નીકળેલ ઘાસચારો તાત્કાલિક દૂર કરાવે એ શોપિંગ સેન્ટર માટે અને દવાખાનામાં આવતા જાતિઓ માટે આશીર્વાદરૂપ બનશે, એવી માંગ છે.

## અંકલેશ્વર-હાંસોટ રોડ પર આમલાખાડી નજીક ડાયવર્ઝન પર પાણી ફરી વળ્યા: સીઝનમાં ચોથી વખત માર્ગ બંધ કરાતા વાહન વ્યવહારને અસર

ભરૂચ, રંગુની જાકીર

અંકલેશ્વરમાં સતત વરસાદને કારણે કડકિયા કોલેજ પાસે આમલાખાડી પરના ડાયવર્ઝન પર પાણી ભરાઈ ગયા છે. આથી વાહન વ્યવહાર માટે આ માર્ગ બંધ કરી દેવાયો છે. જોકે, નાના વાહનો બાજુમાં આવેલા જૂના બ્રિજ પરથી પસાર થઈ રહ્યા છે.




અંકલેશ્વર-હાંસોટ રોડ પર આવેલી આમલાખાડી ઓવરફ્લો થવાને કારણે ડાયવર્ઝન પર પાણી ફરી વળ્યા છે. આ સીઝનમાં ચોથી વખત આ માર્ગ બંધ કરવાની ફરજ પડી છે. વાહનચાલકોને તેના કારણે મુશ્કેલી પડી રહી છે. સુરક્ષા માટે સ્થાનિક પોલીસે આમલાખાડી પાસે ટીમ તૈનાત કરી છે. એશિયાડ નગર પાસે બેરીકેટ મૂકી દેવાયા છે. મોટા વાહનચાલકોને અંકલેશ્વરથી હાંસોટ જવા કે ત્યાંથી આવવા માટે આંબોલી-બોરીદ્રા થઈ પુનગામ તરફના માર્ગનો ઉપયોગ કરવા અપીલ કરાઈ છે. ભારે વરસાદને કારણે અંકલેશ્વરની નીચાણવાળી સોસાયટીઓના પ્રવેશ માર્ગો પર પણ પાણી ભરાયા છે. જેના લીધે સ્થાનિક રહીશો, રાહદારીઓ અને વાહનચાલકોને ઘણી મુશ્કેલી પડી રહી છે.

# સત્તાધારીઓની બહુમતી છતાં વનાણા ટોલનો પ્રશ્ન યથાવત્! પોરબંદરની પ્રજા ટોલ ભરે અને વાયદાઓ માત્ર કાગળ પર?

## વનાણા ટોલનાકા મુદ્દે BSP આક્રમક : બાયપાસ બનાવો, નહીં તો જનઆંદોલન- ન્યાયપાલિકાના દરવાજા ખખડાવવાની ચીમકી

ગોસા(ઘેડ), વિરમભાઈ કે. આગઠ

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની પવિત્ર જન્મભૂમિ પોરબંદરની જનતા આજે વનાણા ટોલનાકાના મુદ્દે મુશ્કેલીનો સામનો કરી રહી હોવાનો આક્ષેપ બહુજન સમાજ પાર્ટી (BSP) દ્વારા કરવામાં આવ્યો છે. પોરબંદર વિસ્તારના ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકારના બે કેબિનેટ કક્ષાના મંત્રીઓ તેમજ પોરબંદર મહાનગરપાલિકામાં સત્તાધારી પક્ષની બહુમતી હોવા છતાં ટોલનાકાના પ્રશ્નનો કાયમી ઉકેલ ન આવતા પ્રજામાં રોષ ફેલાયો હોવાનું BSPએ જણાવ્યું છે.



BSPના જણાવ્યા મુજબ, ફેબ્રુઆરી માસ દરમિયાન બહુજન સમાજ પાર્ટીએ આમ આદમી પાર્ટી, કોંગ્રેસ સહિતના અન્ય રાજકીય પક્ષો સાથે મળીને વનાણા ટોલનાકાના મુદ્દે ચળવળ હાથ ધરી હતી. તે સમયે પોરબંદર મહાનગરપાલિકાના તત્કાલીન કમિશનર હસમુખ પ્રજાપતિ દ્વારા મહાનગરપાલિકાની ચૂંટણી બાદ વનાણા નજીક બાયપાસ માર્ગ બનાવવામાં આવશે અને તેના કારણે લોકોને ટોલ ટેક્સ ભરવાની ફરજ નહીં પડે તેવી વાત કરવામાં આવી હોવાનું BSPએ જણાવ્યું છે.

પરંતુ મહાનગરપાલિકાની ચૂંટણીને ૧૦૦ દિવસથી વધુનો સમય વીતી ગયો હોવા છતાં બાયપાસ માર્ગ બનાવવાની કામગીરી શરૂ થઈ નથી, તેવો આક્ષેપ કરવામાં આવ્યો છે. એટલું જ નહીં, ટોલનાકા પહેલાં આદિત્યાણા અને અદિતપરાને જોડતો બાયપાસ માર્ગ પણ ટોલનાકાના સંચાલકો દ્વારા ગેરકાયદેસર રીતે બંધ કરી દેવામાં આવ્યો હોવાનો BSPએ ગંભીર આક્ષેપ કર્યો છે.

આ વિસ્તારમાં અનેક પ્લોટિંગ તેમજ નાના-મોટા ઉદ્યોગો આવેલા હોવાથી સ્થાનિક લોકોને અવરજવર માટે પણ મુશ્કેલી પડી રહી છે. ગામમાંથી ગામમાં જવા માટે પણ ટોલ ટેક્સ ચૂકવવો પડતો હોવાના કારણે સ્થાનિક પ્રજામાં નારાજગી જોવા મળી રહી હોવાનું BSPએ જણાવ્યું છે.

## છોટાઉદેપુર જિલ્લાના વસેડી ખાતે નવનિર્માણ પામેલ ઇકોયુનિટી શૈક્ષણિક સંકુલનું સાંસદ જશુભાઈ રાઠવાના હસ્તે ભવ્ય ઉદ્ઘાટન

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર જિલ્લામાં આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ, ઉચ્ચ શિક્ષણ, રમત-ગમત તેમજ સામાજિક ઉત્થાનના ઉદ્દેશ સાથે એક ઐતિહાસિક શૈક્ષણિક અધ્યાયની શરૂઆત થઈ છે. ઈકોયુનિટી ટ્રાઈબલ પ્રોગ્રેસ ઈનિશિયેટિવ ચેરીટેબલ ટ્રસ્ટ, છોટાઉદેપુર દ્વારા વસેડી ખાતે નવનિર્માણ પામેલ 'ઈકોયુનિટી શૈક્ષણિક સંકુલ'નો આજરોજ એક ભવ્ય ઉદ્ઘાટન સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમ છોટાઉદેપુર લોકસભા સાંસદ જશુભાઈ રાઠવાના વરદ હસ્તે અને અધ્યક્ષસ્થાને સંપન્ન થયો હતો. આ ગૌરવપૂર્ણ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ ઉપેન્દ્રભાઈ રાઠવા, પૂર્વ રેલવે રાજ્ય મંત્રી નારણભાઈ




રાઠવા, વસેડી ગ્રામ પંચાયતના સરપંચ ગંભીરભાઈ રાઠવા, જિલ્લા પંચાયત શિક્ષણ સંઘ પ્રમુખ માધુભાઈ રાઠવા તથા જિલ્લા પંચાયતના વિરોધપક્ષ નેતા રાજેશકુમાર રાઠવા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત નાયબ વન સંરક્ષક મહેન્દ્રસિંહ રાઠવા (IFS) તેમજ કેવડીના પૂર્વ RFO નિરંજનભાઈ રાઠવા સહિતના ઉચ્ચ અધિકારીઓએ પ્રેરક હાજરી આપી કાર્યક્રમની શોભા વધારી હતી.



### 70,000 રૂપિયા ભાડું છતાં 'બદતર જિંદગી'

# ટીવી અભિનેત્રી આંચલ ખુરાનાએ ખોલ્યું મુંબઈની કડવી વાસ્તવિકતાનું રાજ

મુંબઈ

મુંબઈને સીટી ઓફ ડ્રીમ્સ કહેવામાં આવે છે. ખાસ કરીને ફિલ્મ અને ટેલિવિઝન ઈન્ડસ્ટ્રીથી જોડાયેલા લોકો માટે આ શહેર સફળતા અને ચમક દમકનું પ્રતીક માનવામાં આવે છે. સોશિયલ મીડિયા પર પણ ઘણીવાર સેલિબ્રિટીઝ પોતાના સુંદર ઘરો, આલીશાન ઈન્ટીરીયર અને લગઝરી લાઈફસ્ટાઈલની તસવીરો શેર કરતા રહે છે, પરંતુ ટીવી અભિનેત્રી આંચલ ખુરાનાએ તાજેતરમાં જ પોતાના ઘરનો વીડિયો બતાવ્યો તે આ ચમકતી તસ્વીરથી તદ્દન અલગ જ છે. 'એમટીવી રોડીઝ 8' ની વિજેતા રહી ચૂકેલી આંચલે પોતાના મુંબઈ સ્થિતના 1 બીએચકે ભાડાના ફ્લેટનો એવો ટુર કરાવ્યો, જેમાં તેમને વગર કોઈ બનાવટ પોતાના રોજબરોજના જીવનની ઝલક બતાવી હતી. આંચલે પોતાના વ્લોગમાં કહ્યું કે જે ફ્લેટમાં હાલમાં તે રહે છે તેનું માસિક ભાડું 70 હજાર રૂપિયા છે.


આટલા ભાડું આપવા છતાં ઘરની આસપાસ કોઈ ભવ્ય ગાર્ડન, સ્વિમિંગ પુલ કે સમુદ્રનો સુંદર વ્યૂ નથી, પરંતુ તેમના ફ્લેટની ચારેબાજુ ઝૂંપડપટ્ટીઓ દેખાય છે. તેણે કહ્યું કે મુંબઈમાં ઘર ખરીદવું તેના માટે હજુ ઘણી દૂરની વાત છે. તેણે મજાકમાં કહ્યું કે જે રીતે મોંઘવારી વધી રહી છે અને ઈન્ડસ્ટ્રીની સ્થિતિ છે, તેમને અહીંયા પોતાનું ઘર ખરીદવામાં 400થી 500 વર્ષ લાગી શકે છે. વ્લોગની શરૂઆતમાં આંચલે પોતાના ઘરનું નાનું રસોડું બતાવ્યું, અને કહ્યું કે સીમિત જગ્યાના લીધે ત્યાં જ તેને વોશિંગ મશીન રાખવું પડે છે. ત્યારબાદ તેણે કેમેરા બારી તરફ ફેરવી વ્યુ બતાવ્યો હતો. જ્યાં સામાન્યરીતે સેલિબ્રિટી હોમ ટુરમાં સ્કાયલાઈન, સમુદ્ર કે ભવ્ય ઈમારતો દેખાય છે, પરંતુ તેના ઘરની બહાર ઝૂંપડપટ્ટી નજરે પડે છે. આંચલે આગળ કહ્યું કે આટલા બજેટમાં મુંબઈમાં હાલમાં તે આવી હાલતમાં રહે છે.

આંચલના ઘરનો એક રસપ્રદ ભાગ તેનો વોર્ડરોબ છે. તેણે પોતાના કપડાંની સાથે સાથે ડિઝાઈનર હેન્ડબેગ્સનું કલેક્શન પણ બતાવ્યું હતું, જેમાં આગળ તેણે વ્યંગાત્મક અંદાજમાં કહ્યું કે તેની પાસે તો કોઈ હેન્ડબેગ જ નથી પરંતુ ત્યાર બાદ તેણે એક પછી એક બેગ્સ બતાવવાનું શરૂ કર્યું હતું. તેના કલેક્શનમાં જાણીતી બ્રાન્ડ્સની બેગો બતાવી હતી. આંચલે પોતાના બેડરૂમ અને ઘરના અન્ય ભાગોને બિલકુલ સજાવ્યા વગર બતાવ્યા હતા.

**આંચલ ખુરાનાએ 'એમટીવી રોડીઝ 8' જીત્યા બાદ મનોરંજન જગતમાં પોતાની ઓળખ બનાવી હતી**

# કંગનાએ રાખી પર સાધ્યું નિશાન

### કંગનાએ પોતાના જવાબમાં રાખીના કરિયર પર પણ સીધો કટાક્ષ કર્યો હતો



મુંબઈ

અભિનેત્રી અને ભાજપ સાંસદ કંગના રનૌત તથા અભિનેત્રી રાખી સાવંત વચ્ચે ફરી એકવાર શાબ્દિક ટકરાવ થયો છે. રાખી સાવંતે તાજેતરમાં એક પોડકાસ્ટ દરમિયાન કંગના રનૌત અને સ્મૃતિ ઈરાનીને લઈને કરેલી વિવાદાસ્પદ ટિપ્પણીઓ કર્યા બાદ કંગનાએ સોશિયલ મીડિયા પર રાખીને આકરો જવાબ આપ્યો છે. આ મામલો હાલ બોલિવૂડમાં ચર્ચાનો વિષય બન્યો છે. રાખી સાવંતે પોડકાસ્ટમાં કંગના અને સ્મૃતિ ઈરાનીનો ઉલ્લેખ કરીને કેટલીક ટિપ્પણીઓ કરી હતી. તેમના નિવેદનનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ મામલો ચર્ચામાં આવ્યો હતો. રાખીની ટિપ્પણીને લઈને વિવિધ પ્રકારની પ્રતિક્રિયાઓ મળી હતી અને ત્યાર બાદ કંગનાએ પણ પોતાની પ્રતિક્રિયા આપી હતી. કંગનાએ સોશિયલ મીડિયા પર લખ્યું કે નિષ્ફળ અને કડવી માનસિકતા ધરાવતા કેટલાક લોકો પોતાની નિષ્ફળતા અને ઈર્ષ્યાને યોગ્ય ઠેરવવા માટે સફળ મહિલાઓને નિશાન બનાવે છે. તેના મતે આવી વ્યક્તિઓ જાહેરમાં સફળ મહિલાઓના ચારિત્ર્ય અને વ્યક્તિગત જીવન પર સવાલ ઉઠાવવાનો પ્રયાસ કરે છે. કંગનાએ વધુમાં કહ્યું કે મહિલાઓએ આવી ટિપ્પણીઓથી અસહાય અથવા અપમાનિત અનુભવવાની જરૂર નથી. તેમણે મહિલાઓને દરેક વખતે પોતાનો બચાવ કરવા અથવા પોતાની સફળતા અંગે સ્પષ્ટતા આપવાનું બંધ કરવાની સલાહ પણ આપી. કંગનાએ પોતાના જવાબમાં રાખીના કરિયર પર પણ સીધો કટાક્ષ કર્યો હતો. કંગનાએ રાખીને જવાબ આપતાં લખ્યું હતું કે માત્ર કોઈની ભલામણ કે ઉપકારથી સફળતા મેળવી શકાતી નથી. તેમણે કટાક્ષ કરતાં એવું પણ કહ્યું કે રાખીને તો 'સ્વીપરની નોકરી' પણ મળી નથી. કંગનાના આ નિવેદન બાદ સોશિયલ મીડિયા પર બંને અભિનેત્રીઓ વચ્ચેનો વિવાદ વધુ ચર્ચામાં આવ્યો છે.

# સામંથાની બેબી શાવર સેરમની: વૈદિક મંત્રો સાથે પૂજન થયું

### પહેલીવાર માતા બનવા જઈ રહેલી સામંથા માટે પરંપરાગત 'સીમંતમ' (બેબી શાવર) સેરેમનીનું આયોજન કરવામાં આવ્યું

મુંબઈ

સાઉથ એક્ટ્રેસ સામંથા રૂથ પ્રભુ અને તેમના પતિ રાજ નિદિમોરુ ટૂંક સમયમાં માતા-પિતા બનવાના છે. પહેલીવાર માતા બનવા જઈ રહેલી સામંથા માટે પરંપરાગત 'સીમંતમ' (બેબી શાવર) સેરેમનીનું આયોજન કરવામાં આવ્યું. આ સેરેમનીમાં સામંથા ફૂલોની માળા પહેરીને શ્રીવિદ્યા પરંપરા હેઠળ પૂજા-પાઠ અને અભિષેક કરાવતી જોવા મળી રહી છે. આ દરમિયાન તેમના પતિ રાજ નિદિમોરુ પણ તેમની સાથે વિધિઓમાં ભાગ લેતા જોવા મળ્યા. એક્ટ્રેસે પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ ઈન્સ્ટાગ્રામ પર આ સેરેમનીની તસવીરો અને વીડિયો શેર કર્યા છે. સામંથાએ જણાવ્યું કે આ સમારોહનું આયોજન તમિલ અને તેલુગુ પરંપરાઓ અનુસાર કરવામાં આવ્યું હતું. આછા નારંગી રંગના સૂટમાં અને ગળામાં ફૂલોની માળા પહેરેલી સામંથા એક ખુલ્લી જગ્યાએ બેઠેલી જોવા મળી. પૂજારીઓએ વૈદિક મંત્રોના જાપ સાથે તેમના પર પવિત્ર જળનો અભિષેક કર્યો અને માથા પર હાથ મૂકીને આશીર્વાદ આપ્યા. સામંથાએ જણાવ્યું કે જોકે તેઓ દરેક વિધિનો પૂરો અર્થ સમજતી નથી, પરંતુ મંત્રોના જાપથી ઉત્પન્ન થયેલી સકારાત્મક ઊર્જા અને પેઢીઓથી ચાલી આવતી આ પરંપરાઓ પ્રત્યે તેમનું મન હંમેશા સન્માનથી ભરેલું રહ્યું છે. અભિષેક પછી 'શ્રી ચક્ર યંત્ર'ના કેન્દ્રમાં બેઠેલી અભિનેત્રી. ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ શેર કરીને સામંથાએ લખ્યું કે સેરેમનીમાં શ્રીવિદ્યા ઉપાસક પૂજારીએ દરેક વિધિનો અર્થ સમજાવ્યો. તેમણે જણાવ્યું કે 'કલા આવરણ' (શ્રી કલ્પમ) વિધિ દ્વારા દેવીની 94 કલાઓનું સન્માન કરવામાં આવે છે. આ અંતર્ગત ગર્ભવતી મહિલાના સાત ચક્રોને પવિત્ર જળ અને મંત્રોથી ઊર્જાવાન બનાવવામાં આવે છે. સામંથાએ કહ્યું કે આ વિધિની સૌથી ખાસ વાત એ હતી કે તેમાં ભાવિ માતાને પોતે એક દેવી અને પવિત્ર સર્જક તરીકે જોવામાં આવે છે, જે એક નવા જીવનને જન્મ આપવા જઈ રહી છે.






# ગુજરાતી ફિલ્મ 'કન્યા બદલાવો સાવધાન'નું પોસ્ટર લોન્ચ

### ફિલ્મના નિર્માતાઓની ટીમમાં રાકેશ રાવલ , વિકુંજ પટેલ, માનસી શાહ, ધ્રુવ પટેલ, હર્ષ ભાવસાર, ચમનભાઈ રાવળ, ઉમરાવ પ્રજાપતિ, મેઘા પટેલ, વિશ્વરાજ બારોટ અને ગીતાબેન અશ્વિનકુમાર પટેલનો સમાવેશ થાય છે.

મુંબઈ

શ્રીનિક ક્રિએટર્સ (Shreenik Creators) દ્વારા પ્રસ્તુત નવીનતમ ગુજરાતી ફિલ્મ 'કન્યા બદલાવો સાવધાન' નું આકર્ષક ટાઈટલ પોસ્ટર આજે સત્તાવાર રીતે લોન્ચ કરવામાં આવ્યું છે. "આ ભૂલ લખાણની છે કે માણસની? જલ્દી જ ખબર પડશે!" જેવા રસપ્રદ અને કૌતુક જગાડતા ટેગલાઈન સાથે રિલીઝ થયેલું આ પોસ્ટર દર્શકોમાં ભારે ઉત્સુકતા જગાડી રહ્યું છે.

આ મનોરંજક ગુજરાતી ફિલ્મનું નિર્દેશન મિરલ શાહ દ્વારા કરવામાં આવ્યું છે અને તેની વાર્તા તેમજ લેખન ડૉ. ઋષિકેશ ઠક્કર નું છે.

ફિલ્મના નિર્માતાઓની ટીમમાં રાકેશ રાવલ , વિકુંજ પટેલ, માનસી શાહ, ધ્રુવ પટેલ, હર્ષ ભાવસાર, ચમનભાઈ રાવળ, ઉમરાવ પ્રજાપતિ, મેઘા પટેલ, વિશ્વરાજ બારોટ અને ગીતાબેન અશ્વિનકુમાર પટેલનો સમાવેશ થાય છે.

ગુજરાતી સિનેમાના પ્રતિભાશાળી કલાકારોથી સજ્જ આ ફિલ્મની મુખ્ય સ્ટારકાસ્ટમાં આકાશ પંડ્યા, આર.જે. સલોની, શ્રેય મારડીયા, ક્રીના પાઠક, સુનિલ વિસરાણી, મકરંદ શુકલા, કલ્પેશ પટેલ, હરેશ ડાઘીયા, જીગ્નેશ મોદી, મોરલી પટેલ, કોમલ પંચાલ, કામીની પટેલ અને હિતેશ ઠાકર જેવા ઉત્કૃષ્ટ કલાકારો પોતાની અદાકારીનો જાદુ વિખેરશે.

લગ્ન, ગેરસમજણ અને કોમેડીથી ભરપૂર લાગતી આ ફિલ્મ દર્શકોને એક સંપૂર્ણ કૌટુંબિક મનોરંજન પૂરું પાડવા માટે તૈયાર છે. આ ફિલ્મ ક સમયમાં જ નજીકના સિનેમાઘરોમાં પ્રદર્શિત થશે.

# 84 વર્ષની ઉંમરે અમિતાભ બચ્ચને અચાનક નિવૃત્તિ અંગે કરી સ્પષ્ટતા



મુંબઈ

બોલીવુડના બિગ-બી 84 વર્ષની ઉંમરમાં પણ એક્ટિવ છે. તેમના ચાહકો તેમની એક એક વાત અને મૂવમેન્ટ પર નજર રાખી રહ્યા છે. મેગાસ્ટાર અમિતાભ બચ્ચનના રિટાયરમેન્ટની અફવાઓ વચ્ચે તેમણે સ્પષ્ટતા કરી કે રિટાયરમેન્ટ લેવાનો તેમનો હમણાં કોઈ પ્લાન નથી. જો કે મેગાસ્ટારના તાજેતરના વ્લોગની પોસ્ટ બાદ એવી અફવાઓ ઉડી હતી કે તેઓ પોતાના કામથી અંતર બનાવવા પર વિચાર કરી રહ્યા છે. બાદમાં તેના પર સ્પષ્ટતા કરી બિગ-બીએ ફરી એક વ્લોગ પોસ્ટ કરી પોતાની વાત પર સ્પષ્ટતા કરી હતી. બિગ-બીએ લખ્યું કે, 'ના હુજુર, હું કામમાંથી રિટાયર થઈ રહ્યો નથી, અંગ્રેજીમાં આનો અર્થ એવો છે કે હું હવે સુવા જઈ રહ્યો છું અને તમને ત્યાં આવવા માટે આમંત્રણ આપ્યું નથી.' જો કે દિગ્ગજ અભિનેતાના છેલ્લા વ્લોગમાં લોકોએ એવું સમજી લીધું હતું કે તેઓ રિટાયરમેન્ટ લેવા પર વિચાર કરી શકે છે. તે ખાસ પોસ્ટમાં અમિતાભ બચ્ચને લખ્યું હતું કે કેવી રીતે અમુક વ્લોગ એન્ટ્રીને ઘણીવાર ખોટી સમજી લેવામાં આવે છે, જે રીતે તેમના શબ્દોનો અર્થ કાઢવામાં આવે છે અને રિપોર્ટ કરવામાં આવે છે તેના પર મજાક ઉડાવવામાં આવે છે. તેમણે પોસ્ટને 'અને હું રિટાયર થઈ ગયો' શબ્દો સાથે પૂર્ણ કરી ત્યાર બાદ લોકો એવો અંદાજો લગાવવા લાગ્યા કે શું તેઓ કરિયરની વાત કરી રહ્યા હતા. પોતાની લેટેસ્ટ પોસ્ટમાં તેમણે બાદમાં સ્પષ્ટતા કરી હતી કે રિટાયરનો અર્થ તેઓ સુવા જઈ રહ્યા હતા તેવો હતો, તેમની કારકિર્દી માંથી રિટાયર થવા માટે નહોતો.

## 'ક્રિકેટના ભગવાન'નો રેકોર્ડ તૂટ્યો: લાંબા સમય સુધી વનડે રમનારા પ્લેયર બન્યા ટેલર

# ઝિમ્બાબ્વેના વિકેટકીપર બ્રેન્ડન ટેલરે સચિન તેંડુલકરને પાછળ છોડ્યા

દુબઇ

ઝિમ્બાબ્વેના વિકેટકીપર બેટ્સમેન બ્રેન્ડન ટેલરે મંગળવારે ભારતના સચિન તેંડુલકરનો રેકોર્ડ તોડ્યો. તેઓ ઓસ્ટ્રેલિયા સામે હરારેમાં પ્રથમ વનડે રમવા ઉતર્યા. આ સાથે તેઓ સૌથી લાંબા સમય સુધી વનડે રમનાર ખેલાડી બની ગયા. ટેલરની વનડે કારકિર્દી હવે 22 વર્ષ 4 મહિનાની થઈ ગઈ છે. તેમણે સચિન તેંડુલકરના 22 વર્ષ અને 3 મહિનાને પાછળ છોડીને આ સિદ્ધિ હાંસલ કરી. ટેલરે કારકિર્દીમાં 207 મેચ રમી. તેમણે આ દરમિયાન 11 સદી અને 39 અડધી સદી સાથે 6704 રન બનાવ્યા. તેમનો સર્વશ્રેષ્ઠ સ્કોર 145 રન રહ્યો. સચિને 2012માં 50 ઓવરના




ફોર્મેટમાંથી નિવૃત્તિ લીધી હતી. તેમણે પોતાની કારકિર્દીમાં 463 વનડે મેચ રમી અને 18426 રન બનાવ્યા. તેઓ હજુ પણ વનડેમાં સૌથી વધુ મેચ રમવા અને સૌથી વધુ રન બનાવનાર ખેલાડી છે.40 વર્ષના ટેલરે 2021માં નિવૃત્તિ લીધી હતી. 2022માં ICCના એન્ટી-કરપ્શન અને એન્ટી-ડોપિંગ કોડ તોડવા બદલ તેમના પર સાડા ત્રણ વર્ષનો પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો. પ્રતિબંધ પૂરો કર્યા પછી, તેઓ 2025માં નિવૃત્તિમાંથી પાછા ફર્યા છે. ટેલર 2004માં ઝિમ્બાબ્વેના સૌથી શાનદાર બેટ્સમેનોમાં સામેલ થયા હતા. તેઓ ઝિમ્બાબ્વે માટે સૌથી વધુ સદી ફટકારનાર ખેલાડી પણ છે.

ભારત-અફઘાનિસ્તાન વચ્ચે બીજી ટી-20 મેચ આજે દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાશે. મુકાબલો સાંજે 7:30 વાગ્યે શરૂ થશે. ત્રણ મેચની સિરીઝમાં ટીમ ઇન્ડિયા 1-0થી આગળ છે. ભારતે પ્રથમ મેચ 7 વિકેટે જીતી હતી. આ મેચમાં ભારતીય ટીમના પ્લેઇંગ-11માં એક બદલાવ નિશ્ચિત છે. મિસ્ટ્રી સ્પિનર વરુણ ચક્રવર્તી સ્નાયુઓમાં ખેંચાણને કારણે સિરીઝમાંથી બહાર થઈ ગયા છે.

## બાબર સાત વર્ષ પછી ઘરેલું ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં પાછો ફરશે

દુબઇ

પાકિસ્તાનના ટેસ્ટ કેપ્ટન બાબર આઝમ સાત વર્ષ પછી ઘરેલુ ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં પાછા ફરશે. તે ચાલી રહેલી પ્રેસિડેન્ટ્સ ટ્રોફી ગ્રેડ-1 ટુર્નામેન્ટમાં OGDCL માટે રમશે. બાબરને OGDCL દ્વારા ગેસ્ટ પ્લેયર તરીકે ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. તેણે લાંબા ફોર્મેટની



લય જાળવી રાખવા માટે PCBને ટીમમાં સામેલ કરવા વિનંતી કરી હતી. બાબરે ડિસેમ્બર 2022 પછી ટેસ્ટ ક્રિકેટમાં સદી ફટકારી નથી. 2023 થી તેની ટેસ્ટ સરેરાશ 30.43 રહી છે, જે તેની કારકિર્દીની સરેરાશ કરતાં 12.55 રન ઓછી છે. આ સમયગાળા દરમિયાન તેણે 39 ઈનિંગ્સમાં માત્ર આઠ અડધી સદી ફટકારી છે. આ સમયગાળામાં તેનો સર્વોચ્ચ સ્કોર 88 રન છે, જે તેણે ગયા મહિને વેસ્ટ ઈન્ડિઝ સામેની બીજી ટેસ્ટમાં બનાવ્યો હતો. ડિસેમ્બર 2022માં બાબરે કરાચીમાં ન્યુઝીલેન્ડ સામે 161 રન બનાવ્યા હતા. આ તેની છેલ્લી ટેસ્ટ સદી છે અને તે મેચ ડ્રો રહી હતી. 2023થી અત્યાર સુધીમાં 39 ટેસ્ટ ઈનિંગ્સમાં બાબરે આઠ અડધી સદી ફટકારી છે. તેમાંથી ચાર અડધી સદી તેની છેલ્લી પાંચ ટેસ્ટમાં આવી છે.

### અમેરિકાના બેન શેલ્ટનને ચાર સેટમાં હરાવ્યો

## ઝ્વેરેવે પ્રથમ વખત યુએસ ઓપનનો ખિતાબ જીત્યો

નવી દિલ્હી

જર્મનીના એલેક્ઝાન્ડર ઝ્વેરેવે પહેલીવાર મેન્સ સિંગલ્સનો US ઓપન ખિતાબ જીત્યો. તેમણે રવિવારે ન્યૂયોર્કના આર્થર એશ સ્ટેડિયમમાં બેન શેલ્ટનને 6-3, 7-6, 5-7, 6-2થી હરાવ્યો. આ આ સિઝનમાં ઝ્વેરેવનો બીજો ગ્રાન્ડ સ્લેમ ખિતાબ છે. આ પહેલા તેમણે ફ્રેન્ચ ઓપનનો ખિતાબ જીત્યો હતો. મેચ પૂરી થયા પછી પણ રમવા તૈયાર હતા ઝ્વેરેવ મેચ પોઈન્ટ પર બેન શેલ્ટનનો શોટ બહાર ગયો, પરંતુ એલેક્ઝાન્ડર ઝ્વેરેવને ખબર ન પડી કે તે જીતી ગયા છે. તેઓ આગલા પોઈન્ટ માટે તૈયાર ઊભા હતા. સ્ટેન્ડમાં દર્શકોની તાળીઓ ગુંજવા લાગી, ત્યારે તેમને સમજાયું કે મુકાબલો પૂરો થઈ ગયો છે. આ પછી તેમણે બંને



હાથ ઉપર ઉઠાવીને દર્શકોનું અભિવાદન કર્યું. ઝ્વેરેવે ફાઈનલની સારી શરૂઆત કરી અને પહેલો સેટ 6-3થી જીતી લીધો. બીજા સેટમાં શેલ્ટને સખત ટક્કર આપી, પરંતુ ઝ્વેરેવે ટાઈબ્રેકર 7-2થી જીતીને 2-0ની લીડ મેળવી લીધી. શેલ્ટને ત્રીજો સેટ 7-5થી જીતીને વાપસી કરવાનો પ્રયાસ કર્યો.

જોકે, ઝ્વેરેવે ચોથા સેટમાં શરૂઆતથી જ દબાણ જાળવી રાખ્યું અને 6-2થી સેટ જીતીને US ઓપનનો ખિતાબ પોતાના નામે કરી લીધો. જર્મનીના એલેક્ઝાન્ડર ઝ્વેરેવે છ વર્ષ પછી યુએસ ઓપનના ફાઈનલમાં સ્થાન બનાવ્યું. શરૂઆતના બે રાઉન્ડમાં પાંચ સેટની મેચો રમવા છતાં તેમણે સેમિફાઈનલ સુધીનો પ્રવાસ ખેડ્યો. સેમિફાઈનલમાં તેમણે કરેન ખાચાનોવને 6-3, 7-6, 7-6થી હરાવ્યા. ઝ્વેરેવ આ પહેલા 2020માં યુએસ ઓપનના ફાઈનલમાં પહોંચ્યા હતા.

## ચીફ કોચ પછી સિલેક્ટરને હટાવવાની તૈયારીમાં પાકિસ્તાન

### આકિબ અને વહાબને હટાવી શકાય છે, ઇંગ્લેન્ડ સામે ટેસ્ટમાં ક્લીન સ્વીપની અસર

ઈસ્લામાબાદ

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ શ્રેણીમાં 0-3થી ક્લીન સ્વીપનો સામનો કર્યા બાદ મોટા ફેરફારો કરવામાં વ્યસ્ત છે. બોર્ડે શ્રેણીની વચ્ચે જ 7 ખેલાડીઓ અને ચીફ કોચ સરફરાઝ અહેમદને હટાવી દીધા છે. હવે સિનિયર સિલેક્ટર આકિબ જાવેદને પણ હટાવવામાં આવી શકે છે. PTI સૂત્રો અનુસાર, બોર્ડના અધ્યક્ષ મોહસિન નકવી ફેરફારો અંગે તેમના સહયોગીઓ અને PCB ગવર્નિંગ બોર્ડના સભ્યો સાથે બેઠક કરશે. બેઠક બાદ પસંદગી સમિતિ અને કોચિંગ સ્ટાફમાં ફેરફાર અંગે અંતિમ નિર્ણય લેવામાં આવશે. મહિલા ટીમના મેન્ટર વહાબ



રિયાઝને પણ કોચિંગ સ્ટાફમાંથી હટાવવામાં આવી શકે છે. વહાબ અંગેનો નિર્ણય જાપાનમાં યોજાનારી એશિયન ગેમ્સ પછી લેવામાં આવી શકે છે. પાકિસ્તાન ક્રિકેટમાં છેલ્લા બે વર્ષમાં ટીમની પસંદગી, કેપ્ટનશીપ અને કોચિંગ સ્ટાફમાં થયેલા ફેરફારોમાં સીનિયર સિલેક્ટર આકિબ જાવેદની ભૂમિકા રહી છે. ઈંગ્લેન્ડ પ્રવાસ પર સિરીઝની વચ્ચે પણ તેમના ઈશારે ફેરફારો થયા હતા. આ બધાને કારણે આકિબ પર સવાલો ઉઠવા લાગ્યા છે. ટીમના ખરાબ પ્રદર્શન બાદ બોર્ડ આ જવાબદારી અન્ય કોઈને સોંપી શકે છે. માઈક હેસન ટેસ્ટ ટીમ સંભાળી શકે છે સરફરાઝ અહેમદને હટાવ્યા બાદ ન્યુઝીલેન્ડના માઈક હેસન પાકિસ્તાની ટેસ્ટ ટીમના કોચ બનવાની રેસમાં આગળ ચાલી રહ્યા છે. તેઓ હાલમાં વનડે અને ટી-20 ટીમના કોચ છે. જોકે, તેઓ રેડ-બોલ ક્રિકેટમાં સુધારા માટે પૂરતો સમય ઈચ્છે છે. તેમણે પોતાના નિર્ણયોમાં બાહ્ય દખલગીરી ન થવાની શરત મૂકી છે, જેને માનવું બોર્ડ માટે સરળ નહીં હોય. વિદેશી કોચ સાથે પણ વાતચીત

સૂત્રો અનુસાર, PCB વહાબ રિયાઝ અને હાલના કોચિંગ સ્ટાફની જગ્યાએ કેટલાક વિદેશી કોચ સાથે પણ વાતચીત કરી રહ્યું છે. બોર્ડ સપોર્ટ સ્ટાફને વધુ વ્યાવસાયિક બનાવવા માટે કામ કરવા માંગે છે. ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન જ બદલાવ શરૂ થઈ ગયા હતા.

PCBએ ઈંગ્લેન્ડ પ્રવાસ પર બીજી ટેસ્ટ હાર્યા પછી સાત ખેલાડીઓને રિલીઝ કર્યા હતા. તેમાં મોહમ્મદ રિઝવાન, ઈમામ-ઉલ-હક, સલમાન અલી આગા, અલી ઉસ્માન, આમિર જમાલ, મુહમ્મદ અવૈસ ઝફર અને ખુર્રમ શહઝાદનો સમાવેશ થતો હતો.




## ગૂગલના ટોચના AI વૈજ્ઞાનિકનું રાજીનામું, આપી ભયાનક ચેતવણી

# માનવ જાતિનો નાશ કરી દેશે AI

મુંબઈ

ગૂગલ ડીપમાઈન્ડના ભૂતપૂર્વ વૈજ્ઞાનિક બિલાલ ચુગતાઈએ ચેતવણી આપી છે કે AI સમગ્ર માનવજાતિનો નાશ કરી શકે છે. તેમણે એમ પણ કહ્યું કે તેને રોકવા માટે બહુ ઓછો સમય બાકી છે. તેમણે રાજીનામું આપ્યા પછી દુનિયાને AIના આ છુપાયેલા ખતરા વિશે ચેતવી છે. આ પહેલા એન્થ્રોપિકના સંશોધક જેકબ કોક્સને પણ રાજીનામું આપી દીધું હતું. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર AIના ખતરા વિશે કહ્યું હતું કે AI બનાવનારા ડેવલપર્સ પોતે માને છે કે 2030 સુધીમાં આ ટેકનોલોજી મનુષ્યો માટે જીવલેણ સાબિત થઈ શકે



છે. નિયંત્રણ ગુમાવવાનો ડર: અત્યાર સુધી આપણે મશીનોને જેવો આદેશ આપીએ છીએ, તેવું જ કામ કરે છે.

પરંતુ આવનારા સમયમાં એવી મશીનો બની જશે જે માણસના મગજ કરતાં પણ વધુ ચાલાક અને સમજદાર હશે. તેને AGI કહેવાય છે. જ્યારે મશીન માણસો કરતાં વધુ બુદ્ધિશાળી બની જશે, ત્યારે તે આપણા આદેશો માનવાનું બંધ કરી શકે છે.

સ્વાયત્ત હથિયારો: આવા ડિજિટલ હથિયારો કે ડ્રોન હશે જેને ચલાવવા માટે કોઈ માણસની જરૂર નહીં પડે. આ મશીનો પોતે જ નક્કી કરશે કે કોના પર હુમલો કરવો કે મારવો.બિલાલ ચુગતાઈ ગૂગલ ડીપમાઈન્ડમાં તે ટીમનો ભાગ હતા, જેનું કામ એ જોવાનું હતું કે AI માણસોના ફાયદા માટે જ કામ કરે, નુકસાન ન પહોંચાડે. તેમણે કહ્યું, 'ગૂગલમાં કામ કરતી વખતે મેં AI ને બનતા અને બદલાતા ખૂબ નજીકથી જોયું છે. આ ટેકનોલોજી જે દિશામાં જઈ રહી છે તે ભયાવહ છે. AI માનવ જાતિનો નાશ કરી શકે છે અને આ ખતરાને ટાળવા માટે બહુ ઓછો સમય છે.'

બિલાલ માને છે કે કંપનીઓ ટૂંક સમયમાં જ માણસો કરતાં પણ વધુ બુદ્ધિશાળી AI બનાવશે. એક સમય એવો આવશે જ્યારે માણસોનો તેમના પરથી સંપૂર્ણ નિયંત્રણ સમાપ્ત થઈ જશે.

4 વર્ષમાં AI સામાન્યથી સીધા હેકિંગ સુધી પહોંચ્યું AI ના બદલાવની ગતિ પર બિલાલે કહ્યું કે 2022 માં જ્યારે તેમણે કામ શરૂ કર્યું હતું, ત્યારે AI સિસ્ટમ્સ ખૂબ જ સામાન્ય હતી. પરંતુ છેલ્લા 4 વર્ષમાં જ વાતાવરણ સંપૂર્ણપણે બદલાઈ ગયું છે.

## 6 વાગ્યે મેઇલ આવ્યો- આજે તમારો છેલ્લો દિવસ

# ઓરેકલે હજારો કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મૂક્યા, સવારે સિસ્ટમ એક્સેસ બંધ

### આ વખતે કર્મચારીઓને તેમની ખરાબ પરફોર્મન્સને કારણે કાઢી મૂકવામાં આવી રહ્યા નથી, પરંતુ કંપની તેની પ્રાથમિકતાઓને બદલી રહી છે.

નવી દિલ્હી

ટેક કંપની ઓરેકલમાં ફરીથી છટણી શરૂ થઈ ગઈ છે. કંપનીએ અમેરિકામાં હજારો કર્મચારીઓને કાઢી મૂક્યા છે. આ નિર્ણય બાદ ભારતમાં સ્થિત ઓરેકલ ડેવલપમેન્ટ સેન્ટરના કર્મચારીઓ વચ્ચે પણ અનિશ્ચિતતાનો માહોલ છે.

કંપની AI અને ક્લાઉડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર રોકાણ વધારી રહી છે, જેના માટે પરંપરાગત વિભાગોમાંથી બજેટ ઘટાડવામાં આવી રહ્યું છે. જોકે, ભારતમાં કેટલા કર્મચારીઓની નોકરી જશે, તે અંગે ઓરેકલે હજુ કોઈ સત્તાવાર માહિતી આપી નથી. ઈમેલ પહેલા VPN અને સ્લેક એક્સેસ બંધ થઈ રહ્યું છે બિઝનેસ ઈનસાઈડરના રિપોર્ટ અનુસાર, કર્મચારીઓને લે-ઓફની સત્તાવાર માહિતી મળે તે પહેલાં




જ સિસ્ટમનો એક્સેસ બંધ કરી દેવામાં આવે છે. છટણીની પ્રક્રિયા હેઠળ કર્મચારીઓનો VPN એક્સેસ બંધ થઈ જાય છે અને તેમના સ્લેક એકાઉન્ટ ડિસ્કનેક્ટ કરી દેવામાં આવે છે. આ પછી સવારે લગભગ 6 વાગ્યા સુધીમાં કર્મચારીઓને ઈમેલ દ્વારા નોકરીમાંથી કાઢી મૂકવાની સૂચના મળે છે. કર્મચારીઓ બોલ્યા- છટણીની રીત ઘણી કડક સવારે 4:00 વાગ્યે: કંપનીના સિસ્ટમમાં કર્મચારીઓનું લોગ-ઈન થવું બંધ. સવારે 5:00 વાગ્યે: મેસેજિંગ એપ 'સ્લેક'માંથી કર્મચારીઓ આપમેળે લોગ-આઉટ. ગેટ પર એન્ટ્રી બંધ: ઓફિસ ગેટ પર એન્ટ્રી કાર્ડ કામ કરવાનું બંધ કર્યું. સવારે 6:00 વાગ્યે: કંપની મેનેજમેન્ટ તરફથી મેઈલ આવ્યો - 'કંપનીમાં ફેરફારોને કારણે તમારી પોસ્ટ સમાપ્ત કરવામાં આવી રહી છે અને આજે તમારો છેલ્લો દિવસ છે.' ઓરેકલે આ વર્ષે તેના કુલ વર્કફોર્સમાંથી લગભગ 13% એટલે કે 21,000 કર્મચારીઓને છૂટા કર્યા છે. 31 મે 2026 સુધીમાં કંપનીમાં કુલ 1.41 લાખ કર્મચારીઓ કામ કરી રહ્યા હતા. 14 સપ્ટેમ્બરે અમેરિકામાં થયેલી છટણી પરથી સ્પષ્ટ થાય છે કે કંપનીનું પુનર્ગઠન ચાલુ છે. આ વિભાગો પર સૌથી વધુ અસર પડી રહી છે આ વખતે કર્મચારીઓને તેમની ખરાબ પરફોર્મન્સને કારણે કાઢી મૂકવામાં આવી રહ્યા નથી, પરંતુ કંપની તેની પ્રાથમિકતાઓને બદલી રહી છે. આ જ કારણ છે કે વર્ષોથી કામ કરી રહેલા અને ઉત્તમ કામ કરનારા કર્મચારીઓને પણ હટાવવામાં આવી રહ્યા છે.

### 10 ગ્રામ સોનાનો ભાવ ₹888 ઘટીને ₹1.51 લાખ

## ચાંદી ₹1,270 ઘટીને ₹2.28 લાખ કિલો પર આવી: આ મહિને ₹10 હજાર સસ્તી થઈ

મુંબઈ

સોના-ચાંદીના ભાવમાં આજે એટલે કે 15 સપ્ટેમ્બરે ઘટાડો થયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, એક કિલો ચાંદીની કિંમત 1,270 રૂપિયા ઘટીને લગભગ 2.28 લાખ રૂપિયા પર આવી ગઈ છે.

10 ગ્રામ 24 કેરેટ સોનાના ભાવ 888 રૂપિયા ઘટીને 1.51 લાખ રૂપિયા પર આવી ગયા છે. જ્યારે 15 દિવસમાં ચાંદી 10 હજાર અને સોનું 5 હજાર સસ્તું થયું છે. 31 ઓગસ્ટે સોનાનો ભાવ લગભગ 1.56 લાખ રૂપિયા અને ચાંદીની કિંમત 2.37 લાખ રૂપિયા હતી. આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. સોનું 2026માં



અત્યાર સુધીમાં 18 હજાર રૂપિયા મોંઘું થઈ ચૂક્યું છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનું 1.33 લાખ રૂપિયા પર હતું, જે હવે 1.51 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે.

જ્યારે, ચાંદી 31 ડિસેમ્બર 2025 ના રોજ 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે લગભગ 2.28 લાખ રૂપિયા પર આવી ગઈ છે. આ સમય દરમિયાન, 29 જાન્યુઆરીએ સોનું 1.76 લાખ રૂપિયા અને ચાંદી 3.86 લાખ રૂપિયા ઓલટાઈમ હાઈ પર પહોંચ્યા હતા.

શું આ ઘટાડો લાંબો ચાલશે?

બજાર નિષ્ણાતોનું માનવું છે કે હાલમાં સોના-ચાંદીના ભાવમાં ઉતાર-ચઢાવ ચાલુ રહી શકે છે:

નિષ્ણાતોના મતે, જ્યાં સુધી અમેરિકી ફેડરલ રિઝર્વની બેઠક પછી વ્યાજ દરો અંગેની સ્થિતિ સંપૂર્ણપણે સ્પષ્ટ ન થાય ત્યાં સુધી કિંમતો પર દબાણ રહી શકે છે.

જોકે, ભૂ-રાજકીય તણાવ અને આર્થિક અનિશ્ચિતતાને કારણે સોનાને ટેકો મળી શકે છે, જેનાથી રોકાણકારો તેને સુરક્ષિત રોકાણ તરીકે ફરીથી પસંદ કરી શકે છે.

## સેન્સેક્સ 778 અંક ઘટીને 74004 પર બંધ

- **નિફ્ટી 280 અંક ઘટીને 23119 પર આવ્યો, ઓટો અને રિયલ્ટી શેર્સમાં વધુ વેચવાલી રહી**

મુંબઈ

શેરબજારમાં આજે એટલે કે 15 સપ્ટેમ્બરે ઘટાડો જોવા મળ્યો. સેન્સેક્સ 778 પોઈન્ટના ઘટાડા સાથે 74,004 પર બંધ થયો. જ્યારે નિફ્ટીમાં પણ 280 પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો, તે 23,119 પર બંધ થયો.

ઓટો, મેટલ, ફાર્મા, રિયલ્ટી અને બેન્કિંગ શેરોમાં વધુ વેચવાલી જોવા મળી. મંગળવારના ટ્રેડિંગ સત્ર દરમિયાન સ્થાનિક શેરબજારોએ શરૂઆતી લાભ ગુમાવ્યા હતા. ક્રૂડ ઓઈલના ઊંચા ભાવને કારણે રોકાણકારોની જોખમ લેવાની વૃત્તિ પર અસર પડી હતી, જેનાથી બેન્ચમાર્ક સૂચકાંકો દબાણ હેઠળ આવ્યા હતા. જોકે, IT શેરોમાં આવેલા ઉછાળાએ બજારના ઘટાડાને અમુક અંશે મર્યાદિત કરવામાં મદદ કરી હતી. બપોરે 3:00 વાગ્યા સુધીમાં, સેન્સેક્સ 592.96 પોઈન્ટ (0.79%) ઘટીને 74,188.80 પર પહોંચ્યો હતો, જ્યારે નિફ્ટી50 217.50 પોઈન્ટ (0.93%) ઘટીને 23,180.60 પર ટ્રેડ કરી રહ્યો હતો. જ્યારે બપોરે 3.30 કલાકે સેન્સેક્સ અને નિફ્ટી બંને લાલ નિશાનમાં બંધ થયા. સેન્સેક્સ 777.94 પોઈન્ટના ઘટાડા સાથે 74,003 અંકે બંધ થયો. જ્યારે નિફ્ટી 279.50 પોઈન્ટના ઘટાડા સાથે 23,118 અંકે બંધ થયો.

### અમદાવાદીઓ, AMCએ તો તમારી ફિરકી લઈ લીધી!

# ચૂંટણીમાં 'વિકાસ'ના વાયદાઓ, પછી 'તમે કોણ ને અમે કોણ??'

## પ્રજા વેરા ભરે ને અધિકારીઓ મલાઈ ખાય, સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે તંત્ર કુંભકર્ણની નિંદ્રામાં!

અમદાવાદ

મેગા સિટી અમદાવાદમાં સામાન્ય વરસાદ પડતાં જ તંત્રની પોલ છતી થઈ જાય છે અને હેરાનગતિનો સમગ્ર બોજ સામાન્ય અમદાવાદીઓના શિરે આવી પડે છે. શહેરમાં ચોમાસાની મોસમ શરૂ થતાં જ 'સ્માર્ટ સિટી'ના મોટા-મોટા દાવાઓ હવામાં ઉડી ગયા છે. ખાસ કરીને માણેકબાગ ચાર રસ્તા (Manekbaug Cross Roads) સહિતના વિભિન્ન વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાતાં વાહનચાલકો અને વેપારીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. આ દ્રશ્યો જોઈને દરેક નાગરિકના મનમાં એક જ સવાલ ઉઠે છે કે શું અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ના સાહેબોએ પ્રજાની ફિરકી લેવાનું નક્કી કરી લીધું છે?

વિકાસના વાયદા અને ચૂંટણી પછી 'તમે કોણ ને અમે કોણ?'

ચૂંટણી આવે ત્યારે મત મેળવવા માટે નગરજનો સમક્ષ 'વિકાસ' અને 'વિશ્વસ્તરીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર'ના મોટા



મોટા ગુલાબી વાયદાઓ આપવામાં આવે છે. પરંતુ એકવાર સત્તા મળી ગયા પછી AMCના અધિકારીઓ અને પદાધિકારીઓ માટે જનતા જાણે અદ્રશ્ય થઈ જાય છે! પ્રજા દર વર્ષે કરોડો રૂપિયાનો પ્રોપર્ટી ટેક્સ અને કમરતોડ વેરા ભરે છે, પરંતુ બદલામાં તેમને મળે છે માત્ર ખાડા, બિસ્માર રસ્તાઓ અને ઘૂંટણસમા ભરાયેલા વરસાદી પાણી.

માણેકબાગ ચાર રસ્તા બન્યા તળાવ: પ્રજા પરેશાન, તંત્ર મૌન

અમદાવાદના અતિ વ્યસ્ત એવા માણેકબાગ ચાર રસ્તા ખાતે થોડાક જ વરસાદમાં જળબંબાકારની દયનીય સ્થિતિ સર્જાય છે. ડ્રેનેજ લાઈનો અને પ્રી-મોન્સૂન કામગીરીના નામે કરોડો રૂપિયાનું આંધણ કર્યા પછી પણ પરિસ્થિતિ જસની તસ છે. રોડ પર પાણી ભરાઈ જવાના કારણે નાના-મોટા વાહનો બંધ પડી રહ્યા છે, ટ્રાફિક જામની વિકટ સમસ્યા સર્જાય છે અને સ્થાનિક રહીશો તેમજ દુકાનદારોના ધંધા-રોજગાર ચોપટ થઈ રહ્યા છે. પરિસ્થિતિ સુધારવા માટે AMCના કમિશનર કે જવાબદાર અધિકારીઓ કેમ આગળ નથી આવતા? શું તંત્રને માત્ર પોતાના બજેટ અને મલાઈથી જ મતલબ રહી ગયો છે?

અધિકારીઓની બેદરકારીથી જનતામાં ઉગ્ર આક્રોશ

AMCના એરકન્ડિશન્ડ બંગલાઓ અને કચેરીઓમાં બેઠેલા અધિકારીઓને રસ્તા પરની આ ગ્રાઉન્ડ રિયાલિટી નજરે નથી ચડતી. વરસાદી પાણીના નિકાલ માટેની ગટર વ્યવસ્થા સંપૂર્ણપણે નિષ્ફળ નિવડી છે. પ્રજા પૂછી રહી છે કે કોર્પોરેશનના ટેન્ડરોમાં જતી પ્રજાના પરસેવાની કમાણી આખરે કોના ખિસ્સામાં જાય છે? પ્રી-મોન્સૂન પ્લાનિંગના નામે દર વર્ષે કાગળ પર જે ગણતરીઓ બતાવવામાં આવે છે, તે રસ્તા પર કેમ પાણીમાં વહી જાય છે?

હવે સવાલો પૂછવાનો સમય પાકી ગયો છે!

સ્થાનિક લોકો અને વાહનચાલકો હવે કંટાળી ચૂક્યા છે. જો માણેકબાગ જેવા મુખ્ય વિસ્તારોની આ હાલત હોય, તો સમગ્ર શહેરની સ્થિતિ કેટલી ગંભીર હશે તે કલ્પના બહાર છે. અમદાવાદીઓ હવે AMCના પોલા વાયદાઓથી થાકી ગયા છે અને આકરા મોડમાં તંત્ર સામે વિરોધ નોંધાવી રહ્યા છે. જો તાત્કાલિક ધોરણે આ પાણીના નિકાલ અને રસ્તાઓની કામગીરી સુધારવામાં નહીં આવે, તો આ જનઆક્રોશ આવનારી ચૂંટણીઓમાં તંત્ર અને શાસકોને ભારે પડી શકે છે.

### સરદાર બ્રિજ પર મસમોટી તિરાડ

## ટાગોર હોલ પાસે જ પુલ પર મોટો ભયાનક ફાટો અને ખુલ્લા વાયરો



અમદાવાદ

મેગા સિટી અમદાવાદની શાન ગણાતા અને શહેરના પૂર્વ-પશ્ચિમ ભાગને જોડતા અતિ મહત્વપૂર્ણ એવા સરદાર બ્રિજ પરથી ભયાનક અને ચોંકાવનારા દ્રશ્યો સામે આવ્યા છે. ટાગોર હોલથી જમાલપુર ફૂલ માર્કેટ તરફ જતા પુલના છેડા પાસે રસ્તા વચ્ચે જ મસમોટી અને લાંબી તિરાડ (ગાબડું) પડી ગઈ છે. એટલું જ નહીં, રસ્તા પરથી ભયાનક રીતે બહાર નીકળેલા અને ખુલ્લા પડેલા વીજળીના વાયરો વાહનચાલકો માટે સાક્ષાત્ કાળ બનીને ઊભા છે. રોજિંદા ધોરણે લાખો લોકો આ બ્રિજ પરથી જીવના જોખમે પસાર થઈ રહ્યા છે, છતાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ના ઈજનેરો અને અધિકારીઓની આંખ ઉઘડતી નથી! સરદાર બ્રિજ એ અમદાવાદ શહેરની ટ્રાફિકની મુખ્ય જીવાદોરી છે. સવારથી સાંજ સુધી અહીં હજારો નાના-મોટા વાહનો, બીઆરટીએસ બસો, એએમટીએસ બસો અને રાહદારીઓની ધમધમાટ અવરજવર રહે છે. તેવામાં ટાગોર હોલ નજીકના આ કાળમુખા છેડા પર પડેલી ગંભીર તિરાડ અને ખુલ્લા વાયરો કોઈપણ ક્ષણે મોટા અકસ્માતને આમંત્રણ આપી રહ્યા છે. ટુ-વ્હીલર ચાલકોના વહીલ આ તિરાડમાં ફસાઈ જવાને કારણે ગાડીઓ સ્લીપ થવાના અને અકસ્માત સર્જાવાના બનાવો બની રહ્યા છે.

સ્થાનિક નગરજનો અને વાહનચાલકો અત્યંત આક્રોશ સાથે સવાલ પૂછી રહ્યા છે કે શું AMCના 'સ્માર્ટ' સાહેબો કોઈ ગંભીર અકસ્માત સર્જાય કે નિર્દોષ લોકોનો જીવ જાય તેની રાહ જોઈ રહ્યા છે? બ્રિજ પરથી ખુલ્લા રહેલા વાયરોમાં રાત્રિના કે ચોમાસાના સમયે કરંટ ઉતરે તો તેની જવાબદારી કોની રહેશે?

### કાયદાના રક્ષક જ બન્યા ભક્ષક!

## મહિલા એડવોકેટ પર કાયદાના દુરુપયોગનો સનસનાટીભર્યો આક્ષેપ

અમદાવાદ

મહિલાઓના સંરક્ષણ અને ન્યાય માટે બનાવવામાં આવેલા કાયદાઓનો ઉપયોગ જ્યારે સ્વાર્થ અને ગેરકાયદે કમાણી માટે થાય, ત્યારે ન્યાયપ્રણાલી સામે પણ ગંભીર સવાલો ઊભા થાય છે. અમદાવાદમાંથી કાયદાના દુરુપયોગનો એક એવો સનસનાટીભર્યો મામલો સામે આવ્યો છે, જેણે સમગ્ર પોલીસ તંત્ર અને કાનૂની વર્તુળોને ચોંકાવી દીધા છે. એક મહિલા એડવોકેટ પર કાયદાની જોગવાઈઓનો દુરુપયોગ કરીને એકસાથે બે-બે પતિઓ પાસેથી ભરણપોષણ (Maintenance)ના નાણાં વસૂલવાનો ગંભીર આક્ષેપ તેમના પૂર્વ પતિ દ્વારા કરવામાં આવ્યો છે.

પીડિત પૂર્વ પતિના જણાવ્યા અનુસાર, કૌટુંબિક અણબનાવ અને મનમેળ ન બેસવાના કારણે તેઓ તેમની પત્નીથી અલગ થઈ ગયા હતા. કોર્ટના આદેશ મુજબ, પતિ ૨૦૦૯થી નિયમિતપણે પોતાની પત્નીને ભરણપોષણની રકમ ચૂકવી રહ્યા હતા. પરંતુ તાજેતરમાં જ પૂર્વ પતિના પગ તળેથી જમીન ખસી ગઈ જ્યારે તેમને ખબર પડી કે તેમની પત્નીએ વર્ષ ૨૦૨૦માં જ અન્ય એક પુરુષ સાથે બીજા લગ્ન કરી લીધા હતા!

ચોંકાવનારી વિગતો મુજબ, મહિલા એડવોકેટે બીજા પતિ સાથે લગ્ન કર્યા બાદ થોડા જ સમયમાં તેમની સાથે પણ મતભેદો ઊભા કર્યા હતા. ત્યારબાદ બીજા પતિથી અલગ થઈને તેમની સામે પણ કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો અને કાનૂની દાવપેચ અજમાવીને બીજા પતિ પાસેથી પણ ભરણપોષણનો આદેશ કરાવી લીધો હતો! આમ, મહિલા પોતે કાયદાકીય જ્ઞાન ધરાવતી હોવાનો ગેરલાભ ઉઠાવીને એક જ સમયે બે અલગ-અલગ પુરુષો પાસેથી ભરણપોષણના નાણાં ઓકાવી રહી હતી. ભારતીય કાયદાકીય જોગવાઈઓ મુજબ, કોઈ પણ મહિલા પુનઃલગ્ન કર્યા બાદ પૂર્વ પતિ પાસેથી ભરણપોષણ મેળવવા માટે હકદાર રહેતી નથી, અને એક સાથે બે પતિઓ પાસે ભરણપોષણ દાવો કરવો એ સીધો ઠગાઈ અને કાયદા સાથેની રમત છે.

### હોસ્પિટલમાં શરમજનક લાપરવાહી

## જે સ્ટ્રેચર પર દર્દીઓને લાવવાના હોય, તેનાથી ફેંકાય છે કચરો..!!

અમદાવાદ

સરકારી તેમજ ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓને નવજીવન આપવાના દાવાઓ કરવામાં આવે છે, પરંતુ જમીની હકીકત કંઈક જુદી જ દર્શાવે છે. તાજેતરમાં હોસ્પિટલ તંત્રની એક એવી શરમજનક અને ઘોર બેદરકારી સામે આવી છે, જેને જોઈને કોઈપણ નાગરિકનો આક્રોશ ફાટી નીકળે. જે સ્ટ્રેચરનો ઉપયોગ અતિ સંવેદનશીલ અને ગંભીર દર્દીઓને હોસ્પિટલના વોર્ડ કે આઈસીયુ સુધી પહોંચાડવા માટે થવો જોઈએ, તે જ સ્ટ્રેચરનો ઉપયોગ કચરો અને એઠવાડ ઊંચકવા માટે થઈ રહ્યો છે! સ્વાસ્થ્ય સેવાઓના ધજાગરા ઉડાવતી આ ઘટનાએ તંત્રની દયનીય માનસિકતા ખુલ્લી પાડી દીધી છે. સૌથી ગંભીર અને ભયાનક બાબત એ છે કે જે સ્ટ્રેચરમાં હોસ્પિટલનો કચરો, ગંદકી કે બાયોમેડિકલ વેસ્ટની હેરફેર કરવામાં આવે છે, તે જ સ્ટ્રેચરને સાફ કર્યા વગર કે યોગ્ય સેનિટાઈઝ કર્યા વિના ફરીથી દર્દીઓ માટે વાપરવામાં આવે છે. આ પ્રકારની ગંભીર આડોડાઈને કારણે સારવાર અર્થે આવેલા નિરોગી કે સામાન્ય દર્દીઓ પણ ભયાનક બેક્ટેરિયા અને ઈન્ફેક્શનનો ભોગ બની શકે છે. શું હોસ્પિટલ તંત્ર દર્દીઓને સાજા કરવા માંગે છે કે પછી નવી બીમારીઓ પીરસવા માંગે છે? તેવો યક્ષ પ્રશ્ન ઊભો થયો છે. તબીબી વિજ્ઞાન મુજબ હોસ્પિટલમાંથી ફેલાતા ચેપને 'હોસ્પિટલ એકવાયર્ડ ઈન્ફેક્શન' (Nosocomial Infection) કહેવામાં આવે છે. કચરો ફેંકવા માટે વપરાતા સ્ટ્રેચર પર જો કોઈ ઈમરજન્સી દર્દી કે ઓપરેશન કરાવેલ વ્યક્તિને સુવડાવવામાં આવે, તો તેના શરીરમાં ગંભીર સંક્રમણ ફેલાઈ શકે છે.




### વડાપ્રધાનના જન્મદિવસની તૈયારીઓ વચ્ચે

## કાંકરિયામાં કૂતરાઓ પર ભયાનક અત્યાચારનો વિડીયો વાયરલ!

અમદાવાદ

વિશ્વપ્રસિદ્ધ કાંકરિયા પરિસરમાં વડાપ્રધાનના આગામી જન્મદિવસની ઉજવણી અને કાર્યક્રમોની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. પરંતુ, આ તૈયારીઓની આડમાં મૂર્ખામીભરી ક્રૂરતા અને અમાનવીયતાનો એક એવો વિડીયો સામે આવ્યો છે જેણે સમગ્ર અમદાવાદ શહેરને શરમમાં મૂકી દીધું છે.

કાંકરિયા વિસ્તારમાંથી રખડતા કૂતરાઓને પકડવાના નામે અમદાવાદ મહાનગરપાલિકા (AMC) અને એનજીઓ 'ગોલ ફાઉન્ડેશન' દ્વારા કરવામાં આવેલી ભયાનક ક્રૂરતા સામે આવતાં સ્થાનિકો અને જીવદયાપ્રેમીઓમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે.



સ્થાનિક રહીશો અને પ્રત્યક્ષદર્શીઓનો સીધો આક્ષેપ છે કે કાંકરિયામાંથી કૂતરાઓને પકડવા આવેલી ટીમે પશુ પ્રત્યેની તમામ સંવેદનાઓ નેવે મૂકી દીધી હતી. કૂતરાઓને અત્યંત નિર્દયતાથી પકડીને ગાડીઓમાં એ રીતે ફેંકવામાં આવતા હતા જાણે તેઓ જીવંત પ્રાણી નહીં પણ પ્લાસ્ટિકનો કચરો હોય! વાયરલ વિડીયોમાં દ્રશ્યમાન થાય છે તેમ, પકડાયેલા બેઝુબાન જાનવરો ઉપર પગ મૂકીને તેમને નિર્દયતાથી દબાવવામાં આવ્યા હતા.

એનજીઓ 'ગોલ ફાઉન્ડેશન' પર પ્રાણીઓ સાથે અમાનવીય વર્તન કરવાનો અને કાયદાના ધજગરા ઉડાડવાનો ગંભીર આરોપ લાગ્યો છે.

ઘટનાનો વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ સ્થાનિકો અને જીવદયાપ્રેમીઓમાં પ્રચંડ રોષ ફેલાયો છે. લોકો આક્રોશપૂર્વક સવાલો પૂછી રહ્યા છે કે, શું ૨૫ વર્ષની સેવાકીય યાત્રાનો સાર્થક અર્થ બેઝુબાન જીવો પર આ પ્રકારનો અત્યાચાર કરવાનો છે?

## 'બાબુ કાલિયા ગેંગ' સામે આકરો ગુજસીટોક (GUJCTOC), વેજલપુર પોલીસનો સપાટો!!

અમદાવાદ

અમદાવાદ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને વધુ મજબૂત કરવા અને અસામાજિક તત્વોનો ખાતમો બોલાવવા માટે પોલીસે આકરા પ્રહારો શરૂ કર્યા છે.

શહેરના પશ્ચિમ વિસ્તારમાં ખોફનો સિલસિલો ચલાવતી અને અનેક ગંભીર ગુનાઓમાં લિપ્ત એવી કુખ્યાત 'બાબુ કાલિયા ગેંગ' પર વેજલપુર પોલીસે આકરો સપાટો બોલાવ્યો છે. હથિયારોની હેરાફેરી, હત્યાની કોશિશ અને નાર્કોટિક્સ જેવા સંગઠિત ગુના આચરતી આ ખતરનાક ટોળકી વિરૂદ્ધ પોલીસે રાજ્યના સૌથી કડક કાયદા 'ગુજસીટોક' (GUJCTOC - ગુજરાત કંટ્રોલ ઓફ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એક્ટ) હેઠળ કાર્યવાહી કરી સમગ્ર ગુનાહિત આકાઓમાં ફફડાટ મચાવી દીધો છે. વેજલપુર પોલીસની ઊંડાણપૂર્વકની તપાસ દરમિયાન આ શાર્પ અને ગુનાહિત માનસિકતા ધરાવતી ટોળકીનો કાળો કરતૂત સામે આવ્યો છે.

### વસ્ત્રાલમાં મિલકત વિવાદમાં ગોળીબાર

## આર્મી જવાનોએ કૌટુંબિક ભાઈ ઉપર કર્યું રિવોલ્વરથી ફાયરિંગ!

અમદાવાદ

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા વસ્ત્રાલમાં તક્ષશિલા સ્કૂલ પાસે ગોળીબારની સનસનાટીભરી ઘટના સામે આવતા સમગ્ર વિસ્તારમાં ધમાસાણ મચી ગયું છે. સગા ભાઈઓ વચ્ચે મિલકતની વહેંચણીને લઈને ચાલી રહેલા વિવાદે એવું ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું કે દેશની સરહદ પર ફરજ બજાવતા આર્મીના જવાનોએ જ પોતાના કૌટુંબિક ભાઈ પર ગોળીઓ ધરબી દીધી! આ ઘટના અંગે રામોલ પોલીસ સ્ટેશનમાં ગંભીર ગુનો નોંધાતાં જ પોલીસે ત્વરિત એક્શન લઈને બે આરોપીઓની ધરપકડ કરી લીધી છે.

ઘટનાની મળતી વિગતો મુજબ, પ્રમોદ પ્રજાપતિ, પવન પ્રજાપતિ અને તેમના નાના ભાઈ આશિષ પ્રજાપતિ વચ્ચે વડીલોપાર્જિત મિલકતનો મોટો વિવાદ ચાલી રહ્યો હતો. આશિષ પ્રજાપતિએ પરિવારના બે મકાનો પોતાના નામે કરાવી લીધા હતા. આ મિલકતમાં પ્રમોદ અને પવન પ્રજાપતિ પોતપોતાનો 33-33 ટકા હિસ્સો માગી રહ્યા હતા. આ મામલે લાંબા સમયથી ચાલી રહેલી તંગદિલીનો ઉકેલ લાવવા માટે ભાઈઓ વચ્ચે સમાધાનની બેઠક યોજાઈ હતી.

સમાધાનની આ બેઠક દરમિયાન આશિષ પ્રજાપતિએ પોતાના કૌટુંબિક ભાઈ રાજેશ પ્રજાપતિને (ઉર્ફે રાજેન્દ્ર પ્રજાપતિ) પણ સાથે રાખ્યો હતો. ચર્ચા દરમિયાન વાતચીત બગડી હતી અને ભાઈઓ વચ્ચે ઉગ્ર ઝઘડો શરૂ થઈ ગયો હતો. આવેશમાં આવીને ભારતીય સેના (આર્મી)માં ફરજ બજાવતા પ્રમોદ પ્રજાપતિએ પોતાની લાયસન્સવાળી રિવોલ્વર કાઢીને સરેઆમ બે રાઉન્ડ ધડાધડ ફાયરિંગ કરી દીધું હતું! આ ગોળીબારમાં રાજેશ પ્રજાપતિને ગંભીર ઈજાઓ પહોંચતાં તેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. સરેઆમ ગોળીબારની ઘટનાની જાણ થતાં જ રામોલ પોલીસ મથકનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. રામોલ પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને ગુનામાં સંડોવાયેલા બે સગા ભાઈઓ પ્રમોદ પ્રજાપતિ અને પવન પ્રજાપતિની અટકાયત કરી લીધી છે. પોલીસે આ ગુનામાં વપરાયેલું લાયસન્સવાળું હથિયાર પણ કબજે કર્યું છે.

# સંક્ષીપ્ત સમાચાર

## દહેજ અને નશાખોર પતિના ત્રાસથી કંટાળી રિવરફ્રન્ટ પર આત્મહત્યા કરવા પહોંચેલી મહિલાને અભયમે બચાવી

ત્રણ વર્ષ પહેલાં પરિવારની ઈચ્છા વિરુદ્ધ લગ્ન કરનાર બે દીકરીઓની માતા સાસરિયાઓની દહેજની માંગણી અને નશાખોર પતિના ત્રાસથી કંટાળી રિવરફ્રન્ટ પર આત્મહત્યા કરવા પહોંચી હતી. ત્રાહિત વ્યક્તિના કોલના આધારે અભયમ ટીમ રિવરફ્રન્ટ પર પહોંચી મહિલાને સમજાવી આત્મહત્યા કરતા અટકાવી હતી. અભયમ ટીમે મહિલાનું કાઉન્સેલિંગ કરતા તેણે સાસરિયાઓ અને નશાખોર પતિના ત્રાસથી કંટાળીને બે દીકરીઓને ઘરે મૂકી આત્મહત્યા કરવા આવી હોવાનું જણાવ્યું હતું. અભયમ ટીમે આત્મહત્યા કોઈ ઉકેલ નથી તેમ સમજાવી મહિલાને હિંમત આપી હતી. મહિલાએ પતિને જાણ ન થાય તેવી સુરક્ષિત જગ્યાએ રહેવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

## હેલ્મેટધારી બે ચેઇન સ્નેચરોએ વૃદ્ધાના ગળામાંથી 1.20 લાખની સોનાની કંઠી ઝૂંટવી

બોપલ તળાવ પાસે શિવમંદિરે દર્શન કરી રાજકોટથી ઘુમા આવેલ અને ભાભી સાથે ઘરે પરત ફરી રહેલી 70 વર્ષીય નિવૃત્ત શિક્ષિકાના ગળામાંથી બાઈક પર હેલ્મેટ પહેરી આવેલા બે શખ્સો સોનાની કંઠી ઝૂંટવી ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે વૃદ્ધાએ પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે. ફરિયાદ મુજબ રાજકોટના કીડવાઈનગરમાં રહેતા વિધવા નિવૃત શિક્ષિકા 70 વર્ષીય જયશ્રીબેન પંડ્યા ઘુમા ભાભીને ઘેર આવેલ. તા.11 સપ્ટેમ્બરની સાંજે ભાભી મિતાબેન સાથે બોપલ તળાવ પાસે આવેલા શિવમંદિરે દર્શન કરવા ગયા હતા. દર્શન કર્યા બાદ બંને સાંઈ ગ્રીન વેલી-1થી ડીપીએસ ફાટક તરફ પગપાળા ઘરે પરત જઈ રહ્યા હતા. દરમિયાન રાત્રે સવા આઠની આસપાસ ઘુમા સોસાયટીના ગેટ નંબર 11 પાસે સામેની બાજુથી બાઈક પર બે શખ્સો આવ્યા હતા.બંને શખ્સોએ હેલ્મેટ પહેરેલા હતા.

## નોકરી ગુમાવતાં ડિપ્રેશનમાં આવેલા યુવકનો કાળજું કંપાવનાર આપઘાત: પોલીસે આશરો આપ્યો

અમદાવાદ શહેરમાંથી એક અત્યંત કરુણ અને માનસિક તણાવની ગંભીરતા છતી કરતી ચોંકાવનારી ઘટના સામે આવી છે. નોકરીમાંથી કાઢી મુકાતાં ભારે આર્થિક અને માનસિક તણાવમાં સરકી ગયેલા રાજુ નામના યુવકે પોલીસ સ્ટેશન પરિસરમાં જ આત્મહત્યા કરી લેતાં સમગ્ર વિસ્તાર અને પોલીસ બેડામાં અરેરાટી છવાઈ ગઈ છે. મળતી માહિતી મુજબ, રાજુ નામનો યુવક અમદાવાદમાં રહીને નોકરી કરતો હતો. પરંતુ કોઈ કારણોસર તેને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યો હતો. નોકરી જતી રહેતાં અને આજીવિકાનું સાધન છીનવાઈ જતાં યુવક ભારે આર્થિક સંકટમાં મુકાયો હતો. પરિવાર અને ભવિષ્યની ચિંતામાં રાજુ ઊંડા ડિપ્રેશનમાં સરી પડ્યો હતો. માનસિક રીતે ભાંગી પડેલા અને આશરાવિહોણા બનેલા રાજુને અમદાવાદ પોલીસે મદદનો હાથ લંબાવ્યો હતો.

## ઈસનપુર-ઘોડાસર બ્રિજ નજીકથી રૂ.14.64 લાખના મુદ્દામાલ સાથે દારૂની મોટી ખેપ ઝડપાઈ!

ડ્રાય સ્ટેટ ગુજરાતના પૃષ્ઠભૂમિ પર અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચે બુટલેગરો સામે વધુ એક આકરો અને કડક સપાટો બોલાવ્યો છે. અમદાવાદના ઈસનપુર-ઘોડાસર બ્રિજ નજીકથી પસાર થઈ રહેલી એક શંકાસ્પદ કારને આંતરીને ક્રાઈમ બ્રાન્ચની ટીમે દારૂ અને બિયરનો અતિ મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસને ચકમો આપવા માટે અલગ-અલગ ૪ બોગસ નંબર પ્લેટોનો ઉપયોગ કરનારા રાજસ્થાન અને અમદાવાદના બે માથાભારે શખ્સોને પોલીસે ઘટનાસ્થળેથી જ કાયદાના શિકંજામાં લઈ લીધા છે. ક્રાઈમ બ્રાન્ચને મળેલી ચોક્કસ અને ગુપ્ત બાતમીના આધારે ઈસનપુર ઘોડાસર બ્રિજ પાસે વોચ ગોઠવવામાં આવી હતી. આ દરમિયાન શંકાસ્પદ હાલતમાં આવતી કારને રોકીને તલાશી લેતાં અંદરથી દારૂ તેમજ બિયરની કુલ ૧૮૧૨ નંગ બોટલોનો મસમોટો જથ્થો મળી આવ્યો હતો.

## વાડજમાં 11 લાખના સોનાના પાટલાની હાઈપ્રોફાઈલ ચોરી: રાજસ્થાની મજૂર ઝડપાયો

અમદાવાદ શહેરના વાડજ વિસ્તારમાં આવેલા ઉસ્માનપુરા-જૂના વાડજ રોડ પર ચોરીની એક એવી સનસનાટીભરી ઘટના સામે આવી છે, જેણે સ્થાનિકો સહિત પોલીસ તંત્રને પણ વિચારતા કરી મૂક્યા છે. ઘરમાં રાખેલા કબાટમાંથી 11 લાખ રૂપિયાની કિંમતના આશરે 123 ગ્રામ સોનાના પાટલા તસ્કરો તફડાવી ગયા હતા. જોકે, વાડજ પોલીસે ત્વરિત તપાસ હાથ ધરીને મૂળ રાજસ્થાનના આરોપીને સોનાના પાટલા સાથે ઝડપી પાડ્યો છે. પરંતુ આ ચોરીના કેસમાં હવે એવા ચોંકાવનારા સવાલો ઊભા થયા છે, જેણે આખી ઘટનામાં કોઈ 'ઘરના ભેદી'ની સંડોવણી હોવાની આશંકા બળવત્તર બનાવી છે. ઘટનાની વિગતો મુજબ, ગત 30 ઓગસ્ટે પરિવારજનોએ પોતાના કબાટમાં સુરક્ષિત રીતે આશરે 123 ગ્રામ સોનાના પાટલા મૂક્યા હતા.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI